અહિંસા અને અપરિગ્રહ

હિંદી લેખક : શ્રી નીરજ જૈન, સતના
અનુવાદક : ક્ષુલ્લક શ્રી ચિત્તસાગરજી

પરમાર્થ પ્રભાવક ટ્રસ્ટ
અમદાવાદ

* ॐ *

અહિંસા અને અપરિગ્રહ

પરમાર્થ પ્રભાવક ગ્રન્થમાળાનું
* તૃતીય પુષ્પ *

હિંદી લેખક : શ્રી નીરજ જૈન, સતના
અનુવાદક : ક્ષુલ્લક ચિત્તસાગરજી

ગ્રન્થમાળા સંપાદક
પ્રકાશ શાહ, કોબા

પ્રકાશક :
પરમાર્થ પ્રભાવક ટ્રસ્ટ
૧, શ્રીમદ્ એપાર્ટમેન્ટ,
ઉસ્માનપુરા, અમદાવાદ-૧૩

અર્થસૌજન્ય અને પ્રકાશક :
પ્રવિણભાઈ પૂનમચંદ દેસાઈ
મે. ટ્રસ્ટી, પરમાર્થ પ્રભાવક ટ્રસ્ટ
૧, શ્રીમદ્ એપાર્ટમેન્ટ,
ઉસ્માનપુરા, અમદાવાદ-૧૩
ફોન :૪૪૫૧૧૮

પ્રાપ્તિસ્થાન :
શ્રીમદ્ રાજચન્દ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
કોબા-૩૮૨૦૦૯, જિ. ગાંધીનગર, ફોન : (૦૨૭૧૨) ૭૬૨૧૯

પ્રથમાવૃત્તિ, ઈ. સ. ૧૯૯૫, વિ. સં. ૨૦૫૧
પ્રત :૬૦૦

Cost Price : Rs. 10.00
Sale Price : Rs. 5.00

ટાઈપસેટિંગ :
શારદા મુદ્રણાલય
ગાંધી માર્ગ, જુમ્મા મસ્જિદ સામે,
અમદાવાદ-૩૮૦૦૦૧

મુદ્રક :
ભગવતી ઑફસેટ
૧૫/સી, બંસીધર એસ્ટેટ,
બારડોલપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૪

અનુવાદકના બે બોલ

શ્રી નીરજ જૈન કોબાથી ગાંધીનગર આવેલા. અહીં આ. વાસુપૂજ્ય, બે આર્યિકામાતાજી ને મારું ચાર્તુમાસ ચાલતું હતું. નીરજજીએ તેમનું સદ્યપ્રકાશિત પુસ્તક 'અહિંસા અને અપરિગ્રહ' મને સ્વાધ્યાયાર્થ ભેટ આપ્યું. મેં તરત જ વાંચી લીધું. ફરી પણ વાંચ્યું ને ભાવ થયો કે ચાલુ સમયમાં જ્યાં અપરિગ્રહના નામે ચોકડી મુકાઈ રહી છે અને અહિંસાની ખુદ અહિંસાની જય બોલનારાઓ દ્વારા ઠેકડી થઈ રહી છે તેવા સમયે અહિંસા અને અપરિગ્રહની અનિવાર્યતા અને અનહદ આવશ્યકતા દર્શાવતી, ઠસાવતી આ નાનકડી પુસ્તિકાનું વાંચન, મનન અને પ્રસરણ સૌ માટે ઉપયોગી થઈ પડે તેવો સંભવ છે. હવે તો સૌ હિંદી જાણે/વાંચે છે/સમજી શકે છે પણ જેની માતૃભાષા જ ગુજરાતી છે ને જેને વાંચવાનો મહાવરો નથી, ટેવ નથી તેવા જિજ્ઞાસુ જીવોને ગુજરાતી ભાષા જોઈને જ ન ઈચ્છા છતાં વાંચવાનું દિલ થઈ આવે તે સ્વાભાવિક છે. એવા વિચારે આનો અનુવાદ કર્યો છે અને જે કોઈ તેને આદ્યંત વાંચશે તેને આમાંથી સ્વોપયોગી કંઈ ને કંઈ તથ્ય અને ભાથું મળ્યા વિના રહેશે નહિ.

જૈન ધર્મમાં ત્રણ 'અ'નું ઘણું મહત્ત્વ છે : અહિંસા, અપરિગ્રહ અને અનેકાંત. તે પૈકી છેલ્લાને છોડી પહેલા 'અ' ઉપર સાંપ્રત સમયમાં જરૂરી પાથેય આ પુસ્તકમાં મળી રહે તેવા સંયોગો છે. અનેકાંત એ વિશિષ્ટ વિષય છે. ન્યાયને જાણવાની ઈચ્છાવાળાઓ માટે તે ઉપયોગી છે. સામાન્ય જનતા માટે એ વિષય ખાસ લાભદાયી નથી એટલે જે આરોગવા જેવું છે તેવું પા- તો શ્રી નીરજજીએ આપણા સૌ માટે પીરસી દીધું છે ને મને આશા ને વિશ્વાસ છે કે સૌ તેને ભાવથી ને ચાવથી આરોગશે જ.

આજે હિંસાનું તાંડવનૃત્ય ચાલી રહ્યું છે. પરિગ્રહે સંગ્રહના ઢગલા કરવાની હરીફાઈ યોજી છે તેવા સમયે આ બંનેના ભાવિનાં કારમાં ને અનિષ્ટ પરિણામો પણ સૌ જાણી લે તે વાત સૌના હિતની છે તે દૃષ્ટિએ પણ આ પ્રકાશન આવકાર્ય બનશે જ.

પ્રકાશનમાં અર્થસૌજન્ય માટે પરમાર્થ પ્રભાવક ટ્રસ્ટ, અમદાવાદને મારા આશીર્વાદ છે, મુદ્રણકારને પણ સાથે સાથે.

ક્ષુલ્લક ચિત્તસાગરજી

પ્રકાશકીય

આદરણીય વિદ્વદ્રત્ન શ્રી નીરજ જૈન દ્વારા હિન્દીમાં લિખિત અને પૂ. ક્ષુ. શ્રી ચિત્તસાગરજી દ્વારા ગુજરાતીમાં અનુદિત પ્રસ્તુત પુસ્તકને ટ્રસ્ટના માધ્યમથી ગુજરાતી વાચકવર્ગ સમક્ષ મૂકતાં આનંદની લાગણી થાય છે. ગુજરાતી સમાજને અહિંસા તથા અપરિગ્રહની વાત દ્દષ્ટાંત-દલીલો દ્વારા અતિ સરળ શૈલીમાં સમજાવવાનો લેખકશ્રીએ પ્રયત્ન કર્યો છે, જેથી ભગવાન મહાવીરની અહિંસા/અપરિગ્રહ આત્મસાત્ થઈ શકે.

ઈ. સ. ૧૯૯૨ના ગુરુપૂર્ણિમાના પવિત્ર દિને શ્રદ્ધેય સંત શ્રી આત્માનંદજીની પ્રેરણાના પરિપાકરૂપે 'પરમાર્થપ્રભાવક ટ્રસ્ટ'નો ઉદય થયો હતો. આ ટ્રસ્ટના અનેકવિધ ઉદ્દેશો પૈકી એક ઉદ્દેશ પરમાર્થશ્રુતના પ્રકાશનનો છે.

આ ટ્રસ્ટની ગ્રન્થમાળાના પ્રથમ તથા દ્વિતીય પુષ્પ તરીકે શ્રીમદ્ રાજચન્દ્ર પ્રણીત 'વચનામૃતશતક : ૧' તથા 'વચનામૃત શતક : ૨નું પ્રકાશન થયેલ છે. પ્રસ્તુત પુસ્તક એના તૃતીય પુષ્પ તરીકે પ્રકાશિત થઈ રહેલ છે.

આ પુસ્તિકાના મૂળ લેખક બહુમુખી પ્રતિભાધારી આદરણીય શ્રી નીરજ જૈન (સતના)નો, અનુવાદક ત્યાગી-વિદ્વાન પૂ. ક્ષુ. શ્રી ચિત્તસાગરજીનો અમો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. પ્રૂફરીડિંગના કાર્યમાં સહાય કરવા બદલ શ્રી બાબુલાલ સિદ્ધસેન જૈનનો તથા કમ્પ્યૂટર-કમ્પોઝીંગ વગેરેનું કાર્ય સુંદર રીતે કરી આપવા બદલ શારદા મુદ્રણાલયના શ્રી રોહિતભાઈ કોઠારીનો આભાર સુવ્યક્ત કરીએ છીએ.

અંતમાં, વીતરાગી પુરુષોએ પ્રકાશેલા શુદ્ધાત્મ-માર્ગને આપણે સૌ આત્મસાત્ કરી આત્મશ્રેય સાધીએ તેવી શુભ-ભાવના સહિત સકલ વિશ્વનું આત્મહિત ઈચ્છું છું.

પર્યુષણ પર્વ, વિ. સં. ૨૦૫૧ — પ્રકાશ ડી. શાહ (ગ્રન્થમાળા-સંપાદક)
તા. ૩-૯-૧૯૯૫ — પ્રવીણભાઈ દેસાઈ (મેનેજિંગ ટ્રસ્ટી)

પ્રસ્તાવના

આજે સામાન્ય માનવના જીવનમાંથી શાંતિનો અભાવ થતો રહ્યો છે. જીવનના સંઘર્ષ દિન-પ્રતિદિન વધતા જાય છે. એવું સ્પષ્ટ જણાય છે કે આપણી બધી જ દોડાદોડ ભૌતિક સમૃદ્ધિને માટે જ સમર્પિત બની ગઈ છે.

વિષ્ણુ પ્રભાકરે એક જગ્યાએ લખ્યું છે કે : ''આજે દેશમાં ધન-વૈભવનાં મૂલ્ય વધી ગયાં છે અને નૈતિકતાનાં મૂલ્ય શૂન્ય બની ગયાં છે. ગરીબાઈની ગરિમા, સાદગીનું સૌન્દર્ય, સંઘર્ષનો હર્ષ, સમતાનો સ્વાદ અને આસ્થાનો આનંદ, આ સઘળાં અમારા આચરણમાંથી ઋતુવશાત્ વૃક્ષનાં પાનની જેમ ખરી પડ્યાં છે.'' આજ સમાજની બધી અશાંતિ, બધા ક્લેશ આ વૈચારિક પાનખરનું પરિણામ છે.

આવા સમયે નૈતિક અને ધાર્મિક વિચારો જ માનવ માટે માર્ગદર્શક બની શકે છે. સ્વની ઓળખ અને સ્વલક્ષનો સંકલ્પ જ તેના આચરણમાં માનવતાની સુગંધનો સંચાર કરી શકે છે. વિશ્વવ્યવસ્થાનાં રહસ્યોનું પરિજ્ઞાન જ તેના માટે આત્મ-અવલોકનનો માર્ગ પ્રશસ્ત કરી શકે છે.

જો એક વાર પૂર્વાગ્રહ છોડીને સંસારની વર્તમાન દશાને સમજી લેવાય તો મનના ઘણા તનાવ (ખેંચ) સ્વતઃ વિસર્જિત થઈ જાય. સૃષ્ટિની રહસ્યાત્મકતા પરથી પડદો ઊઠતાં જ મનમાં પથરાયેલ અવિદ્યાનો અંધકાર તિરોહિત થવા લાગે છે. વિશ્વવ્યવસ્થાની કેટલીક અનુભવગમ્ય વ્યાખ્યાઓ આગળનાં પાનાંમાં પ્રસ્તુત કરાઈ છે.

જે લોકો જીવનને કોઈ નિશ્ચિત ધ્યેય વિના જીવવા માગે છે; તે પોતાના માટે તો તે જીવન અર્થહીન બનાવે છે પણ સાથે સમાજને પણ અનેક હાનિકારક પરંપરાઓની થાપણો સોંપતા જાય છે. આ જીવન સૃષ્ટિનું સર્વોત્કૃષ્ટ વરદાન છે, તેને નિરર્થક વેડફી દેવું ન જોઈએ. સ્વહિત અને પરહિત માટે ઉદ્દેશપૂર્ણ અને સાર્થક બનાવી જીવવું જોઈએ. આ જ વાત આ પુસ્તિકામાં મારું મુખ્ય કથ્ય છે. ''સૌમ્ય, શાંત અને તનાવરહિત જીવન અમારો જન્મસિદ્ધ અધિકાર છે'' આ ઘોષણાનું સમર્થન કરવું તે મારું મંતવ્ય છે/કામના છે.

૧૯૮૭માં કુંભમેળાના અવસરે લગભગ ચાર સપ્તાહ સુધી સ્વ. માધવપ્રસાદજી બિરલાની સાથે આનંદકાનનમાં રહેવાનો મને અવસર મળેલો. દરરોજ બે વાર ત્યાં ધર્મચર્ચા ચાલતી હતી. અનેક ગણ્ય-માન્ય અતિથિઓ આ સમયમાં ત્યાં આવેલા. અનેક મનીષી વિદ્વાનોનો સત્સંગ પણ પ્રાપ્ત થયો. શ્રીમતી પ્રિયંવદાજી બિરલા સ્વયં એક આસ્થાવાન અને પ્રબુદ્ધ મહિલા છે, જે નિરાગ્રહી મનથી તેમણે આ ગોષ્ઠિ માટે પ્રસંગ રજૂ કર્યા, તેવી જ રીતે તે

બધાનાં અનાગ્રહપૂર્વકનાં સમાધાન પણ રજૂ થયાં.

આનંદકાનનની તે ચર્ચાઓમાંથી પાંચ-અણુવ્રતો પર આ એક નાનકડો આલેખ તૈયાર કર્યો છે, તેને મેં મારા બીજા પુસ્તક 'માનવતાની ધુરી'માં સમાવ્યો છે. થોડા જ કાળમાં એ પુસ્તકની ત્રણ આવૃત્તિ પ્રગટ થઈ ચૂકી છે, છતાં તેની માગ બરાબર ચાલુ રહી છે. આ ગ્રંથમાં અહિંસા અને અપરિગ્રહનો વિશેષરૂપે વિચાર કરાયો છે. મારું માનવું છે કે આજે આ ચમકદમકના યુગમાં ધનલિપ્સા જ સમસ્ત પાપોને અમારા જીવનમાં આમંત્રિત કરી રહી છે અને તેને આશ્રય પણ આપી રહી છે, માત્ર સામાજિક સ્તરે નહિ, રાષ્ટ્રિય કક્ષાએ, અરે ! વિશ્વસ્તરે પણ પૂરી માનવતા લિપ્સાના ચક્રવ્યુહમાં ફસાઈ ગઈ છે. ધનાર્જન માટે આજનો માનવ સ્વવિવેક પણ ખોઈ બેઠો છે ને તે માટે ગમે તેવી હિંસા, ગમે તેવું જૂઠ પણ તે વ્યવહારમાં લાવી રહેલ છે અને સર્વત્ર શીલશૂન્ય વ્યવહાર કરવામાં જરાયે પાછી પાની કરતો નથી.

પરિગ્રહ-વાસનાનો અતિરેક આપણા દૈનિક વ્યવહાર-આચરણનેયે દૂષિત કરી રહેલ છે. આપણાં ખાનપાનમાં આધુનિકતાને નામે ન જાણે કેવાં કેવાં અભક્ષ્યો પ્રવેશ પામી રહેલ છે. ઈંડાં, દારૂ માંસ જેવા વર્જિત પદાર્થોનો પ્રચાર તીવ્રગતિથી વધી રહેલ છે. આ અમર્યાદિત આચરણનો વિષાક્ત પ્રભાવ, હિંસા, લૂંટફાટ, બલાત્કાર, અપહરણ, કપટ, અને આતંકવાદના રૂપમાં માનવતાની મજાક કરી રહેલ છે. આવા વિષમ સમયમાં અહિંસા અને અપરિગ્રહ જ સમાજને માર્ગદર્શન કરી શકે તેમ છે. આ જ્વલંત સામાજિક સમસ્યાઓનું સમાધાન આત્મ-નિગ્રહ સિવાય બીજે ક્યાંયે નથી. આ ગ્રંથમાં આ જ વાત કેન્દ્ર-બિંદુરૂપ છે.

આ પુસ્તકની વાતથી બેચાર વ્યક્તિઓના જીવનમાં પણ કંઈ પરિમાર્જન આવશે તો મારો પ્રયાસ સાર્થક ગણાશે.

અમારા હિન્દી પુસ્તકને ગુજરાતી વાચકો માટે ઉપયોગી જાણી તેનો ગુજરાતી તરજુમો ગુજરાતના ત્યાગી-વિદ્વાન પૂ. ક્ષુ. ચિત્તસાગરજીએ કર્યો અને શ્રી પ્રવીણભાઈ પી. દેસાઈના પરમાર્થ પ્રભાવક ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા તે પ્રકાશિત થઈ રહ્યો છે, તે અતિ આનંદની વાત છે. અનુવાદકને પ્રણામ તથા પ્રકાશકને હૃદયપૂર્વક ધન્યવાદ.

શાંતિસદન, સતના, (મ.પ્રદેશ) — નીરજ જૈન
શ્રાવણ શુક્લા સપ્તમી – ૧૯૯૨
ટે. નં. ૨૨૦૯૦

અહિંસા અને અપરિગ્રહ

અહિંસા માનસિક પવિત્રતાનું નામ છે. તેના વ્યાપક ક્ષેત્રમાં સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ વગેરે સર્વ સદ્દગુણો સમાઈ જાય છે. તેથી અહિંસાને પરમધર્મ કહે છે. સંસારમાં જલ, થલ અને આકાશ સર્વત્ર સૂક્ષ્મ જીવો ઠસોઠસ ભરેલા છે તેથી બાહ્ય આચરણમાં પૂર્ણ અહિંસક બની રહેવું સંભવ નથી. પરંતુ જો અંતરંગમાં ક્ષમતા છે અને બહારની પ્રવૃત્તિઓ પ્રમાદરહિત અને યત્નાચારપૂર્વક નિયંત્રિત કરી લેવાય તો બાહ્યમાં સૂક્ષ્મ જીવોના ઘાત થવા છતાં પણ, સાધક પોતાની આંતરિક પવિત્રતાના બળે અહિંસક બની રહે છે.

અહિંસાનું ક્ષેત્ર એટલું સંકુચિત નથી જેટલું જગતમાં તે મનાય છે. અહિંસાનું આચરણ બહાર અને અંદર બન્ને તરફ થઈ શકે છે. અંતરંગમાં ચિત્તનું સ્થિર રહેવું તેનું નામ અહિંસા છે. જીવનું પોતાના સામ્યભાવમાં સંલગ્ન રહેવું તે પણ અહિંસા છે. ક્રોધ, માન, માયા અને લોભથી રહિત, પવિત્ર વિચાર અને પાવન સંકલ્પ જ અહિંસા છે. અંતરંગમાં આવી આંશિક સામ્યતા લાવ્યા વિના અહિંસાની કલ્પના કરી ન શકાય.

અહિંસા માત્ર એક વ્રત નથી. અહિંસા એક વિચાર છે, એક સમગ્ર ચિંતન છે. અહિંસા કોઈ મંદિરમાં યા કોઈ તીર્થ પર જઈને સવાર-સાંજ સંપન્ન કરાય

તેવું કોઈ અનુષ્ઠાન નથી. તે તો આઠે પ્રહર ચરિતાર્થ કરવા જેવું એક સંપૂર્ણ જીવન-દર્શન છે. તે સંસારના બધા જ ધર્મોનું મૂળ છે. માનવતાની પરિભાષા જો એક જ શબ્દમાં કરવી હોય તો અહિંસાથી શ્રેષ્ઠ બીજો કોઈ શબ્દ નથી કે જે એની ગરિમાનું રક્ષણ કરી શકે.

અહિંસા ઉપર પ્રાયઃ એક આરોપ લગાવાય છે કે તે એક નકારાત્મક વિચાર છે અને ગૃહસ્થજીવનમાં વ્યવહાર્ય નથી, પરંતુ અહિંસા ઉપર જે અધ્યયન થયું છે અને સમાજમાં અહિંસક જીવનનાં જે થોડાં ઉદાહરણો નજરે ચઢ્યાં છે, તેના આધારે આ બંને આક્ષેપો નિરાધાર સિદ્ધ થાય છે.

અરે ! સંતો, મુનિઓ અને આચાર્યોની વાતો છોડી દો તોય બીજાં અનેક ઉદાહરણો આપણી આગળ મોજૂદ છે. મહાત્મા ગાંધીએ અહિંસાનો સકારાત્મક પ્રયોગ કરીને રક્ત-હીન ક્રાંતિના સહારે, આપણા ભારતને સ્વાધીન કરવાનું અનોખું કામ હમણાં જ આપણી સમક્ષ સંપન્ન કરાયું છે. આમ બીજા અનેક મહાપુરુષોએ હિંસારહિત જીવન જીવીને અહિંસા અવ્યવહારિક નથી તેવું ચરિતાર્થ કરી દીધું છે. આમ અહિંસા પૂર્ણતઃ વ્યવહારિક જીવન-પદ્ધતિ છે. તે એક નિષ્પાપ, સંતુષ્ટ અને અખંડ જીવન જીવવાની અનોખી કલા છે. અહિંસામાં એટલું અને એવું સામર્થ્ય છે કે તે વિકારથી સંતપ્ત ચિત્તમાં સમતા અને શાંતિનાં પુષ્પ ખીલવી શકે છે.

અહિંસા નિર્મલ ચેતનાથી અનુશાસિત, વિધાયક અને વ્યવહારુ જીવનવિધાન છે. તે માનવ-સમાજની સર્વથી મોટી મૂડી છે. મનુષ્યતાની મજબૂત ધરી છે. જૈનાચાર્યોએ અહિંસાને પરમ ધર્મ અને હિંસાને સૌથી મોટું પાપ માનેલ છે. એમણે સ્થાપિત કર્યું છે કે જૂઠ, ચોરી અને કુશીલ તથા પરિગ્રહ વગેરે સઘળાં પાપ હિંસાનાં જ જૂજવાં રૂપ છે. એટલે એમણે અહિંસાને સાધ્ય અને સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ વગેરે શેષ વ્રતોને તેનાં સાધન માનેલ છે. વળી તેમણે અહિંસાને નિશ્ચય અહિંસા અને બાહ્ય આચરણમાં પળાતી અહિંસાને વ્યવહાર-અહિંસા ગણી છે/કહી છે. આમ જૈન સિદ્ધાંત અનુસાર જીવના પોતાના અવિકારભાવ અહિંસા છે, અને વિકારી ભાવ હિંસા છે. બીજા શબ્દોમાં જે પ્રમાદથી અભિભૂત છે તે બધું હિંસક છે અને જે અપ્રમત્ત છે તેને અહિંસક માનેલ છે/કહેલ છે.

અહિંસા માનવમનનો સ્થાયી ભાવ છે. રાજનીતિના કુચક્રમાં, ક્ષુદ્ર સ્વાર્થોની પૂર્તિ માટે, ક્યાંક ધર્મના નામે, ક્યાંક ભાષા તથા વેષના નામે, વારંવાર અહિંસાને ઉત્તેજિત કરાય છે. સંતો-મહાત્માઓ દ્વારા પ્રગટાવેલી અહિંસાની જ્યોતિને ઓલવવાના પ્રયાસો થતા જ રહે છે. પરંતુ તે જ્યોતિ

માત્ર કંપાયમાન થાય છે પણ તે કદીએ બૂઝતી નથી.

અહિંસા અનંત કાલ સુધી માનવમનને પ્રકાશિત કરતી રહેવાની. તે ઉધાર તેલથી સળગાવેલી દીવી નથી જે જરાકમાં ઓલવાઈ જાય. અહિંસા તો એક આંતરિક પ્રકાશ છે. તે માનવતાની સહજ, સ્વાભાવિક અને શાશ્વત જ્યોતિ છે. તેને ક્યારેય ઓલવી શકાશે નહિ. ભાવનાઓના ભડકાઓથી ઇન્સાનને કેટલાક સમય માટે સેતાન બનાવી શકાય છે પણ તેને હંમેશાં માટે સેતાન બનેલો રાખી શકાતો નથી. હિંસા ઉપર અહિંસાના વિજયનું આ સૌથી મોટું પ્રમાણ છે.

અહિંસા જૈન ધર્મનો પ્રાણ છે તેથી જૈન આગમમાં અહિંસાની પ્રેરણા માટે અને હિંસાના નિષેધ માટે ખૂબ લખાયું છે. લગભગ એક હજાર વર્ષ પહેલાં શ્રી અમૃતચંદ્રસ્વામી નામના પ્રસિદ્ધ દિગંબર આચાર્ય થયા. એમણે અનેક શાસ્ત્રોની રચના કરી છે. અહિંસાના માર્ગથી ચારે પુરુષાર્થ સિદ્ધ થઈ શકે છે, એવા વિશ્વાસથી જ તેમણે પોતાના એક ગ્રંથનું નામ રાખ્યું છે : પુરુષાર્થ-સિદ્ધિ-ઉપાય. આ ગ્રંથમાં એમણે હિંસા અને અહિંસાનું એટલું સૂક્ષ્મ વિશ્લેષણ કર્યું છે કે પછીના આચાર્યોએ તેમના વિષયમાં એવું સ્વીકાર કર્યું છે કે, હિંસા-અહિંસાના વિષયમાં આગમોમાં જેટલું ઉપલબ્ધ છે તે બધું બીજરૂપે પુરુષાર્થ-સિદ્ધિ-ઉપાયમાં અવશ્ય છે જ. અને જે કંઈ આ ગ્રંથમાં નથી તે ને તેવું બીજે ક્યાંય નથી. એમની વિવેચનામાંથી કેટલીક વાતો અહીં રજૂ કરવામાં આવે છે.

ચિત્તમાં ક્રોધ, માન, માયા અને લોભ આદિ કષાયોની ઉત્પત્તિ જ હિંસા છે. ચિત્તની નિષ્કષાય, નિર્મલ પરિણતિ જ અહિંસા છે. જીવ જ્યારે રાગદ્વેષ મોહરૂપ ભાવો યુક્ત નથી, ત્યારે પ્રાણોનો નાશ થવા છતાં તે અહિંસક છે. અને જ્યારે રાગાદિ કષાયોથી ખરડાયેલ છે ત્યારે કોઈના પ્રાણોનો વિઘાત થયો હોવા છતાં તે હિંસક છે.

હિંસાના સંબંધમાં મોટા ભાગે એવું માની લીધેલું છે કે બીજાને પીડા કરવી તેનું નામ હિંસા છે. કોઈ માણસ ક્રોધિત થઈ કોઈને મારે છે ત્યારે માર ખાનાર વ્યક્તિને શારીરિક અને માનસિક પીડા અવશ્ય થાય છે. આ પીડાને પ્રાયઃ હિંસાની સીમા માની લીધેલ છે. પરંતુ અહીં મારનાર વ્યક્તિની માનસિક યા શારીરિક પીડાને યા તેના પ્રાણોના વિઘાતને અણદીઠું કરી દેવાય છે. પણ આ પૂર્ણ સત્ય નથી, અધૂરું સત્ય છે.

વ્યક્તિ જ્યારે ક્રોધી બને છે અને બીજાને મારે-પીટે છે ત્યારે તેનાં પણ તન અને મન વિકૃત બને છે. તેનું ચિત્ત અશાંત બને છે. તે પોતાની અંદર

એક પ્રકારની ખેંચ (તનાવ) અનુભવે છે. ત્યાર બાદ જ તે બીજાને મારી-પીટી શકે છે. જૈન વ્યાખ્યા મુજબ હિંસા થવા પૂર્વે હિંસકનાં તન અને મનની વિકૃતિ જ હિંસા છે. તે તેના પ્રાણોનો નાશ જ છે ને અહીં પ્રથમ હિંસા તેની સાથે ઘટિત થાય છે. આમ હિંસક વ્યક્તિ, બહારની હિંસા થવા પહેલાં, મનમાં હિંસાની ભાવના ઊપજતાં જ પોતાની હિંસાનો કર્તા-અપરાધી બની જાય છે, અને તેના દંડરૂપ પાપબંધ કરી લે છે.

અહિંસાની માન્યતા –

અહિંસાને લગભગ બધા વિચારકોએ ''પરમધર્મ'' કહેલ છે. તુલસીદાસે અનેક શ્રુતિઓ અને સંહિતાઓની સાક્ષીપૂર્વક કહ્યું છે કે :-

પરમ ધર્મ શ્રુતિ વિદિત અહિંસા પર નિંદા સમ અઘ ન ગરીસા –

રામચરિતમાનસ-ઉત્તરકાંડ ૧૨૦ખ.

પરંતુ એ જ ગ્રંથમાં તેમણે સત્યને પણ પરમ ધર્મ કહ્યો છે :

ધરમ ન દૂસર સત્ય સમાના, આગમ નિગમ પુરાણ બખાના

વળી ગોસ્વામીએ પરમધર્મની એક બીજી પરિભાષા પણ કરી છે.

પરહિત સરિસ ધરમ નહિં ભાઈ, પર પીડા સમ નહિં અધમાઈ

ઉત્તરકાંડ /૪૦

આ ત્રણે ઉક્તિઓને એક સાથે વાંચતાં મનમાં એક ગૂંચવણ પેદા થાય છે. પ્રશ્ન ઊઠે છે કે પરમ ધર્મ તો એક હોય, ત્રણ પ્રકારે તે કેવી રીતે ઘટી શકે ? બધે એક જ પરમ હોય, બે કે વધારે તો પરમ ન બની શકે. આ પ્રશ્ન ઘણા દિવસો સુધી મારા મનમાં અનુત્તરિત પડ્યો રહ્યો. એક દિવસ મધ્યપ્રદેશના ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ શ્રી શિવદયાલની સાથે ચર્ચા દરમિયાન મેં પ્રશ્ન રજૂ કર્યો, અને તેમણે સુગમતાપૂર્વક સમાધાન પણ કરી દીધું. તેમની વિચારણા આ પ્રમાણે હતી : આપણી પાસે કોઈપણ કાર્ય કરવા માટે મન, વચન અને શરીર એ ત્રણ જ સાધન છે. આ ત્રણેને પવિત્ર કરે તે ધર્મ છે. વાસ્તવમાં પરમ ધર્મ તો એક જ છે ને તે છે અહિંસા. તે પોતે એક પરિપૂર્ણ જીવનદર્શન છે. મનના બધા વિચારો અને સંકલ્પો અહિંસા પર આધારિત હોવા જોઈએ અને તે અહિંસામય પણ હોવા જોઈએ. તેથી ચિંતનના સ્તરે અહિંસા જ પરમ ધર્મ છે. આપણાં કાર્યો જ નહિ, પણ મનના ભાવ પણ અહિંસામય હોવા તે અહિંસાની અનિવાર્ય શરત છે. મનની તે અહિંસા જ્યારે વાણીમાં ઊતરે ત્યારે સત્યને પણ પરમ ધર્મ કહેવાય છે. તે પ્રમાણે શરીર તથા સાધનોના માધ્યમથી જ્યારે અહિંસાની સાધના કરાય છે ત્યારે પરોપકાર અથવા પરહિતને પણ પરમધર્મ કહેવો પડે જ. છતાં વચન

અને કાયાના એ બંને ધર્મ મળીને જ અહિંસાને શ્રેયતા અને પ્રતિષ્ઠા પ્રદાન કરે છે.

સંસારમાં બધા જીવો દુઃખોથી બચવા ચાહે છે અને સુખોની કામના કરે છે. દુઃખી થવું કોઈને ગમતું નથી. હિંસા એવું પાપ છે જે મરવાવાળાને અને મારવાવાળાનેય દુઃખરૂપ બને છે. તે જ દુઃખનું મૂળ છે. તેથી સ્વભાવતઃ સૌ હિંસાથી બચવા મથે છે. અહિંસા સઘળાં માટે સુખદ છે. એટલે બધા જ જીવો કુદરતી રીતે જ અહિંસક વાતાવરણમાં રહેવા ઇચ્છે છે.

મહાભારતમાં અહિંસાનો ઉપદેશ ડગલે ને પગલે મળે છે. શાંતિપર્વ (૩૪૦-૮૮-૮૯)માં કહ્યું છે કે, અધ્યયન, યજ્ઞ, તપ, સત્ય, ઇન્દ્રિય સંયમ અને અહિંસા-ધર્મનું પાલન જે ક્ષેત્રમાં થતું હોય, ત્યાં વ્યક્તિઓએ નિવાસ કરવો જોઈએ. અહિંસા ને મહાભારતમાં નૈતિક તથા ધાર્મિક એમ બંને દૃષ્ટિઓથી સર્વોચ્ચ પ્રતિષ્ઠા અપાઈ છે. મહાભારતના અનુશાસન પર્વની ૧૧૫-૨૩/૧૧૬-૨૮-૨૯ ગાથાઓ બોલે છે કે "અહિંસા પરમ ધર્મ છે, અહિંસા પરમ તપ છે, અહિંસા જ પરમ સત્ય છે, અને અહિંસા જ ધર્મનું પ્રવર્તન કરનાર છે. તે જ સંયમ છે, દાન છે, પરમ જ્ઞાન છે અને દાનનું ફળ પણ છે. જીવો માટે અહિંસાથી વધુ હિતકારી મિત્ર અને સુખ દેનાર બીજું કોઈ નથી. આ જ પર્વની ગાથા ૧૪૫થી તો વળી કહે છે કે, "દેવતાઓ અને અતિથિઓની સેવા, ધર્મની સતત આરાધના, વેદોનું અધ્યયન, યજ્ઞ, તપ, દાન, ગુરુ તથા આચાર્યની સેવા તથા તીર્થોની યાત્રા આ બધાં મળીનેય અહિંસાની સોળમી કલાની બરાબરી કરી શકે તેમ નથી. એટલે એ અહિંસા આ બધાથી શ્રેષ્ઠ છે.

મત્સ્યપુરાણની ૧૦૫-૪૮ ગાથા :

चतुर्वेदिषु यत् पुण्यं यत् पुण्यं सत्यवादिषु ।
अहिंसायान्तु यो धर्मो गमनादेव सत् फलम् ॥

એટલે કે, ચાર વેદોનાં અધ્યયનથી, સત્ય બોલવાથી, જેટલું પુણ્ય પ્રાપ્ત થાય છે તેનાથી અધિક પુણ્યની પ્રાપ્તિ અહિંસાપાલનથી થાય છે. નારદપુરાણની ૧૬-૨૨ ગાથાઓમાં અહિંસાને સર્વ કામનાઓને પૂર્ણ કરનાર અનેક પાપોમાંથી છોડાવનાર ગણાવી છે. બ્રહ્મપુરાણમાં ૨૨૪-૯૯ શ્લોકોમાં પાર્વતીએ પૂછ્યું : મુક્તિને પાત્ર કોણ હોય છે ? શિવજી ઉત્તરમાં કહે છે : મન વચન ને કાયાથી જે પૂરી રીતે અહિંસક રહે છે અને જે શત્રુ અને મિત્રને સમાન દૃષ્ટિથી જુએ છે તે કર્મબંધનથી છૂટી જાય છે. બધા જીવો ઉપર દયા કરવાવાળા તથા સઘળા જીવોમાં આત્મદર્શન કરવાવાળા અને મનથીયે કોઈ

જીવની હિંસા ન કરવાવાળા સ્વર્ગસુખો ભોગવે છે. શાંતિપર્વની ૨૭૦/૨૦ અને ૨૬૨-૩૦ ગાથાઓ અહિંસાનાં અનુપમ વખાણ કરતાં જણાવે છે કે, જીવો માટે અહિંસાથી બીજો મોટો ધર્મ નથી કારણ કે તેના થકી જીવોની રક્ષા થાય છે અને કોઈને કોઈ કષ્ટ થતું નથી. આમ હિંસાને અધર્મ ને અહિંસાને ધર્મ જાહેર કરેલ છે.

જૈન મુનિના આચરણમાં બંને પ્રકારની હિંસાનો ત્યાગ અનિવાર્ય બતાવ્યો છે. રાગદ્વેષના સંપૂર્ણ અભાવમાં જ પૂર્ણ અહિંસાનું પાલન શક્ય છે.

મુનિઓની જીવનપદ્ધતિ દર્શાવતા પં. દૌલતરામે કહ્યું છે કે : સૂક્ષ્મ એક-ઈન્દ્રિયથી માંડીને સંજ્ઞી પંચેન્દ્રિય સુધી છ પ્રકારના જીવોની હિંસાનો ત્યાગ હોવાથી મુનિજન દ્રવ્ય-હિંસાથી વિરત હોય છે અને રાગ, દ્વેષ, કામ, ક્રોધ, માન, માયા, લોભ આદિ વિકારી ભાવોથી રહિત હોવાને કારણે તેઓ ભાવહિંસાથી પણ વિરક્ત હોય છે. છહઢાલા ૬/૧ મુજબ તેઓ સાચી રીતે અને પૂર્ણરીતે અહિંસક હોય છે.

બારભાવનાઓ અને દશધર્મ :

આ બાબતે જૈન-ઉપાસનામાં દ્વાદશ-અનુપ્રેક્ષા અને દશલક્ષણ ધર્મો પર વિશેષ જોર અપાયું છે. અનિત્ય, અશરણ, સંસાર આદિ ભાવનાઓ દ્વારા સંસારની ક્ષણભંગુરતાનું ચિંતન કરવામાં આવ્યું છે તો એકત્વ અને અન્યત્વ ભાવનાઓમાં જીવની અસહાય, એકાકી, નિરાશ્રય દશા ઉપર વિચાર કર્યો છે. અશુચિ અને આસ્રવ ભાવનાઓમાં દેહની દશા ઉપર વિચાર કરતાં કર્મોનું આવવું અને આત્મા સાથે બંધ થવાનાં કારણો પર વિચાર કર્યો છે. સંવર અને નિર્જરા ભાવનાઓ સાધકને મુક્તિનો માર્ગ બતાવે છે. તો લોક-ભાવના, ભૂત, ભાવિ અને વર્તમાનને અનુલક્ષીને તેની વાસ્તવિકતાનો પરિચય કરાવે છે. બોધિદુર્લભ ભાવનામાં યથાર્થ જ્ઞાનની દુર્લભતાનો વિચાર કરીને અંતમાં ધર્મ-ભાવના દ્વારા જીવને તેના નિજધર્મની તરફ પ્રેરિત કરવામાં આવ્યો છે.

આ પ્રમાણે દક્ષલક્ષણ ધર્મોમાં ક્ષમા, માર્દવ, આર્જવ અને શૌચ દ્વારા સાધકને ક્રોધ, માન, માયા અને લોભનો ત્યાગ કરવાથી માંડીને આકિંચન અને બ્રહ્મચર્યના માધ્યમથી બ્રહ્મ યાને આત્મામાં લીન થવા સુધીનો યાત્રા-પથ પ્રદર્શિત કરાયો છે. ધ્યાનમાં લેવા જેવી વાત એ છે કે, બાર ભાવનાઓ અને દશધર્મોમાં ક્યાંયે અહિંસાનું નામ નથી. અહિંસા આ બધાં કરતાં ઊંચે છે. આ બધાનું અંતિમ લક્ષ અહિંસા છે. અહિંસાને સાધન નહિ, સાધ્ય માનવામાં આવી છે. અહિંસાની ચરમ અને પરમ સ્થિતિ પ્રાપ્ત કરવામાં ભાવનાઓ અને ધર્મો જ ઉપાયરૂપ છે. અહિંસાથી મોટો બીજો કોઈ ધર્મ નથી.

જૈનાચાર પદ્ધતિમાં ઘરમાં રહેનાર ગૃહસ્થો અને ઘરનો ત્યાગ કરી તપસ્યા કરવાવાળા મુનિઓ માટે ધર્મના બે પ્રકાર બતાવ્યા છે. તેમનાં નામ છે : સાગાર ધર્મ અને અનાગાર ધર્મ. આને આધારે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય (શીલ) અને અપરિગ્રહ આ પાંચ વ્રતોને પણ બે ભાગમાં – પ્રકારે વર્ણવ્યાં છે. પાંચ પાપોનો આંશિક ત્યાગ, જે ગૃહસ્થો માટે સાધ્યને શક્ય છે તેને પાંચ-અણુવ્રત કહે છે અને તે પાપોનો સંપૂર્ણ ત્યાગ જે માત્ર મુનિઓ માટે જ શક્ય અને સાધ્ય છે તે પંચ-મહાવ્રતો નામે ગણાવેલ છે.

ભાવહિંસા અને દ્રવ્યહિંસા :

હિંસા મન, વચન અને શરીર ત્રણે દ્વારા થાય છે / કરાય છે. છતાં જ્યારે હિંસાની વાત આવે છે ત્યારે પ્રાયઃ વચન અને શરીર દ્વારા થવાવાળી યા કરાતી હિંસાને રોકવા પર જોર દેવાય છે. મનના માધ્યમથી થતી હિંસાને રોકવાનું અનાવશ્યક અથવા અસંભવ માની, તેની ચર્ચાવાર્તા છોડી દેવામાં આવે છે (છોડી દેવાઈ છે.)

જૈનાચાર્યોએ મન દ્વારા થતાં પાપોને રોકવા પર અપેક્ષાકૃત વધુ જોર આપ્યું છે. એમની માન્યતા છે કે મનથી થતાં પાપ રોક્યા વિના વચન અને કાયનાં પાપ રોકી શકાશે નહિ; કારણ કે તેઓ એમ પણ માને છે કે, જીવને પોતાના કૃત્યનાં ફળરૂપે જે કર્મબંધન થાય છે તેમાં ફળ અર્પણ કરનારી શક્તિઓ તેના માનસિક વ્યાપારને આધારે જ ઊપજે છે.

આ ચિંતનને આધારે જૈન સંતોએ હિંસાને 'ભાવહિંસા' અને 'દ્રવ્યહિંસા'ના નામે બે પ્રકારે દર્શાવી છે. પ્રાણીને પીડા કરવી અને તેનો ઘાત કરવાનો વિચાર કરવો તેનું નામ છે ''ભાવહિંસા.'' જ્યારે પીડા આપનારી અને પ્રાણીઓનો ઘાત કરવાવાળી ક્રિયા તે દ્રવ્યહિંસા છે.

મૂળમાં ભાવહિંસા અનિવાર્યરૂપે હયાત હોય જ છે. છતાં એ જરૂરી નથી કે જ્યાં ભાવહિંસા થાય ત્યાં તેના ફલરૂપે દ્રવ્યહિંસા હોય. કારણ કે વિઘાત અથવા નાશ માત્ર આપણા વિચારથી કે કોઈ ચેષ્ટાવિશેષથી નથી થઈ જતો. જીવનો વિઘાત થવામાં તેનું પ્રારબ્ધ તથા અન્ય બીજાં કારણોનું પણ મહત્ત્વ છે.

એ તો નિશ્ચિત છે કે, કોઈનો નાશ થાય યા ન થાય, હિંસાના ભાવ કરવાવાળા જીવને તેના વિઘાતનું પાપ લાગે જ છે. તેનું ફળ પણ તેને ભોગવવું પડે છે. આમ કર્મબંધની પ્રક્રિયામાં દ્રવ્યહિંસા કરતાં વધારે ભાવહિંસાનું મહત્ત્વ છે. આ પરથી તથ્ય એ તરવાય છે કે, આપણા મનની મલિનતાને કારણે આપણે એવાં અસંખ્ય પાપોનું ફળ ભોગવીએ છીએ કે જે આપણે કદીયે કર્યાં

હોતાં નથી. આમ ચિત્તની ચંચળતાને કારણે અને રાગદ્વેષની તીવ્રતાને કારણે, ભાતભાતના કુત્સિત વિચાર આપણા મનમાં ઊપજતા રહે છે. તેમનાં દુઃખદાયી પરિણામો ભોગવવા માટે આપણે મજબૂર છીએ.

ભાવહિંસા અને દ્રવ્યહિંસાની જેમ બીજી પાપ-પ્રવૃત્તિઓને માનસિક સ્તર પર અને ભૌતિક તથા સ્થૂલતાના સ્તરે બે પ્રકારની સમજવી જોઈએ. જૂઠના પણ તે રીતે ભાવજૂઠ અને દ્રવ્યજૂઠ એમ બે ભેદ બને છે. તે પ્રમાણે ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહનાયે બબ્બે પ્રકારો ગણવા. લૌકિક ન્યાયપદ્ધતિમાં પણ ભાવહિંસા ઉપર દ્રવ્યહિંસા કરતાં વધુ મહત્ત્વ અપાય છે. વિશ્વની સઘળી ન્યાયપ્રણાલી આ જ આધારે આજે પણ ચાલે છે. તે માટે નીચે ત્રણ ઉદાહરણ રજૂ કરાય છે.

આપણા નગરમાં એક જ દિવસે ત્રણ ઘટનાઓ ઘટે છે. ત્રણેમાં એકેક વ્યક્તિનું મૃત્યુ થઈ જાય છે. એક વ્યક્તિને લૂંટવા કોઈ ડાકુ તેની છાતીમાં છરો ભોંકી દે છે. બીજી જગ્યાએ કોઈ ખટારા નીચે એક આદમી કચડાઈ મરણ પામે છે. ત્રીજો બનાવ છે કે એક દર્દી ઑપરેશનના ટેબલ પર જ છેલ્લો શ્વાસ લઈ હરિશરણ બને છે. ત્રણે બનાવોમાં એકેક વ્યક્તિના નિમિત્તે એકેક વ્યક્તિનું જીવન સમાપ્ત થઈ જાય છે. આમ સ્થૂલ દૃષ્ટિથી ત્રણે બનાવોમાં મૃત્યુ રૂપ પ્રતિફળ એક સમાન હોવા છતાં ત્રણે સ્થળે માનસિકતામાં ખૂબ ખૂબ અંતર છે. તેમના અભિપ્રાય તદ્દન અલગ અલગ છે. એટલે પોલીસની નોંધમાં, કોર્ટના ફેંસલામાં ડાકૂ, ડ્રાઇવર અને ડૉક્ટર, આ ત્રણે માટે જુદા જુદા નિર્ણયો લેવાય છે. એમનો અપરાધ ઘટનાના પરિણામ પરથી નહિ પણ તેમની માનસિક સંકલ્પદશાથી તોલાશે.

ડાકુને વ્યક્તિની હત્યાનો અપરાધી માની તેને મૃત્યુદંડ જેવી કઠોર સજા કરાશે. તેના દ્વારા ઘાયલ થયેલ વ્યક્તિ કદાચ બચી જાય તોપણ ડાકુને એક હત્યાના પ્રયાસ બદલ સજા કરવામાં આવશે જ. ડ્રાઇવરને હત્યાનો આરોપી નહિ ઠરાવાય પણ ઘટનામાં જે જે સંજોગો હતા તેને અનુરૂપ તેને અયોગ્ય વાહન ચલાવવા માટે યા અસાવધાનીથી ચલાવેલ વાહન અંગે દોષી ઠરાવી હલકો દંડ દેવામાં આવશે. જ્યારે ડૉક્ટરને, અંતિમ શ્વાસ સુધી રોગીને બચાવવાના કરેલા ઉપાયો બદલ શાબાશી અપાશે. પોલીસ અને કાયદો તો તે અંગે કંઈ બોલી શકે જ નહિ, અને દર્દીનાં સગાંવહાલાં તેનો ઉપકાર માનશે કે આપે તો અંત સુધી ખૂબ જહેમત ઉઠાવી, પણ તેનું આયુષ્ય જ સમાપ્ત થઈ જનાર હતું યા અમારા ભાગ્યમાં આમ થવાનું જ હતું.

લોક-પરલોકની વ્યવસ્થા, કર્મબંધ અને કર્મફલનું ગણિત પણ લૌકિક

કાનૂનને અનુરૂપ, પૂર્ણ રીતે કુદરતી ન્યાય પર આધારિત છે. ભૌતિક હિંસાનો પ્રકાર ગમે તેવો હશે પણ તેમાં જોડાયેલ બધા જ જીવોને પોતપોતાની ભાવહિંસા અનુસાર કર્મબંધ થાય છે. તેથી તો કદીક કદીક દૂર બેઠેલ વ્યક્તિ પણ જે તે પાપનો ભાગીદાર થતો હોય છે જ્યારે તદ્દન સંલગ્ન દેખાતી વ્યક્તિ એટલી ભાગીદાર નહિ ગણાય. કોઈ કરનાર જેવો દેખાશે પણ યથાર્થમાં તે કર્તા નથી. કોઈ કર્તા નથી તોયે કદીક તેને કર્મફળનો ભોક્તા થવું પડે છે. કોઈ કરતો નથી છતાં તેને અમુક કર્મનું ફળ ભોગવવું પડે છે. ભાવોની આવી વિચિત્રતા છે. તેથી પાપોમાં જતા મનને અંકુશમાં લેવાની આવશ્યકતા છે. માનસિક પાપ જ ભાવહિંસા છે.

વિચિત્ર છે હિંસાનાં સમીકરણ :

દ્રવ્યહિંસા અને ભાવહિંસાનાં એવાં સમીકરણો નજરે પડે છે કે કોઈવાર હિંસા અને અહિંસાનાં ગણિત કંઈક વિચિત્ર દેખાય છે. જેમ હિંસા કોઈ એક વ્યક્તિ જ કરે છે જ્યારે તેનાં ફળ-પાપબંધ અનેકોને ભોગવવાં પડે છે. અથવા હિંસાત્મક કર્મ અનેક જણા મળીને કરે છે પણ તેનું ફળ એક જ આદમીને ભોગવવું પડે છે. લો તેનાં ઉદાહરણો : (૧) કેટલાક લોકો પશુ-પક્ષીઓ દ્વારા ક્રૂર ખેલ-તમાસા કરે છે જેમાં તે પક્ષી-પશુઓના નિર્દયતાપૂર્વક ઘાત થઈ જાય છે – કરાય છે. આ ખેલનું આયોજન અથવા તેને દેખાડવાનું કામ કેટલાક જીવો કરે છે. તેમાં તે તો ભાગીદાર પાપના છે જ પણ જે જે હજારો લોગ તે ખેલને જુએ છે, પ્રોત્સાહિત કરે છે પ્રશંસા/અનુમોદના કરે છે તે સઘળાયે એ હિંસાના ભાગીદાર બને છે. આવા પ્રસંગે કરનાર એક યા વધુ હોય છે પણ તેનું ફળ ભોગવવાવાળા અનેક હોય છે. (૨) એક રાજા બીજા રાજા ઉપર આક્રમણ કરે છે ને યુદ્ધ શરૂ કરે છે. જેમાં હજારો સૈનિક બીજાને મારતાં મારતાં સ્વયં પણ મરે છે, અહીં યુદ્ધનું કારણ પોતે રાજા માત્ર છે તે જ ખરેખર હિંસક છે અને પૂરી હિંસા માટે જવાબદાર છે. સૈનિક તો આજીવિકા માટે માત્ર શસ્ત્ર ચલાવે છે તેમને તો પેટ ભરવા માટેની નોકરી નિમિત્તે બીજાના હિતમાં લોકોને મારવા પડે છે અને સ્વયં પણ મરવું પડે છે. આમાં હિંસાકૃત્ય કરનાર અનેક છે પણ ફળ ભોગવનાર એક જ છે. (૩) કોઈના પરિણામ અધિક હિંસાનાં નથી પરંતુ અચાનક તેના હાથે ભારે હિંસા થઈ જાય તોપણ અધિક હિંસા થવા છતાં તેનું ફળ તો અલ્પ ભોગવવું પડે છે. પોતાના બાળકની બૂરી આદતો સુધારવા માટે તેને માર્યો ને તેમાં મર્મસ્થળ ઉપર ભૂલથી ચોટ લાગી જતાં બાળક મૃત્યુ પામે છે. આ કિસ્સામાં માનો અભિપ્રાય જોતાં તે હત્યારી નહિ ગણાય ને તેને હત્યાના પાપનું ફળ નહિ ભોગવવું પડે. પણ જ્યાં પરિણામો

તીવ્ર હોય તો હિંસા અલ્પ થવા છતાં તીવ્ર ને કટુ ફળ ચાખવાં પડે છે. (૪) કેટલીક વખતે કેટલાક ભેગા થઈ હિંસાનું કામ કરે છે છતાં દરેકને સરખું ફળ મળવાનું તેમ ન સમજવું. કારણ કે કાર્ય થયું ત્યારે દરેકના ભાવ જુદાજુદા તીવ્ર-મંદ હતા. કદાચ કોઈને આવા કામ માટે રુચિ પણ ન હોય. આમ ભાવ અનુસાર ઓછુંવત્તું ફળ ભોગવવું પડશે. (૫) હિંસાના સંકલ્પમાં અને તેની ક્રિયામાં સમયભેદ પણ હોય છે. સંકલ્પ થતાં જ પાપ બંધ તો થઈ ગયો જ. હિંસા તો પછી થવાની છે. આમ ઘણી વાર હિંસા થતાં જ કદીક ફળ તરત જ મળે છે ને કદીક કૃત્ય થઈ ગયા બાદ ઘણા લાંબે સમયે ફળ મળે છે ને કોઈ વખત કૃત્ય થયા પહેલાં પણ ફળ મળી જાય છે. (૬) કોઈ વખત અજાણ આદમીને યા ભોળા બાળકને ફોસલાવી, લાંચ આપી હિંસામાં પ્રેરિત કરાય છે. ભાડૂતી હત્યારા દ્વારા કદીક આવાં કામો પણ થાય છે. આમાં હિંસા કરનારા કરતાં મૂળ પ્રેરણા કર્તાને જ સાચી સજા થાય છે. પ્રેરક જ સાચો પાપી છે. બીજા તો માત્ર હાથારૂપ છે.

આમ હિંસાની યોજના અને હિંસાની ક્રિયામાં અનેક ભેદપ્રભેદ પડે છે. પણ અટલ નિયમ એ છે કે હિંસકને ભાવહિંસાને અનુરૂપ ફળ ભોગવવાં પડે છે જ, કર્મની અદાલતમાં સર્વદા પ્રાકૃતિક ન્યાય જ હોય છે / મળે છે. કોઈ છળ-કપટ, લાગવગ, લાંચાદિ કંઈ ચાલતાં નથી.

ચાર પરિસ્થિતિ અને ચાર મન સ્થિતિ :

મન, વચન અને શરીરના દુષ્પ્રયોગથી થવા વાળી હિંસામાં ચાર શક્યતાઓ છે (૧) ખેડૂતે ખેતરમાં સર્પ જોયો, મારવાનો ભાવ ઊપજ્યો, લાકડી ઉપાડી ને દીધી ને મારી નાખ્યો. આમાં ભાવ હિંસાને અનુરૂપ દ્રવ્યહિંસા બની. (૨) લાકડી લીધી પણ સાપ ભાગી ગયો. ઇચ્છા છતાં તે મારી શક્યો નહિ આમાં ભાવહિંસા તો થઈ પણ દ્રવ્યહિંસા ઘટી નહિ. (૩) એક ગાડાવાળો નિરાંતે ગાડુ ચલાવતો હતો ને અકસ્માત એક સાપ ગાડા નીચે આવી જતાં મરણ પામ્યો. અહીં ગાડાવાળાનો કોઈ હત્યાનો ઇરાદો ન હતો તેથી ભાવહિંસા ન હોય છતાં દ્રવ્યહિંસા તો થઈ ગણાય. (૪) પેલો ખેડૂત સાપને જુએ છે પણ વિચારે છે કે તેણે મારું કંઈ બગાડ્યું નથી. હું તેને શા માટે મારું ને તેને જવા દે છે. આમાં નથી ભાવહિંસા કે નથી દ્રવ્યહિંસા. આ ચારેમાં પાપનાં ફળ જુદાં જુદાં હોવાનાં. હવે અહિંસાનાં ચાર દૃષ્ટાંતો સાંભળો/વાંચો. (૧) હિંસાત્યાગની ભાવનારહિત, અમર્યાદિત રાગદ્વેષ મોહથી ભરપૂર સ્વચ્છંદજીવનમાં નથી વ્રત કે નથી પાપત્યાગ ને માત્ર નિરંતર ભાવહિંસાનો દોર ચાલુ છે, તથા મન, વચન અને કાયાના અસંયમને કારણે

પ્રતિક્ષણ દ્રવ્યહિંસા પણ થઈ રહી છે. આમાં નથી ભાવઅહિંસા કે નથી દ્રવ્યઅહિંસા (૨) એક શિકારી જાળ ફેલાવી બેઠો છે. સંયોગોવશ એકપણ પક્ષી તેમાં ફસાયું નહિ. આમાં ભાવઅહિંસા નથી પણ દ્રવ્યઅહિંસા ઘટે છે. (૩) કોઈ દાક્તર ઑપરેશન કરી રહ્યો છે. દર્દીને ઘણું કષ્ટ થાય છે પણ દાક્તર તો તેને વધુ આરામ મળે તે માટે મથે છે. અહીં ભાવઅહિંસા છે પરંતુ દ્રવ્યઅહિંસા નથી. (૪) કોઈ મુનિ અપ્રમત્તપણે પૂર્ણ સાવધાનીથી ગમન કરે છે – ચર્ચા કરે છે ત્યાં ભાવઅહિંસા અને દ્રવ્યઅહિંસા બંને છે. આ ચારે જગ્યાએ મનોભાવ અનુસાર ફળ પણ જુદાં જુદાં હોવાનાં/રહેવાનાં.

હિંસા – પ્રતિહિંસાની અંતહીન શૃંખલા :

કેટલાક હિંસાનો જવાબ હિંસા દ્વારા જ આપવો તેને આવશ્યક અને ઉચિત માને છે, ને તેમને એવો વિશ્વાસ છે કે આ પ્રકારની પ્રતિહિંસા આચરવાથી હિંસાને સમાપ્ત કરી દેવાશે, પણ પ્રાચીન ઋષિ-મુનિઓના વચનોથી તથા આપણા નિજી અનુભવથી પણ એમ સમજાય છે કે પ્રતિહિંસા કોઈપણ પ્રકારની હિંસાને ઘટાડવાનો કે રોકવાનો ઉપાય નથી. ઊલટી તેથી તો હિંસા વૃદ્ધિંગત થાય છે. વૈર-વિરોધને પ્રોત્સાહન મળે છે, અને વૈરની વાસના જન્માંતરમાં પણ જીવની સાથે જાય છે. અવસર મળતાં જ તે બદલો લે છે. આમ હિંસા-પ્રતિહિંસાની સાંકળ અંતહીન ચાલતી રહે છે.

આ પ્રસંગમાં સદન કસાઈની કથા વાંચવા જેવી છે. સદન કોઈ ધનિકની ભોજનશાળા માટે માંસની વ્યવસ્થા કરતો હતો. એક દિવસ જમનારા વધુ હતા નહિ એટલે સદનને વિચાર આવ્યો : બકરાને પૂરો કાપવાથી શું લાભ ? જેટલું જરૂરી છે તેટલું માંસ કાઢી લઉં, એટલે કાલે પણ તાજું માંસ મળી જશે. સદન છરો લઈ બકરાની સામે આવ્યો. તેને જોઈ બકરો હસવા લાગ્યો. પૂછતાં બકરો બોલ્યો : હવે કદાચ આપણી દુશ્મનાવટ ઓછી થઈ જશે. એક જન્મ.. તમો કસાઈ બની મને બકરાને કાપો છો તો બીજા જન્મમાં હું કસાઈ બની તમો – બકરાને કાપું છું. આવી સાંકળ અનેક જન્મોથી ચાલી આવે છે. આજે તમો મારા એકાદ અંગને કાપવા આવ્યા છો તેથી આપણી દુશ્મનાવટ ઘટી જવાની. દરેક જન્મમાં આમ ઘટતી જાય તો એક દિવસ તે પૂરી સમાપ્ત પણ બની શકે. આજે તમો મારા શરીરમાંથી જેટલું માંસ લેશો, આગલા જન્મમાં હું તમારા શરીરમાંથી તેનાથી થોડું ઓછું માંસ લઈશ. આવું સાંભળતાં જ સદનના હાથથી છરો ભોંય પડ્યો અને તે ભાગી ગયો, પછી તો તેના જીવનની દશા જ બદલાઈ ગઈ. સૌએ વિચારવું જોઈએ કે પ્રતિહિંસાનો વ્યવહાર દિનપ્રતિદિન કેમ ઘટે !

આગને કેરોસીન અથવા પેટ્રોલથી બુઝાવી શકાય નહિ. તે માટે પાણીની વ્યવસ્થા કરવી પડે જ. તેમ હિંસાને પણ પ્રતિહિંસારૂપ ક્રોધાદિથી સમાપ્ત કરી શકાશે નહિ. ક્ષમા અને સમતા વડે જ આ અસીમ વાસનાને નિર્મૂળ કરી શકાશે, તે માટે બીજો કોઈ ઉપાય જ નથી.

હિંસાના પક્ષમાં અપાતા થોથાતર્ક :

જેમજેમ હિંસાનો પ્રસાર-વિસ્તાર થતો ગયો અને માંસાહાર વધતો ગયો તેમ તેમ ઈંદ્રિયલોલુપ વ્યક્તિઓએ પોતાના અયોગ્ય કૃત્યને તર્કના સહારે ઉચિત ઠરાવવાનો પ્રયત્ન કર્યો. અનેક શાસ્ત્રોમાં ક્ષેપક શ્લોકો દ્વારા હિંસા-સમર્થક પ્રસંગ જોડી દેવાયા. અર્થના અનર્થ કર્યા. અનેક અસંગત માન્યતાઓનો આધાર લઈ હિંસાને પુણ્ય તથા ધર્મનાં લેબલ લગાવ્યાં. તે પૈકી કેટલીક ધારણાઓની યાદી નીચે મુજબ છે :

૧. દેવતાઓ માટે હિંસા કરવી (જેમાં પાપ નથી તે મનાવ્યું).

૨. પૂજ્ય પુરુષોના સન્માન-સ્વાગતમાં હિંસા કરવી (આવા શ્લોક જોડ્યા).

૩. શાકાહારમાં તો વધુ-અનેક જીવોની હિંસા થાય છે જ્યારે માંસાહારમાં તો એક જીવની જ હિંસા થાય છે. માટે માંસાહાર જ ભલો છે એમ માન્યું ને મનાવ્યું.

૪. હિંસક જીવોની કતલ કરવાથી અનેક જીવોની રક્ષા શક્ય બને છે. એમ માનીને હિંસક પ્રાણીઓની હિંસાને યોગ્ય ઠેરવી. (શિકાર વધ્યો.)

૫. તે મુજબ હિંસક માનવોનો વધ પણ વ્યાજબી ઠરાવ્યો.

૬. દુઃખી જીવોને દુઃખમાંથી મુક્ત કરવા મારી નાખવા.

૭. સુખી જીવોને મારી નાખવાથી તેમને બીજા જન્મમાં પણ સુખ મળે છે તેથી આવા સુખી જીવોને મારી નાખવા.

૮. સમાધિથી સુગતિ મળે છે એમ માની સમાધિસ્થ સાધુનું મસ્તક કાપી દેવું. સમાધિદશામાં મરે – મરાય તો સીધો મોક્ષે જાય એમ માની પોતાના ગુરુનો ઘાત કરવો.

૯. બીજાઓને ભોજન કરાવવા પોતાના શરીરમાંથી માંસ કાઢી આપવું ને આમ પોતાનો ઘાત કરવો. આ બધામાં હિંસા જ છે. મનમાની કલ્પનાઓ – વિચારણાથી આવી ક્રિયાઓને ધર્મ માનવો અગર હિંસા-રહિત બતાવવું તે ન તો તર્કની કસોટી પર સત્ય ઠરે છે, ન પુણ્ય-પાપના સંદર્ભમાં. તેમનું કોઈ ઔચિત્ય સિદ્ધ થતું નથી. જે હિંસા કરશે તે અવશ્ય પાપનો ભાગી થવાનો જ. જેમ જે અગ્નિમાં હાથ નાખશે તે અવશ્ય જલવાનો જ.

અંગુલિમાલનું વિચિત્ર ગણિત :

એક ડાકુ હતો. જતા-આવતા પથિકોને લૂંટવા તે તેનું રોજનું કામ હતું. જેને તે લૂંટતો-મારતો તેની એક આંગળી કાપી લેતો અને તે પોતાની માળામાં પરોવતો. માળા રોજ વધતી જતી હતી. લોકો તેનું મૂળ નામ જાણતા ન હતા તેથી તેનું નામ 'અંગુલિમાલ' પ્રસિદ્ધ બની ગયું. એક દિવસે એક વિચક્ષણ પુરુષ તેના પંજામાં ફસાઈ ગયો. ડાકુ બોલ્યો : તમારી પાસે જે હોય તે ધરી દો અને મરવા માટે તૈયાર થઈ જાઓ. પથિકે કહ્યું : તમો કોણ છો ? મેં તમારું શું બગાડ્યું છે ? તમારે જે જોઈતું હોય તે લઈ લો પણ મને મારવામાં તમોને શું લાભ ? ડાકુ તાડુક્યો : હું અંગુલિમાલ છું. આ રસ્તે આવ્યા છો તો મારું નામ તો સાંભળ્યું હશે. હું ભીખ નથી માગતો. બળપૂર્વક પડાવી લઉં છું. આ જ મારા પરિવારનો આધાર છે. જેને હું મારું છું તેની એક આંગળી પણ કાપી લઈ મારી માળામાં પરોવું છું. જુઓ આ તે માળા.

હિંમત કરી પથિક બોલ્યો : મને તમારા પર દયા આવે છે. પોતાના કુટુંબને પોષવા માટે આવો ખતરનાક રસ્તો તમોએ પકડ્યો છે ! જેમાં સેંકડો નિરપરાધ જીવોનાં ધન તમો લૂંટો છો ને તેને મોતને ઘાટ ઉતારો છો. તમારે આ ક્રૂર કૃત્યોનો હિસાબ આગલા જન્મમાં આપવો પડશે તે તમો જાણો છો ? તેનું માઠું ફળ ભોગવવું પડશે. તે સમયે તમારા કુટુંબવાળા માણસો તે પાપફળમાં ભાગીદાર થવાના ? હું અહીં બેઠો છું. ભાગી નહીં જાઉં, તમો જઈ તમારા પરિવારને જરા પૂછી આવો કે આ ખોટાં કર્મોનાં ફળ ભોગવવામાં તેઓ ભાગીદાર થશે કે નહિ ?

ભદ્ર પથિકે પોતાના આત્મવિશ્વાસને બળે ડાકુને પ્રભાવિત કરેલો તેથી તે ડાકુ આ વાતો સાંભળી દોડતો દોડતો પોતાની ઝૂંપડીએ જઈ આવ્યો ને બોલ્યો : આપનો પ્રશ્ન અને આશંકા ખરી બની. કુટુંબીજનો તો કહે છે કે જે કરે તે ભરે. અમારું પાલનપોષણ તમારું કર્તવ્ય છે. તે પૂર્ણ કરવા અમે તમોને લૂંટ તથા હત્યાનો રસ્તો પકડવાનું કહ્યું નથી. તમો તમારી મરજીથી જે કંઈ કરો છો તેના ફળમાં અમારી ભાગીદારી કેવી રીતે હોય ? ગભરાયેલા અવાજે તેણે વાત રજૂ કરી. તે પરલોકના ડરથી ને ભાવિના ફળથી અંદરથી કાંપી ઊઠ્યો હતો. પથિકે કહ્યું : તેમણે યોગ્ય જવાબ કહ્યો છે. સંસારમાં પોતાનાં સારાં-ખોટાં કૃત્યોનું ફળ પોતાને જ ભોગવવું પડે છે. તમોએ તમારા જીવનનો મોટો ભાગ આ ખોટા કામમાં બગાડી દીધો છે છતાં મોડું થયું નથી. પાપનો માર્ગ છોડી હજુએ તમો પોતાને સુધારી શકો છો. ભગવાનની ભક્તિના સહારે આ જન્મનાં તમામ પાપ હજુએ સમાપ્ત કરી શકો છો. આટલા સમયમાં તેના

હૃદયનું પરિવર્તન થઈ ગયું હતું તેથી તરત જ તેણે ગળામાંની માળા ઉતારી જમીન પર ફેંકી અને પથિકના ચરણમાં પડ્યો ને કલ્યાણનાં કામોનો સંકલ્પ લીધો. આમ તેણે વિવેકનો સહારો લીધો અને ધર્મ પર આસ્થા બનાવી જીવનપરિવર્તન કરવાનું વ્રત પણ લીધું.

હિંસાના ભેદ :

આ સૃષ્ટિ-વિશ્વ સૂક્ષ્મ અને સ્થૂળ, ચલ અને જંગમ જીવોથી ઠસાઠસ ભરેલું છે. અહીં કોઈ સ્થાન, કોઈ પદાર્થ જીવ-વિહીન નથી. તેથી માનવને માટે પૂર્ણ અહિંસક થવું સંભવ નથી. મન, વચન અને કાયની પવૃત્તિ થતી રહે અને હિંસા ન થાય, એવો સંભવ નથી. આવી સ્થિતિમાં હિંસાથી બચીને, અહિંસા તરફી જીવનને પ્રેરિત કરવા માટે જૈન દાર્શનિકોએ અલ્પતમ હિંસાવાળી જીવનપદ્ધતિનો આવિષ્કાર કર્યો છે, અને તે માટે તે અનુભવી મહંતોએ વ્યવહારિક ઢંગથી હિંસાનું ચાર ભેદે વર્ગીકરણ કર્યું છે : (૧) સંકલ્પી હિંસા (૨) આરંભી હિંસા (૩) ઉદ્યોગી હિંસા ને (૪) વિરોધી હિંસા – આ ચારની સમજણ જરા કરી લઈએ.

(૧) સંકલ્પપૂર્વક કોઈ પ્રાણીને પીડા દેવી યા તેનો વધ કરવો તેનું નામ છે ''સંકલ્પી હિંસા''. આતંકવાદ, સાંપ્રદાયિક બખેડા, જાતિવિરોધી હુમલા અને માંસ-ભક્ષણ માટે કરાતી કતલ કે શિકાર વગેરે પદ્ધતિઓમાં થવાવાળી હિંસા આમાં સમાય છે. ધાર્મિક અનુષ્ઠાનોના બહાના નીચે કરાતી બલિ પણ સંકલ્પી હિંસા જ છે. માંસાહાર ને તે મતે કરાતાં તમામ કર્મ આ જ કોટિમાં આવી જાય છે.

(૨) સ્વજીવન યાપન કરવામાં અનિવાર્ય એવાં કેટલાંક કાર્યો : રસોઈ બનાવવી, નહાવું-ધોવું, ચીજો મૂકવી-ઉઠાવવી, સૂવું, બેસવું, ફરવું આદિ ક્રિયાઓમાં અપરિહાર્ય રૂપથી જે જીવઘાત થાય છે તે આરંભી હિંસા કહેવાય છે.

(૩) આજીવિકા માટે નોકરી, ખેતી, ઉદ્યોગ તથા વ્યાપારમાં ન છૂટકે જે જે જીવહિંસા થાય છે તે બધી ઉદ્યોગી-હિંસામાં સંમિલિત છે. આમાં એક વાત નોંધવી જરૂરી છે કે જે અહિંસાપ્રેમી વ્યક્તિ છે તે જ્યાં ઓછામાં ઓછી હિંસા થાય તેવો ધંધો પસંદ કરે અને વધુ હિંસા થાય તેવાં કામોથી તે અને પોતાના આશ્રિતોને બચાવવાની કોશિશ કરશે.

(૪) સ્વ-પરિવારની રક્ષા કાજે, શીલ-સન્માન ને સંપત્તિના રક્ષણ કાજે તથા ધર્મ અને દેશપ્રતિ પોતાની જવાબદારી નભાવવા કોઈ આતતાયી યા આક્રમણકારીના હુમલાને ખાળવા જે કોઈ હિંસા કરવી પડે તેને વિરોધી હિંસા કહે છે.

સાધકને ગૃહસ્થ દશામાં પોતાની આજીવિકા માટે, સ્વકુટુંબ અને સમાજને માટે તથા રાષ્ટ્ર, ધર્મ અને ધર્માયતનો માટે, ઘણી જાતનાં કર્તવ્યોનું પાલન કરવું પડે છે. ઉપરના ચારે પ્રકારની હિંસાઓનો ત્યાગ કરાતાં તે તે કર્તવ્યોનું પાલન થઈ શકશે નહિ. તેથી ગૃહસ્થ માટે માત્ર સંકલ્પી હિંસાના ત્યાગનો ઉપદેશ અપાયો છે. તેના માટે આરંભી હિંસા અપરિહાર્ય માની ગઈ છે. તથા વિરોધી અને ઉદ્યોગી હિંસાઓથી ભયસહ બચવાનું છે છતાં ધર્મખાતર તેમાં પણ પ્રવૃત્ત થવું પડે તો ત્યાં વિવેકપૂર્વક વર્તવાની શીખ અપાઈ છે.

અહિંસા જીવનમાંથી પલાયનપણું નથી :

અહિંસાની સાધનામાં લાગેલ ગૃહસ્થ કદીએ હિંસાખાતર હિંસા ન કરે. સંકલ્પી હિંસાનું આચરણ તો કદીયે સંભવ નથી. તે વ્યાપાર, નોકરી કે ઉદ્યોગ દ્વારા પોતાનાં પરિવારનું પૂરું કરવા પ્રયત્નો કરશે. પરિવાર પાલન ને તેમની સુરક્ષાનાં કાર્યો ઉપરાંત પોતાના સમાજ, દેશ તથા ધર્મ અને સાધુસંતો અને તીર્થ-મંદિરો ઉપર આવવાવાળી બાધાઓનું સમુચિતરૂપે નિરાકરણ પણ કરવાનો. રાષ્ટ્રની રક્ષા માટે જરૂર પડે તે શસ્ત્ર પણ ઉઠાવી શકે છે. મારશે અને મરશે પણ ખરા. છતાં તેની અહિંસા જરાય ખંડિત થતી નથી.

મનમાં ગર્વ સહિત વિચારવું કે મેં આજે આને પૂરો કર્યો. અને લજ્જિત થઈ પશ્ચાત્તાપપૂર્વક બોલવું કે ઈચ્છા ન છતાં, બહુ બચાવના પ્રયત્નો કર્યા છતાં આજે અમુક જીવનો ઘાત થઈ ગયો. આ બે પ્રકારની મનોવૃત્તિઓમાં ભારે અંતર છે. હિંસા કરવી જ છે, કરીને જ જંપીશ અને હિંસાથી બચવું છે છતાં મારા વડે હિંસા થઈ રહી છે. આ બે સંકલ્પોમાં પણ ખૂબ અંતર છે. તે મનદશા જીવનમાં નાનીમોટી હિંસાક્રિયાઓ થવા છતાં જીવને 'અહિંસક' બનાવી રાખે છે. તે હિંસક નથી તેને હિંસા કરવી પડે છે. કર્તવ્ય, ભાવનાથી હંમેશાં કઠોર હોય છે.

અહિંસાથી વ્યક્તિનું જીવન નિષ્પાપ બને છે અને પ્રાણીમાત્રને અભયનું આશ્વાસન મળે છે. આનાથી પ્રકૃતિમાં સંતુલન બનાવી રાખવામાં ભરપૂર સહાય મળે છે. સાથે પર્યાવરણને સંરક્ષણ પ્રાપ્ત થાય છે. તેથી સંતોએ માનવનું સંયત આચરણ જીવમાત્ર માટે કલ્યાણકારી કહ્યું છે.

આ વિધાનથી એ સ્પષ્ટ સમજી લેવું કે અહિંસાનો અર્થ કાયરતા નથી. જીવનથી ભાગવું તે પણ તેનો અર્થ નથી. અહિંસા તો જીવનને વ્યાવહારિક અને સંતુલિત બનાવતાં સ્વ અને પરના ઘાતથી બચવાનો ઉપાય છે. માનવમાં માનવતાની પ્રતિષ્ઠાનો ઉપાય અહિંસા છે.

જીવના બે પ્રકાર : ત્રસ અને સ્થાવર

સંસારમાં સમસ્ત પ્રાણી ત્રસ અને સ્થાવર એવા બે ભેદોમાં સમાયેલ છે. કેટલીક જગ્યાએ સ્થાવર અને જંગમ પણ કહેવામાં આવ્યાં છે. પોતે તે ચાલી ફરી શકતાં નથી તેવાં પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને વનસ્પતિ – એ પાંચ સ્થાવર યા સ્થિર જીવ છે. આ સિવાયનાં જે ચાલતાં-ફરતાં દેખાય છે તે સઘળાં ત્રસ છે. અત્યંત સૂક્ષ્મ કીટાણુથી માંડી જલચર, નભચર અને થલચર, પશુપક્ષી, માનવ તથા દેવતા વગેરે સૃષ્ટિનાં સમસ્ત પ્રાણી આ ત્રસ યા જંગમની પરિભાષામાં આવે છે.

સાધકને પણ પોતાના જીવન-નિર્વાહ માટે જે જે કામ કરવાં પડે છે તેમાં તેને સ્થાવર જીવોની હિંસા સતત નિરંતર કરવી પડે છે. તે જીવનની અનિવાર્યતા છે, તેથી તેના ત્યાગનો ઉપદેશ અપાયો નથી. છતાં કેટલીક અપેક્ષા રખાઈ છે કે અહિંસાનો આદર કરવાવાળી વ્યક્તિ અગ્નિ, જળ, વાયુ અને વનસ્પતિ વગેરેનો યત્નાચારપૂર્વક ઉપયોગ કરશે. તેના આચરણમાં તે સ્થાવર જીવોનોયે નિરર્થક વિનાશ નહિ થાય. તેની અસાવધાની યા લાપરવાહીથી જો એ સ્થાવરોનો જરૂર કરતાં વધુ ઘાત થયો હોય તે એ અપરાધ છે. પણ ત્રસ જીવોની રક્ષા માટે સાધકે પ્રતિક્ષણ સાવધાન રહેવું પડે છે. સુવિચારિત જીવનશૈલીમાં ક્યારેય, એક પણ ત્રસ જીવનો ઘાત અનિવાર્ય નથી જ. તેનાથી તો બચવું જ જોઈએ.

આજે ટી.વી., રેડિયો, જળ-વીજળી, પંખા-કુલર, હીટર, ગેસ અને સ્ટવ આપણી જીવનયાત્રામાં પ્રાથમિક આવશ્યકતાઓ ગણાઈ છે. તેને છોડી શકાય તેમ નથી. પરંતુ બેદરકારીપૂર્વક તે બધાનો જે નિરર્થક ઉપયોગ થઈ રહ્યો છે – કરાઈ રહ્યો છે, વિના જરૂરિયાત તેનો વપરાશ કરાઈ રહ્યો છે, તેને રોકીને આપણે અહિંસાની નજદીક જરાક અધિક પહુંચી શકીએ તેમ છીએ. તે સઘળો રાષ્ટ્રીય અપવ્યય પણ છે. તેને રોકીને દેશ-સેવા પણ કરી શકાય.

હિંસાના દોષનો નિર્ણય તે અંગેની ભાવનાના આધારે થઈ શકે છે. એ તો સૌ કોઈ જાણે છે કે હિંસાનો પાયો ચાર કષાયો – ક્રોધ, માન, માયા ને લોભ પર આધારિત છે. જ્યાં કષાય ત્યાં હિંસા. જ્યાં કષાય નથી ત્યાં હિંસા પણ ન હોય. કષાય જેટલી કમ, હિંસા તેટલી કમ થવાની.

આમ હિંસાનું સ્તર નક્કી કરવા માટે બે સાધન છે (૧) જીવોની જાતમાં અંતર (૨) કષાયની માત્રા. જો બધા જીવોની હિંસાનું કુફળ સરખું હોત અથવા હિંસાનું પાપ હિંસિત જીવોની સંખ્યા પર નિર્ભર હોત, તો એક આદમી બેચાર ગાજર-મૂળા ઉખાડી-વેડફી નાખે છે અને બીજો આદમી એક માનવની

હત્યા કરી દે છે; બંનેને સમાન પાપી માનવામાં આવત. અરે, મનુષ્યનો હત્યારો કંઈક ઓછો પાપી ગણાય; કારણ કે તેણે માત્ર એક જીવની હિંસા – હત્યા કરી છે; પરંતુ એવું નથી. કારણ કે જેનો વિઘાત થયો છે તે બંને પ્રકારના જીવોના સ્તરમાં ભારે અંતર છે.

સ્થાવર જીવની હિંસા વખતે તેના તરફથી કોઈ પ્રતિકાર નથી થતો. વળી કોઈ દુ:ખની ભાવના પણ વ્યક્ત થતી નથી. તેથી પૃથ્વી, જળ, અગ્નિ વાયુની હિંસાના સમયે હિંસકના મનમાં કોઈ વિશેષ ક્રૂરતા યા કષાય થવો અનિવાર્ય નથી. તેથી તેવી હિંસાનું ફળ પણ મામૂલી છે. પણ એક ઇન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય તરફ આગળ જઈએ છીએ તેમ તેમ ક્રૂરતા અનિવાર્ય બનતી જાય છે અને વૃદ્ધિંગત થતી જાય છે ને તેથી તેનું ફળ પણ અધિક દારુણ મળવાનું.

નૂતન સભ્યતાનો અભિશાપ : ગર્ભપાત

વિજ્ઞાને એક તરફ તો આપણને સુખ-સુવિધાઓના અનેક ઉપાય બક્ષ્યા તો બીજી તરફ કેટલાક અભિશાપ પણ વર્ષાવ્યા છે. હું આપને એક એવા અભિશાપની તરફ આપનું ધ્યાન દોરવા માગું છું કે જે અમાનવીય તો છે જ પણ સાથે તે ઘોર પૈશાચિક છે. પરિવાર નિયોજન માટે એક ઉપાય શોધ્યો છે ને તે છે ગર્ભપાત. તે ઉપરાંત વિજ્ઞાન દ્વારા બાળક છોકરો છે કે છોકરી તે પણ હવે શોધી – નક્કી કરાય છે. દરરોજ નિરંતર વૃદ્ધિ પામતા જન્મના દરથી ગભરાયેલી સરકારે જ્યારે ગર્ભનિરોધક ઉપાયોથી પોતાનો ધ્યેય ફળીભૂત થતો લાગ્યો નહિ ત્યારે તેણે ગર્ભપાત જેવી હત્યારી પ્રક્રિયાને કાનૂનનું સંરક્ષણ આપી દીધું. જોકે સરકારે કેટલીક વિશિષ્ટ પરિસ્થિતિઓમાં જ અને તે પણ કેટલીક રાહતોની સાથે જ ગર્ભપાતને કાયદેસર માન્યો છે પરંતુ જે દેશમાં કાયદા રૂપી ધજાને ચીંદરી ચીંદરી જેવો કરીને તેની કલમોનો પૂરેપૂરો દુરુપયોગ કરવાની પ્રથા પ્રચલિત બની પડી છે ત્યાં આ નવો કાનૂન કેવી રીતે સુરક્ષિત બની રહેવાનો ?

માત્ર સિત્તેર રૂપિયામાં સુરક્ષિત ગર્ભપાત જેવાં બોર્ડ લગાવીને, જુદીજુદી જાતની જાહેરાતો પ્રસારિત કરી-કરાવીને આજે ગલીગલીમાં આ માનવતાનાં કતલખાનાં ખોલાઈ રહ્યાં છે/ખુલ્લાં થઈ ગયાં છે. સરકારની વિવેક-હીનતાને કારણે આજે ભારતમાં ગર્ભપાત કરાવવો તે હેરકટીંગમાં વાળ કપાવવા સમાન અથવા કોઈ બ્યુટી પાર્લરમાં જઈ શૃંગાર કરાવવા જેટલું સરલ અને સસ્તું કાર્ય બની ગયેલ છે. ગેરકાયદે ગર્ભધારણ કરવો હવે દુષ્કર રોગ નથી ગણાતો. તેનાથી મુક્તિ મેળવવાનો આ સહેલો ને કાયદેસરનો ઉપાય નીકળવાથી

વ્યભિચારની પ્રવૃત્તિ પણ નિરંકુશતાની હદો વટાવી ચૂકી છે. હવે તો મોટાં મોટાં ધાર્મિક કહેવાતાં કુટુંબોમાં પણ ગર્ભમાં બેટો છે કે બેટી તેની તપાસ કરાવવાની ભૂંડી પ્રથા શરૂ થતાં ને મનપસંદ કે સ્થિતિ અનુકૂળ લિંગ ન જણાતાં ગર્ભપાત દ્વારા તે નિર્દોષ શિશુની હત્યા કરી દેવામાં આવે છે. આ કેવડી મોટી વિડંબના છે કે પોતાની વિલાસવૃત્તિ ઉપર અંકુશ લગાવવાને બદલે, આજે નારી નિર્મમ હત્યારી બની રહી છે અને પોતાના અમૂલ્ય માતૃત્વને કલંકિત કરવામાં જરાયે ખચકાતી નથી.

ગર્ભપાતના પક્ષમાં એક તર્ક આપવામાં આવે છે કે, ગર્ભસ્થ-શિશુ માનવશરીરના નિર્માણની એક અવિકસિત યા અર્ધ-વિકસિત દશા છે. ગર્ભ પાડવામાં તે નિર્જીવ શરીરનો જ વિનાશ થાય છે. કોઈ જીવ યા પ્રાણીનો નહિ. વિજ્ઞાન તથા કાયદો ભલે એમ માનતો હોય કે મનુષ્યનું જીવન તેના જન્મ લેવા પછી જ શરૂ થાય છે પરંતુ ધાર્મિક માન્યતા તેવી નથી. ધર્માચાર્ય તો એ વાત સિદ્ધ કરે છે/કહે છે કે ગર્ભના પ્રથમ ક્ષણથી જ તે ભ્રૂણ કેટલાક અર્થોમાં એક સંપૂર્ણ મનુષ્યની ગણનામાં આવી જાય છે.

શાસ્ત્રોનો એવો મત છે કે ત્રણ મહિનાનું બાળક મરણ પામે તો તે આગલા જન્મમાં એક વર્ષનું આયુ બાંધી નવેસરથી જન્મ્યો હતો ને તે ૧ વર્ષનું આયુ પૂર્ણ કરીને જ મૃત્યુ પામ્યો છે : નવ મહિના માતાના પેટમાં અને ત્રણ મહિના ધરતીમાતાની ગોદમાં. પુરાણોમાં આ વાતને સમર્થન આપતાં અનેક પ્રમાણ મળે છે. અભિમન્યુની કથા સૌ જાણે છે. અર્જુને પોતાની પત્નીને જ્યારે ચક્રવ્યૂહની પ્રવેશવિધિ સમજાવી હતી ત્યારે અભિમન્યુ ગર્ભમાં હતો. ને તેણે આ વિધિનો વ્યૂહ ધારણામાં સમાવ્યો હતો. વ્યૂહથી બહાર નીકળવાની વિધિ જ્યારે અર્જુન સંભળાવતા હતા ત્યારે સુભદ્રાની આંખ મળી ગઈ હતી તેથી તે કલા અભિમન્યુ પાસે પહોંચી નહોતી. આ કલા માત્ર અર્જુન જાણતો હતો ને તેણે કોઈને શીખવી નહોતી. ગર્ભસ્થ અભિમન્યુએ ધારણાને બળે વ્યૂહમાં પ્રવેશ તો કરેલ પણ આગળનું તે જાણતો ન હતો તેથી ફસાઈ ગયો.

જૈન દાર્શનિકોનું સ્પષ્ટ મંતવ્ય છે કે જીવની માનવ યા પશુ પર્યાય, માતાના ઉદરમાં ગર્ભાધાનની સાથે જ શરૂ થઈ જાય છે. બધા પોતજ યા અંડજ પ્રાણીઓમાં આ જ પ્રક્રિયા છે તેથી ઈંડું પણ જીવ છે. જેટલા સમયમાં આપણે એક શ્વાસ લઈએ છીએ તેનાથીયે ઓછા સમયમાં ગર્ભસ્થ ભ્રૂણની પ્રાકૃતિક સંજ્ઞાઓ પર્યાપ્ત રૂપથી સચેષ્ટ બની જાય છે. તે શ્વાસ લેતો હોય છે, ભૂખ, નિદ્રા, ભય વગેરેનાં સંવેદનો કરતો હોય છે. તે એક પર્યાપ્ત, સક્ષમ-બાળક છે.

વૈજ્ઞાનિકોએ નોંધ્યું છે કે ગર્ભપાતની અમાનુષી ક્રિયા વખતે શિશુની ચેષ્ટાઓમાં પરિવર્તન દેખાય છે. તેના હૃદયની ધડકન અને શ્વાસની ગતિ અસામાન્ય રૂપે વધી જાય છે. તેમના શરીરમાં એક વિશેષ પ્રકારની ઝનઝનાટી-કંપારી થવા લાગે છે. તે એક અશક્ત અને અસહાય પ્રાણી છે. બહાર આવી ગયા પછી પણ પ્રાણ બચાવવા તે તરફડે છે કે આશરો શોધે છે, માની ગોદ ગોતે છે. પણ કમનસીબે આ કાળની ઘડી જ તેની મા સ્વયં જાણીબૂઝીને ઊભી કરીને પોતે જ પોતાના બાળકની હત્યારી બની રહી છે. ત્યાં અબોધ બાળ ડરવા સિવાય બીજું શું કરી શકે ?

આજે ગર્ભ અને ગર્ભપાત ધાર્મિક મત અને વાસ્તવિકતા શું છે તે પ્રજાનો તમામ વર્ગ જાણે તેવા સાચા પ્રચારની આવશ્યકતા છે. આધુનિકતાની ચકાચૌંધમાં લિપ્ત આજની લલનાએ પણ સમજવું જોઈએ કે જે ગર્ભને દૂધમાં પડેલી માખીની જેમ ફેંકી દેવાય છે તે કોઈ તુચ્છ પ્રાણી નથી. તે આ સૃષ્ટિનો સર્વાધિક વિકાસ પામેલ જીવ છે. તે પૂરો માનવ છે. તે તારું સંતાન છે. જેને તેં ગર્ભમાં ધારણ કર્યો તેને કોઈ વાંક-ગુના વગર તારા પોતાના જ હાથે ખતમ કરી દેવો તે શું રાક્ષસી કૃત્ય નથી ? આમ બેક્સૂર જીવને મારનારને તેનું કારમું ફળ ભોગવતાં કોણ બચાવી શકશે ? આપણને મહા ભાગ્યથી આ માનવની દુર્લભ પર્યાય મળી છે તો ત્યાં વિવેકથી વર્તવું જોઈએ. એવું દુષ્કૃત્ય તો ન જ કરો કે જેનાથી સારા જગતને કલંકની મેશ લાગી જાય.

સાત્વિકતાનો શત્રુ : માંસાહાર

ભોજનનો આપણા વિચારોની સાથે ઊંડો સંબંધ છે. પ્રચલિત કહેવત ખૂબ જ સાર્થક છે :

જેવું ખાય અન્ન તેવું થાય મન
જેવું પીવે પાણી બોલે તેવી વાણી.

તેથી મનની પવિત્રતાને જાળવવા માટે ખાનપાનની શુદ્ધતા પર ભાર દેવામાં આવે છે. જો આપણે આપણા જીવનમાં અને આપણા વ્યવહારોમાં સાત્ત્વિકતા ચાહીએ છીએ તો આપણે આપણું ભોજન અને પાન સાત્ત્વિક રાખવાં પડશે.

માંસની પ્રાપ્તિ/ઉત્પત્તિ ક્રૂરતા વિના શક્ય નથી. જે પ્રાણી કપાય છે તે જ વેદના ભોગવે છે અને જે કાપનાર છે તે જે ક્રૂરતા વાપરે છે તે બંનેનો પ્રભાવ તે ભોજનસામગ્રી ઉપર પડે છે. તેથી માંસાહારી મનુષ્યના મનમાં એવાં ક્રૂર પરિણામ ઊપજે છે કે જેનો સાત્ત્વિકતા સાથે કોઈ મેળ નથી. આજે આપણા દેશમાં જે હિંસાનો નાગો નાચ થઈ રહ્યો છે તેમાં ખુલ્લેઆમ, સાર્વજનિક રીતે માંસાહારનો અતિતમ પ્રચાર થઈ રહેલ છે તે મુખ્ય કારણ છે. તૈયાર ડબાબંધ

ડાબડાઓ દ્વારા આજે કયાં કયાં અખાદ્ય જનતાના ખોરાકમાં સામેલ થઈ ગયાં છે/કરાયાં છે તે કહેવું મુશ્કેલ છે. ફળ-ફૂલની જેમ આજે ઈંડાંની લારીઓ શેરી શેરીમાં ફરી રહી છે. છેલ્લાં થોડાં વર્ષોમાં જ આ નવી ફેશનબદી આપણી ઊગતી પેઢીમાં નજરે પડી રહી છે.

ચિંતાની બાબત એ છે કે, આ ચારિત્રિક પતનને આધુનિકતા ને શિક્ષિત-પણાની નિશાની માનીને/મનાવીને આજનો યુવાન-યુવતી આથી લજ્જિત બનવાને બદલે પોતાને ગૌરવાન્વિત માને છે/મનાવે છે. આજે વૈજ્ઞાનિક વિશ્લેષણમાં હાનિકર સિદ્ધ થઈ ચૂકેલ છતાં માંસાહાર, જ્યારે પશ્ચિમના દેશોમાં ઘટી રહ્યો છે ત્યાં ભારતમાં છૂતના કીટાણુની જેમ ખૂબ જલદી ફેલાઈ/પ્રસરી રહ્યા છે. તેનાં દુષ્પરિણામો પણ સ્પષ્ટ નજરે પડી રહ્યાં છે.

હિંસાના અનેક તરહના ઉપાયો-તરીકા દરરોજ નવા નવા અજમાવાય છે. ક્રૂરતાનાં અમાનવીય અને ઘૃણિત ઉદાહરણો રોજ જોવા-સાંભળવા મળે છે. વિમાન તોડી પાડવાં, એરોપ્લેન હાઈઝેક કરવાં, ટ્રેન અને બસો સળગાવવી, સેંકડો નિર્દોષ અને શાંતિપ્રિય માનવોને અકારણ મોતને ઘાટ ઉતારી દેવાં તે તો સામાન્ય વાત બની રહી છે. આપણી જ મા-બહેન સાથે પૈશાચિક દુષ્કૃત્યો તથા ભોળાં-નાદાન બાળકો સાથે રાક્ષસી વર્તાવના સમાચારો દૈનિક અખબારોમાં હરરોજ વાંચવા મળે છે. આવાં દુષ્કૃત્યોમાં જોડાયેલ માણસો પ્રાયે માંસાહારી જ છે તે વાત ઓછા મહત્ત્વની નથી. ભલે માંસાહાર આવાં અમાનુષી વર્તણૂક માટે એકલું કારણ ન હોય તોયે તે મુખ્ય કારણ તો છે જ. શાકાહારી સમાજ/સમુદાય દ્વારા સમાજમાં આવાં અમાનવીય કૃત્યોની ખબરો જોવા-જાણવા નથી મળતી. માંસાહાર મનુષ્યને અતિનિર્દય અને ક્રૂર બનાવી દે છે. આ તથ્ય માટે કોઈ પુરાવાની જરૂર નથી જ.

બધા જ ધર્મોમાં માંસાહારનો નિષેધ :

પશુવધ માંસાહાર માટે અનિવાર્ય અંગ છે. પશુવધ વિના માંસાહારની કલ્પના ક્યારેય થઈ શકતી નથી. ઋષિઓ અને સંતોએ આચાર-શાસ્ત્રોમાં હરજગ્યાએ પશુહત્યાને પાપ ગણાવ્યું છે અને માંસાહારને નૃશંસ-પ્રવૃત્તિ ગણી તેનો ઘોર નિષેધ કર્યો છે. મનુસ્મૃતિમાં આર્યખંડ અને મ્લેચ્છ ખંડની પરિભાષામાં સ્પષ્ટ જણાવ્યું છે કે જ્યાં કસ્તૂરી મૃગોનો શિકાર થાય છે તે મ્લેચ્છખંડ છે ને જ્યાં તે નિર્ભય વિચરે છે તે આર્યખંડ છે. મહાભારતે તો લખવામાં હદ કરી છે :

यावंति पशुरोमाणि पशुगात्रेषु भारत
तावद् वर्ष – सहस्राणि पच्यते पशु-घातक –

જેને કાપવામાં આવે છે તે ઢોરના શરીર પર જેટલા વાળ (રોમ) હોય, તેટલા હજાર વર્ષ સુધી તેનો હત્યારો નરકમાં દુઃખો ભોગવે છે. મહાભારતના અનુશાસનપર્વની કલમ ૧૧૬ કહે છે કે, બીજા જીવોના માંસથી પોતાના શરીરનાં રક્ત-માંસ વધારવાની ઈચ્છાવાળો આ સંસારમાં સૌથી વધુ ક્ષુદ્ર છે. વિષ્ણુપુરાણે માંસાહારનું કુફળ વર્ણવતાં કહ્યું છે કે,

अभ्यायुसो द्रविद्राश्च, पर कर्मोपजीवनः
दुष्कुलेषु प्रजायन्ते, ये नरा ः मांसभक्षकाः

ગુરુ ગ્રંથસાહેબમાં જણાવ્યું છે કે, ''જ્યારે જરાક પણ લોહી લાગી જાય તો વસ્ત્ર અપવિત્ર અને કલંકિત બની જાય છે તો પછી જે મનુષ્ય રક્ત-માંસ ખાય છે તેનું ચિત્ત નિર્મલ કેમ રહી શકે ? (૧૫-૧૪૦) સંત કબીરે સાત્ત્વિક ખાનપાન પર ભાર દેતાં માંસભક્ષણનો ઘોર વિરોધ કર્યો છે. શિખસંપ્રદાયે તેમના ગ્રંથોમાં કબીરવાણીનું જ સંકલન કર્યું છે :

કબીર કિયા સો જુલુમ હૈ, કહતોં રહો હલાલ
દફ્તર લેખા માંગિયે, તવ હોયગો કોન હવાલ

ગુરુ ગ્રંથસાહેબ

આ પવિત્ર પુસ્તક ફરી કહે છે કે, સ્વાદિષ્ટ ખીચડી, અમૃત જેવા નમકવાળી ખાઈ પેટ ભર. પોતાનું પેટ ભરવા બીજાનાં ગળાં કાપવાં યોગ્ય નથી. કબીરે માંસાહારીને કઠોરતમ ભાષા સંભળાવી દીધી છે.

તિલભર મછરી ખાયકે, કોટિ ગઉ દે દાન
કાસી કરવટ લૈ મરૈ, તૌ ભી નરક નિદાન.

ખાનારે તો નરકમાં જવું પડશે પણ સાથે સાથે અનુમોદન કરનારા, પશુના કતલ થયેલા અંગોના ભાગ કરનારા, તેનું વેચાણ કરનારા, ખરીદ કરનારા, લાવવાવાળા ને પીરસવાવાળા ને પશુવધમાં પૂર્ણઘાતક ને હિંસક કહ્યા છે. તેથી અહિંસામાં જરાયે વિશ્વાસ કરવાવાળા જીવોએ સર્વ પ્રકારના પ્રયત્નો વડે આ ઘોર પાપમાંથી બચવા મથવું જોઈએ. માંસ, માછલી, મદિરા બધા જ તામસિક આહાર છે તેના સેવનથી હીનવૃત્તિઓનો જન્મ થવાનો જ છે.

વિશ્વવિખ્યાત મનીષીઓના મનોદ્‌ગાર :

કેટલાક વિદ્વાનો માને છે કે, પાઈથાગોરસ પશ્ચિમમાં શાકાહારી ભોજનનો ઉપદેશ દેનારાઓનો પ્રથમ પિતામહ છે. તે પોતે કોમળ હૃદયના દયાળુ સંત હતા. એક વાર તેમણે એક કૂતરાની આર્દ્ર ચીસ સાંભળી તેને મારવાવાળાને તેમણે કહ્યું, 'ભાઈ, તેને માર નહિ તેના રોવામાં મને એક મિત્રની કરુણ ચીસ સંભળાય છે.'

તેમનાં જોરદાર વચનો સાંભળો : દોસ્તો, તમો તમારા શરીરને પાપપૂર્ણ ભોજન દ્વારા નાપાક અને ગંદું ન કરો. આપણી પાસે અનાજ છે, સેવ, અંગુર જેવાં ફળોવાળાં વૃક્ષ છે. મીઠાશને સુગંધયુક્ત કંદમૂળ અને શાકભાજી છે, જે અગ્નિમાં પકાવીને ખાવ. દૂધ તથા મહેકદાર મધ પણ મળે છે. આવા નિર્દોષ આહારથી ધરતી તરબોળ છે અને ગમે તેટલી મોટી પંગતો માટે સામગ્રી આપી શકે તેવી કુદરત તૈયાર છે તો પછી કોઈનું લોહી યા માંસ માટે તે તે જીવોની હત્યા શા માટે કરો છો ? તેઓ સવારે રોટીને શહદ તથા સાંજે કાચીપાકી શાકભાજી લેતા હતા. તેમના જીવનચરિત્રમાં લખ્યું છે કે તેઓ પૈસા આપીને માછીમારાઓથી માછલાં પાણીમાં છોડાવી દેતા હતા. જંગલી રીંછ પણ તેમની આસપાસ રમતાં હતાં. તે મકાઈ જેવા અનાજો વડે ગુજરાન ચલાવતા હતા ને પશુવધ, શરાબ વગેરે તરફ તેમને નફરત હતી. તેઓનો સ્પષ્ટ મત હતો કે નિરામિષ શાકાહારી ખોરાક મનુષ્યમાં શાંતિ લાવે છે અને વાસનાપૂર્ણ હલકી વૃત્તિઓને ઉત્તેજિત બનતી અટકાવે છે. કવિ સૈનેકાનું કથન છે કે પાઈથાગોરસ માંસથી દૂર રહેતા હતા. પાઈથાગોરસના વિચારોને કારણે તે કવિ પણ શાકાહારી બનેલ છે. તેમણે કહેલું કે આ નવી આદત અત્યંત સુખદ અન આસાન લાગી. તેમનું મન અધિક સજગ અને ચેતનવંતુ બની ગયું છે તેવું તેમને અનુભવ થયેલ.

પ્લુટો કહે છે કે : મને સમજાતું નથી કે જેણે સૌ પહેલાં માંસ ખાધું તે કોઈ દુર્ઘટનાનો શિકાર બન્યો હશે. એનો આત્મા કેવી અપ્રીતિકર દશામાં હશે કે તેણે પોતાના હોઠને માંસથી અભડાવ્યા ! જેમણે આપણું કંઈપણ બગાડ્યું નથી તેવા નિર્દોષ જીવોને શા માટે મારવામાં આવે છે તે સમજ બહાર છે. તે બિચારાં પાસે નથી તીક્ષ્ણ દાંત કે નથી વિષયુક્ત ડંખ. તે તો કુદરતની શોભા વધારનારાં પ્રાણી છે. પણ માનવ શરમાતો નથી કે તે થોડા માંસ ખાતર ને પાપી પેટ પૂરવા તેમને સૂર્યપ્રકાશ ને જીવનથી દૂર કરી દેવામાં આવે છે. જે બંને માટે તે પૂર્ણ અધિકારી છે.

લિનાર્ડો દા વિંસી મહાન ચિત્રકાર, કલાકાર અને વિચારક છે. તે વૈજ્ઞાનિક હોવા છતાં કટ્ટર શાકાહારી છે અને આધુનિક પશ્ચિમ સભ્યતાનો પ્રથમ શાકાહારી કહેવામાં આવે છે. તેના બોલ છે કે જેમાં લોહીનું ટીપુંએ હોય તેવી કોઈ ચીજ ખાવી નહિ અને તે માટે કોઈ જીવને મારવો નહિ. તે દરેક પ્રાણીના જીવનને પવિત્ર માનતો. તેઓ કહેતા કે જે બીજાનું સન્માન કરતો નથી તેને ખુદ જીવવાનો હક્ક નથી. વળી તેઓ કહેતા હતા કે એક જીવ બીજાની હત્યા કરે તે કુદરતને મંજૂર નથી. ઘેટાં, બકરાં અને ગાયો

વગેરેનો ખોરાક કરવા બાબતે મને ઘણી નફરત છે. એક સમય એવો આવશે કે જ્યારે જીવો પશુવધને માનવહત્યા જેવું દુષ્ટ કર્મ સમજશે.

પ્રસિદ્ધ સંગીતકાર બૈગનર પણ શાકાહારનો દૃઢ સમર્થક હતો. અરે તે તો, શરાબ અને તમાકુનો પણ વિરોધી હતો. તેના અનેક શિષ્ય ને પ્રશંસકો પણ શાકાહારી હતા. જ્યારે બૌદ્ધો શાકાહારી હતા તે સમયની તેમની દૃઢતાની તેણે ખૂબ પ્રશંસા કરી હતી. તે પ્રમાણે પ્રસિદ્ધ દાર્શનિક, ચિંતક અને ૧૯૫૨માં શાંતિ માટેનું નોબલ પ્રાઈઝના વિજેતા એલબર્ટ સ્વાઈટ્ઝર પશુવધ ને માંસાહારના ખૂબ વિરોધી હતા. ડબાઓમાં પુરાયેલાં જનાવર તથા સરકસના ખેલ કરતાં જાનવરોને જોવા સંબંધી પણ નફરત કરતા હતા. અરે ફૂલ તોડવાને પણ અપરાધ માનતા હતા.

ખ્યાતનામા વિદ્વાન, લેખક અને ફિલોસોફર લિયો ટૉલ્સ્ટૉય પોતાના જીવનના અંતિમ વીસ વર્ષ પાકા શાકાહારી બની ગયા હતા. તેમણે કહ્યું કે, જ્યારથી મેં પરમાત્મામાં વિશ્વાસ શરૂ કર્યો ત્યારથી મારું સાચું જીવન શરૂ થયું. તે પહેલાં હું જીવતું મડદું હતો. ૧૯૮૨માં તેમણે શિકારનો પૂર્ણ ત્યાગ કરી દીધો. પાછળના કૃત્યો પ્રત્યે પ્રશ્ચાત્તાપ કર્યો ને શિકારના શોખીન પોતાના બે પુત્રોથી તે જુદા રહેતા. એક લેખમાં તેમણે લખ્યું કે : સંસારમાં અફીણ, શરાબ, તમાકુ ને બીજી તમામ નશીલી ચીજોમાં સ્વાદ, રસ ને મનોરંજન છે માટે વપરાય નહિ પણ માનવ પોતાના આત્માના વિવેકના અવાજથી ડરે છે ને તેથી તે વડે બચવા આ ખરાબ ચીજોનો સહારો લે છે.

જ્યોર્જ બર્નાર્ડ શો :

જ્યારે એ. જે. ફર્નીવાલે ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાં શૈલેસમાજની સ્થાપના કરી તે સમયે પ્રસિદ્ધ નાટ્યકાર બર્નાર્ડ શૉ પણ તેમાં જોડાયા. આ સોસાયટીની પ્રથમ સભામાં તેમણે ઘોષણા કરી કે, ''હું પણ શૈલેની જેમ શાકાહારી ભોજનમાં દૃઢ વિશ્વાસ ધરાવું છું. એક વાર બર્નાર્ડ શૉ ખૂબ બીમાર પડી ગયા. દાક્તરોએ પ્રાણરક્ષા માટે માંસાહારનો અનુરોધ કર્યો તો તેમણે ઉત્તર દીધો કે : બીજાનાં રક્ત અને માંસનું ભક્ષણ કરવા કરતાં મોતને ભેટવું ભલું છે. મેં મારી અંત્યેષ્ઠિ સંબંધી વસિયતનામું કરી દીધું છે અને હું કહું છું કે મારી સ્મશાનયાત્રામાં શોકપ્રદર્શિત કરતી ગાડીઓ, મોટરોની જગ્યાએ ગાયો, ઘેટાં, બકરાં અને મરઘાં-બતકાંનાં ટોળાં રાખવાં ને તેમના ગળામાં પટી બાંધવી ને તેમાં લખવું કે : તમો તે વ્યક્તિ માટે સન્માન પ્રગટ કરો છો કે જેણે પોતાના

સાથીદાર જેવા પ્રાણી-જીવોને ખાવાને બદલે મરવાનું પસંદ કર્યું. માંસાહારીઓને જોઈ તેમને એક દર્દભરી કવિતા બનાવેલી તે નીચે મુજબ છે :

We are living graves of murdered beasts
Slaughtered to satisfy our appetites.
Like carrion crows we live and feed on meat
Regardless of the Suffering and the pain.

જેનો અર્થ છે કે, આપણે માંસ ખાવાવાળા લોકો હરતીફરતી કબરો છીએ, જેમાં વધ કરાયેલ તે જનાવરોની લાશો દાટવામાં આવી છે, ને જે આપણા સ્વાદ ખાતર માર્યાં ગયાં છે – મારવામાં આવેલ છે. મુડદાનું માંસ ખેંચી ખેંચીને ખાવાવાળા કાગડા જેવા આપણે પોતાને માંસના ખોરાકથી પોષીએ છીએ. આપણને આ કૃત્યમાં તે જીવોને કેટલી પીડા ને દર્દ થાય છે તેની પરવા પણ હોતી નથી. રેવરેણ્ડ ચાલ્ર્સ ડબ્લ્યુ લેડવીટર માનતા અને કહેતા કે, બધા ધર્મોની શિક્ષા છે કે, મનુષ્યે હંમેશાં પરમાત્માની મરજી મુજબ ચાલવું જોઈએ. તેને બૂરાઈની જગ્યાએ ભલાઈથી અને પતનને સ્થાને ઉન્નત માર્ગે પ્રયાણ કરવું જોઈએ. જીવોની હત્યા કરવી તે મોટી દુષ્ટતા છે. જાનવરોમાં જે જીવન છે તે પણ ઈશ્વરીય દેન છે. સંસારમાં સર્વ પ્રકારનું જીવન પ્રભુનું કૃપાફળ છે તેથી સર્વ પશુ-પક્ષી માનવ માટે બંધુ સમાન છે. સ્વાદ ખાતર તેમના પ્રાણ લેવાનો માનવને કોઈ અધિકાર નથી. અરે ! તેમને પીડા-યાતના કે દુ:ખ આપવાનો પણ આપણને અધિકાર નથી. જે રીતે આલ્બર્ટ આઈન્સ્ટાઈન નામના મહાન વૈજ્ઞાનિક અને વિચારક કહે છે કે, ''મને પૂર્ણ વિશ્વાસ છે કે શાકાહારી જીવનની પદ્ધતિ માનવસ્વભાવ પર એટલો લાભપ્રદ પ્રભાવ પાડે છે કે જો તેનો સદુપયોગ કરવામાં આવે તો સમસ્ત માનવ જાતિની દશા બહેતર બની જાય.

મહાત્મા ગાંધીજી સ્પષ્ટ કહેતા : માંસ ખાવાનો વિચાર કોઈ પણ સંજોગોમાં હિતકારી નથી ને જરૂરી પણ નથી. કોઈપણ સંજોગોમાં માનવ માટે માંસ ખાવું ઉચિત નથી. આપણે પશુ કરતાં ઊંચાં છીએ તેથી માંસ ખાઈ નીચી શ્રેણી સમાન આચરણ કરવું તે જરાએ યોગ્ય નથી. સુભાષચંદ્ર બોઝ માનતા હતા કે : આપણા ઋષિમુનિઓ તો સદા કહ્યા કરતા હતા કે અહિંસા માટે સદાયે માંસનો ત્યાગ આવશ્યક છે. પરમાત્માનાં સંતાન એવાં પશુપક્ષીઓની કતલ કરવાનો કોઈને પણ અધિકાર નથી. તેના જેવો બીજો કોઈ અપરાધ નથી. માંસ ન ખાવાથી શારીરિક બળ ઘટે છે તેવી કેટલાકની માન્યતા છે તે ખોટી છે. આપણા પ્રાચીન સંતો એવા અજ્ઞાની ન હતા કે તે માંસ માનવ

માટે લાભદાયી ને હિતકારી હોત તો તે ન ખાવાનો ઉપદેશ દેતા. પણ તે બહુ ખરાબ આદત છે તેથી તેમણે નિષેધ કર્યો છે.

ડૉક્ટર એની બેસેન્ટ પ્રસિદ્ધ થિયોસોફીસ્ટ ને કટ્ટર શાકાહારી હતાં, ને પૂરું જીવન તેમણે આ રીતે વિતાવ્યું. તેઓ કહેતાં કે વિના કતલ કર્યે કદીયે માંસ મળતું નથી. આપણે કોમળ હૃદયના છીએ તેથી વધક્રિયાથી ફફડીએ છીએ એટલે વધનું કામ બીજા પાસે કરાવીએ છીએ ને તેમ થતાં તે હિંસકને નૈતિક રીતે પતનના ખાડામાં ધકેલીએ છીએ. ખાનારા બધા જ આ દુષ્કર્મ માટે જવાબદાર છે.

ઈંડું : અખાદ્ય વિષ :

છેલ્લાં દશ વર્ષો સુધી શાકાહારી સમાજમાં ઈંડાં પૂર્ણ રીતે નિષિદ્ધ માનવામાં આવેલ. ઈંડાં આરોગ્ય માટે ખાસ કરીને બાળકો માટે ખૂબ અહિતકારી ગણ્યાં છે. છતાં કમનસીબે વેપારીસ્વાર્થવશ હમણાં હમણાં તેનો ખૂબ પ્રચાર થઈ રહ્યો છે. ને તેને શાકાહાર યા ફલાહારના ખોટા નામે વિજ્ઞાપિત કરી વ્યાપક ભ્રાંતિ ફેલાવાય છે. ઈંડાં કદીયે શાકાહારી નથી. વ્યાપારી સ્વાર્થવાળા ખોટો પ્રચાર કરે છે કે મુર્ગાના સંયોગ વિના તે પેદા થાય છે. તેમાં ફલીકરણની પ્રક્રિયા થતી નથી તેથી તેમાં જીવન હોવું તે જરાયે શક્ય નથી. એટલે તેના ઉપયોગમાં જીવહિંસા થતી નથી. એટલે તે અહિંસક ખાદ્ય છે. પણ આજે તો પ્રાણીવિજ્ઞાન ને ભ્રૂણ-વિજ્ઞાનના સર્વ જ્ઞાતા વિશેષજ્ઞોએ જાહેર કરી દીધું છે કે ઈંડાં ગમે તે રીતે ઉત્પન્ન થતાં-કરાતાં હોય તોપણ તે સજીવ છે. તે વિના તે વધી શકે નહિ / બને જ નહિ. તે મરઘીના શરીરમાં ઉત્પન્ન થાય છે તેથી તે માંસાહાર જ છે. હવે તો સિદ્ધ થઈ ચૂક્યું છે કે સંસારમાં સર્વત્ર કોઈ ઈંડું નિર્જીવ નથી. ત્યાં તેના નિશ્ચેતન કે અનિશ્ચેતનનો પ્રશ્ન જ નથી.

વસ્તુતઃ ઈંડાની ઉત્પત્તિ બચ્ચું પેદા થવાની પ્રાથમિક અવસ્થારૂપ છે ને તે સંસારનું એક સર્જન છે. માનવનો ખોરાક નથી. ઈંડાની રચનામાં હવા જવા આવવાની કુદરતી વ્યવસ્થા છે. તેમાં ઑક્સિજન જાય છે ને અંદરનો કાર્બનડાયોક્સાઈડ બહાર નીકળે છે. ને તેથી તો તે ભ્રૂણ (ગર્ભલોચો) જીવિત રહે છે ને વિકાસ પામે છે. શ્વાસોશ્વાસ જીવનનું ચિહ્ન છે તે બંધ થાય તો ઈંડું સડી જાય. તે ગર્ભરસજ છે એટલે કોઈપણ પ્રકારે તેને શાકાહાર ગણવું એ એક છેતરપિંડી છે, ફરેબ છે. છતાં વેપારી સ્વાર્થ ને કોઈ બીજાં કારણોસર ફેલાવાતી નરદમ ભ્રાંતિ છે. તેમાં કોલેસ્ટોરોલ એટલું બધું વધારે હોય છે કે તેને લીધે લોહીનું દબાણ, હાર્ટએટેક, ગુર્દાની બીમારી, પિત્તની પથરી વગેરે

અનેક રોગો થાય છે, થયા છે. એક ઈંડામાં ચાર ગ્રેન જેટલું ઝેર હોય છે જે બીમારીનું ઘર છે. તેમાં કેલશીયમની ઓછપ છે તથા કાર્બોહાઈડ્રેટનો અભાવ છે તેથી તે આંતરડામાં જઈ સડો પેદા કરે છે. ઉત્પાદન વધારવા મરઘીઓને રસાયણો આપવામાં આવે છે, માછલીનો ભૂકો ખવરાવવામાં આવે છે તેને કારણે ખાનારાઓને ચામડીના રોગ થાય છે/થઈ શકે છે. નાનાં બાળકો માટે તો ઈંડાં નક્કર ઝેર જ છે. તેનાં કારણે બાળકોની રોગપ્રતિકારશક્તિ નાશ પામે છે/ઘટે છે ને તેમને લકવો થવાની સંભાવના વધી જાય છે. તેમાં પ્રોટીન વધુ છે તેવો પ્રચાર પણ જૂઠો છે. સોયાબીન, મગફળી ને દૂધના પ્રમાણમાં ઈંડાનું પ્રોટીન ઘણું ઓછું છે જે હલકી પ્રકારનું છે.

સર્વનાશી વ્યસન : શરાબ :

મદિરામાં અસંખ્ય ત્રસજીવોની સાક્ષાત્ હિંસા થાય છે. પદાર્થોને સડાવ્યા વિના શરાબનું નિર્માણ થતું જ નથી. તેની આદતથી અનેક માનસિક વિકાર અને દુર્ગુણ પીનારામાં આવે છે તેથી તે છોડવા જેવી ચીજ છે. અહંકાર, ભય, ઘૃણા, સનક, શોક, કામવાસના અને ક્રોધ, ક્રૂરતા આદિ અનેક વિકારો હિંસાના જ પર્યાયો છે. પુરુષાર્થ સિદ્ધિ ઉપાયનો ૪૪મો શ્લોક આનું સંસ્કૃત રૂપાંતર છે.

મધુની ઉત્પત્તિમાં અનેક માખીઓની હિંસા થાય છે. મધ તો ખરેખર માખીઓની ઊલટી અને મળ છે. તેથી તે બધી રીતે જ અભક્ષ્ય છે. શરાબનો વ્યસની ઇતર છએ વ્યસનનો ભોગી બની જાય છે. યાદવકુલનો નાશ મદિરાને કારણે થયો હતો તે પ્રસિદ્ધ વાત છે.

સૂર્યાસ્ત પછી અનેક પ્રકારનાં સૂક્ષ્મ જીવજંતુ વાતાવરણમાં સંચરણ કરે છે. કુદરતી પ્રકાશના અભાવમાં ખોરાકને પૂરો જોઈ-શોધી શકાતો નથી. મોડી રાત્રે ભોજન કરવાથી શરીરને અને પાચકતંત્રને પૂરતો ને જોઈએ એટલો આરામ પણ મળતો નથી. જીવન માત્ર ખાવા-પીવા માટે નથી. જીવવા માટે ખાવું છે તેથી ભોજનપાનની વ્યવસ્થા સંયમિત અને સીમિત હોવી જરૂરી છે. આ નિયંત્રણ આરોગ્યની દૃષ્ટિએ પણ જરૂરી છે તેથી જ રાત્રિ-ભોજનનો નિષેધ કરાયો છે. મહાભારતે તો નરકનાં ચાર દ્વારોમાં પ્રથમ દ્વારે રાત્રિભોજનને મૂક્યું છે. આમ સંતોએ માનવજીવનના સાચા હિતાર્થ આઠ મૂળગુણોનું આચરણ બધા જ મનુજો માટે આવશ્યક ગણ્યું છે. તે વિના અહિંસા અણુવ્રતનું પાલન સંભવ નથી.

પાપોનો પ્રવેશ :

આપણા જીવનમાં એકસો આઠ દરવાજાઓથી પાપ પ્રવેશ કરે છે. મન, વચન અને કાયને કૃત, કારિત અને અનુમોદનાથી ગુણતાં નવ થયા, તેને

સમરંભ, સમારંભ અને આરંભથી ગુણતાં સત્તાવીસ થયા ને તેને ક્રોધ, માન, માયા ને લોભથી ગુણતાં ૧૦૮ પાપાસ્રવના ભેદ થયા એટલે તો જપમાળામાં એકસો આઠ મણકા-દાણા હોય છે. આ માળા ગણતાં સંકલ્પ કરવો કે ૧૦૮ પ્રકારે થયેલાં પાપ આ જપથી નાશ પામો ને ભાવિમાં તે બધાં દ્વારો બંધ થાય. અહીં એક પ્રશ્ન ઊઠે છે કે પાપ-ભાવ મનમાં જાગે ત્યારે શું આ બધા જ દરવાજા ખૂલી જતા હશે ? ઉત્તર હામાં છે તેથી સાધકે સંસ્કારોથી ઊપજતી પાપ ભાવનાઓને, તેમનો અહિતકારી સ્વભાવનું ચિંતન કરી, તે ત્યાં જ શમન પામે તે માટે જપ – સ્મરણનો સહારો લેવો જોઈએ. જીવ જાગ્રત હશે, હોંશમાં હશે ને વિવેકયુક્ત હશે તો તે પાપવૃત્તિ પર અંકુશ લગાવી શકશે, મનની પવિત્રતા વડે તે શક્ય છે, ત્યાં વચન અને કાયાનો વેશ વગેરે કાર્યકારી બનતાં નથી. મનની નિર્મલતાનો જ સહારો જરૂરી છે.

એક વાત વિચારણીય છે કે મનમાં વિકાર થવા છતાં તેને વચન અને શરીરનો સાથ ન મળે તો વિકાર અધિક ન ફેલાતાં શાંત બની શકે છે. તે રસ્તા પર આવી જાય છે. તેથી તો ડાહ્યા માણસોએ કહ્યું છે કે મન જાવે તો જાને દે પણ શરીર તું મત જાના. ધનુષ્યની કમાન વગર બાણ શું કરી શકશે ? તેથી થાય તે ઉપાયો કરીને પાપભાવનાનો વિસ્તાર થતો અટકાવવો જોઈએ. મન તન વગર જ્યારે બેકાબૂ બને ત્યારે તેમને દંડપાઠ ભણાવવા જોઈએ, ને તે માટે ત્રિદંડની વ્યવસ્થા કરાઈ છે. મનનો દંડ પ્રાણાયામ. વચનનો દંડ છે મૌન અને દેહનો દંડ છે શ્રમ – નિષ્કામકર્મ. સંન્યાસીના હાથમાં જે દંડ છે તે આ બધાનું પ્રતીક છે. પણ આજે ત્યાં પણ તે કદાચ અર્થહીન બની બેઠું છે. તે બાબતે એક રહસ્યમયી દાસ્તાન વાંચો.

કેટલાક મિત્રો નર્મદાકાંઠે પિકનિકનો આનંદ લઈ રહ્યા હતા. તે જગ્યાની નજીક એક ઝાડ નીચે એક બાવો છાણાંની ગરમીથી બાટી શેકી રહ્યો હતો. ત્રણ નંગ બનાવી. ન ઘી ન દાળ ન શાક. પછી નદીમાંથી પાણી લઈ આવ્યો. ત્યાં આશ્ચર્ય બન્યું કે મહેનત કરી શેકેલી ત્રણે બાટી તોડીને નર્મદામાં અર્પિત કરી દીધી. બે મૂઠી રાખ પાણીમાં ઘોળી અને પી ગયા. ઝોળી ઉપાડી, ખભે નાખી ને ચાલતો થયો. પિકનિકવાળામાંથી એકે તેને રોક્યો ને પૂછ્યું. મહારાજ, સમજ ન પડી : ખાવી ન હતી તો બાટી બનાવી શા માટે ? નદીમાં કેમ ફેંકી દીધી. જરા સમજાવો આ વાત. સંન્યાસીએ પોતાની મનોવેદના નીચે મુજબ કહી : ભાઈ, નર્મદાની પરિક્રમા માટે નીકળ્યો છું. લગભગ પૂરી થવા આવી છે. ભિક્ષાટનથી માત્ર પેટ ભરવાનો સંકલ્પ છે. પર્યાપ્ત મળી જાય છે. મારું મન ત્રણ દિવસથી રોટીની રટ લઈ બેઠું છે. ચણા-ચવાણાથી તેને સંતોષ

નથી. રોટી જ જોઈએ છે; તેનું જ ભજન સ્મરણ ને રટન તે કરે છે. કાલે નર્મદામાતાના દર્શનમાં પણ મુદિત ન થયું, કીર્તનમાં પણ તેને રસ નથી. રોટીના જપ કર્યા કરે છે. ભિક્ષાટનમાં આજે ખૂબ મળ્યું. નમક મેળવ્યું છાણાં ભેગાં કર્યા. પથ્થર પર આટો બાંધી-ગૂંદી તેની બાટી બનાવી. પછી પાણી લેવા ગયો પણ મન બાટીઓમાં હતું : કદાચ કાગડો, કૂતરો ન લઈ જાય. કદાચ આપમાંથી કોઈ ઉઠાવી ન લે મેરા મનકા છપ્પન ભોગ ! પ્રદક્ષિણામાં માતાનાં દર્શન ન કરવા દે તે મિત્ર નહિ વૈરી છે. ને પછી વિચાર્યું કે આજે આ દુશ્મનને મજા ચખાડવી. એટલે બાટી તો આપી માછલીઓને અને આ ભટકતા વીરને આ છાણાંની રાખ પાઈ દીધી. કાલે એકાદશી છે ને નિર્જલ ઉપવાસ કરીશ ત્યારે આ નફ્ફટ મન માનશે. જૈસાની સાથે તૈસા બનવું તે જ ઉપાય છે. એટલે પાપાસ્રવનાં બધાં બારણાં ખૂલી જાય તેવું નક્કી નથી કે જરૂરી પણ નથી. સાવધાનીપૂર્વકની જાગૃતિથી ઘણાં દ્વારો બંધ રાખી શકાય છે, ને તેટલા પૂરતો પાપનો ભાર હલકો થવાનો જ. તેનાથી છૂટવાનો અભ્યાસ આ પ્રકારે થઈ શકે છે. મનના હરેક ઈશારે નાચવું જરૂરી નથી. જે વિચારમાં આવે તે ક્રિયામાં આવવો જોઈએ તેવું શા માટે ? પાપ તો વિષની લહર છે. જ્યાં જ્યાં તે રોકી શકાય ત્યાં ત્યાં રોકવા મથવું જોઈએ. જેટલી સફળતા મળી તેટલું તો જીત્યાને !

વિચારતાં ન જીત્યા તો કરવાથી બચો. કદાચ કરી નંખાયું તો ફરી ન કરવાનો સંકલ્પ કરો. સ્વયં બચી ગયા તો પછી બીજાઓને પણ બચાવી લો. જેથી તે દંડિત ન થાય. પાપની અનુમોદના કરી અન્યોને પ્રોત્સાહિત ન કરો. અનુમોદના પણ પાપ છે. જીવનને નિષ્પાપ કરવાનો આ ક્રમ છે, ઉપાય છે પણ આ બધું એક દિનમાં ન જ બને. અનાદિના સંસ્કાર છે. ધીરે ધીરે ભૂંસાશે / જશે. આનું નામ છે સાધના.

હિંસા, જૂઠ, ચોરી, કુશીલ ને પરિગ્રહ એ માનવને પતન તરફ લઈ જનારાં પાંચ પાપ છે. તેમાંથી મુક્તિ મેળવવા માટે પણ પગથિયાં છે. પ્રથમ નિયમ લેવો. જો તે આંશિક હશે તો અણુવ્રત કહેવાશે. જેની વાત હવે કરીશું. પણ સાધનાની ટોચે પહોંચવા પાપોનો સર્વથા ત્યાગ કરવો જરૂરી છે તે મહાવ્રત કહેવાય છે. જે મુનિરાજો-મહાપુરુષો માટે આચરણીય છે તેની ચર્ચા બીજે કોઈ સમયે થશે.

પાંચ અણુવ્રતો

પ્રથમ અહિંસા અણુવ્રત :

અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ વ્રતોમાં,

અહિંસા પ્રથમ ને પ્રમુખવ્રત છે. બીજાં ચાર સાધન છે જ્યારે અહિંસા તે સાધ્ય છે. પાક લેવા ખેતરને વાડ લગાવાય છે તેમ અહિંસાની રક્ષા માટે બીજાં વ્રત વાડનું કામ કરે છે. રાગદ્વેષની પૂર્તિ માટે, સંકલ્પપૂર્વક કોઈ પ્રાણીને પીડા પહોંચાડવી યા તેના પ્રાણોનો ઘાત કરવો તેને હિંસા કહે છે. આ હિંસાના સ્થૂલ ત્યાગને અહિંસા-અણુવ્રત કહે છે. પોતાનાં કર્તવ્યો અને જવાબદારીઓ નભાવવા, તથા મૂળભૂત અધિકારોનો ઉપભોગ કરવા માટે જે આરંભી, ઉદ્યોગી હિંસા કરવી પડે છે તેમાં વ્યક્તિની સ્વતંત્ર ઈચ્છા કામ કરતી નથી. ત્યાં તેને પોતાનો ગુજારો કરવા માટે એ ક્રિયાઓ કરવી પડે છે. એટલે આ કામોમાં હિંસા કરવી તે માનવની મજબૂરી છે, લક્ષ્ય નથી. આ બે પ્રકારની હિંસાની છૂટ વિના ગૃહસ્થ આશ્રમ ચાલી જ શકે નહિ. જ્યારે વિરોધી હિંસાની છૂટ મેળવ્યા વિના ગૃહસ્થ સન્માનપૂર્વક પોતાનો ને પોતાના કુટુંબનો જીવનનિર્વાહ કરી શકતો નથી. આશ્રિતો, ધર્મ, ધાર્મિક સ્થળો, સમાજ તથા દેશ, સાધુ-સંતો પ્રતિ સ્વકર્તવ્યનું પાલન કરવા જરૂર પડ્યે વિરોધી હિંસાનો આશરો અનિવાર્ય છે. શાસનની ને ન્યાયની વ્યવસ્થામાં પણ આનો સમાવેશ છે જ. પણ આવા પ્રસંગોએ આત્મરક્ષા અને નીતિનું લક્ષ્ય ભુલાવું ન જોઈએ. ત્યાં માત્ર હિંસા એ ધ્યેય નથી. આ પ્રથમ વ્રતમાં સંકલ્પી હિંસાનો સંપૂર્ણ ત્યાગ સાચવીને યત્નપૂર્વક એક પૂર્ણ સાત્ત્વિક જીવન જીવવાનો જ ઉપદેશ ને શીખ અપાઈ છે.

આ વ્રતના અતિચારો ને તેમાં રાખવા જેવી ભાવનાઓ પણ સમજવા જેવી છે. દરેક વ્રતના નિભાવ માટે સાવધાનીની ખૂબ આવશ્યકતા છે. કેટલાંક એવાં કાર્યો હોય છે / થાય છે, જેમાં સામાન્ય પણ પાપ જેવું દેખાતું નથી પરંતુ તેવાં કાર્યો તે મુજબ નિરંતર થતાં રહે/કરાતાં રહે તો તેમાં દૂષણના દોષ લાગે છે ને વ્રતભંગની આશંકા પણ જન્મે છે. આવાં કાર્યોને અતિચાર કહેવામાં આવે છે. ત્યાગના સંકલ્પને દૃઢ કરવા માટે જ્ઞાનીઓએ કેટલીક ભાવનાઓ પણ દર્શાવી છે. એટલે સાધકોએ અતિચારોથી બચવું અને વ્રતસમર્થક ભાવનાઓનું ચિંતન કરવું જરૂરી છે.

ખૂબ પાક-ફસલ મેળવવા માટે માત્ર બીજ વાવવું પર્યાપ્ત નથી. તે માટે ખાતર, પાણી ને સફાઈની વ્યવસ્થા ઉપરાંત નકામા ઊગતા ઘાસની નિંદાઈ પણ કરવી જરૂરી છે. તેમ વ્રતની રક્ષા માટે તેમાં લાગતા અતિચારોથી બચવું જરૂરી છે. અને ત્યાગને મજબૂત બનાવવા ભાવનાઓની ભાવના પણ આવશ્યક છે. આ વ્રતના પાંચ અતિચાર છે : છેદન, બંધન, પીડન, અતિભારારોપણ અને આહાર-વારણા. (૧) દુર્ભાવનાથી કાન-નાકનાં છેદ કરી

તેમાં કડી-કડાં-લગામ નાખી કષ્ટ આપવું તે છેદન-અતિચાર છે (૨) ખોટા ઇરાદાથી દોરડા વગેરેથી બાંધવું તે બીજો અતિચાર છે. (૩) લોભવશ શક્તિ અને મર્યાદાનો વિચાર કર્યા વિના વધુ વજન લાદવું તે ત્રીજો અતિચાર છે. ન્યાય વિરુદ્ધ અતિ કરભાર, દંડભાર ને કાર્યભાર પણ આમાં સમાય છે. (૪) દંડા, ચાબુક વગેરેથી શરીરપીડા કરવી તથા કઠોર શબ્દોથી અપમાન કરવું તે પીડન-અતિચાર છે. (૫) મલીનભાવોવશ અન્નપાનને અટકાવવાં – મોડાં દેવાં એ આહાર-વારણા છે.

અહિંસાવ્રતના પોષણ માટેની પાંચ ભાવનાઓ નીચે મુજબ છે (૧) મનને વિષયવાસનાઓમાં ન જવા દેવું તે મનોગુપ્તિ છે (૨) અનર્ગલ અને નિરર્થક પ્રલાપ ન કરવો. વિસંવાદ ને ક્ષોભ ઊપજે તેવાં વચન ન બોલવાં તે વચનગુપ્તિ છે (૩) ઊઠતાં-બેસતાં, ચાલતાં ફરતાં જીવહિંસાથી બચવાની સાવધાનીપૂર્વકની ક્રિયા તે ઈર્ષા-સમિતિ છે. (૪) સાવધાનીપૂર્વક ચીજો ઉઠાવવી-મૂકવી જેથી હિંસા ન થાય – જીવઘાત ન થાય તે આદાન-નિક્ષેપણ સમિતિ છે (૫) પવિત્રતા સાચવીને, ઉચિત સમયે, સાત્ત્વિક ભોજન કરવાં રાત્રિભોજન ન કરવાં તે આલોકિતભોજન-પાન સમિતિ છે.

સત્ય અણુવ્રત :

સત્ય અને અહિંસાને એવો ઘનિષ્ટ સંબંધ છે કે એકના અભાવે બીજાની આરાધના સંભવ જ નથી. બંને એકબીજાનાં પૂરક છે. અહિંસા યથાર્થને સૌન્દર્ય પ્રદાન કરે છે, ને યથાર્થ (સત્ય) અહિંસાને સુરક્ષા પ્રદાન કરે છે. અહિંસા રહિત સત્ય કુરૂપ છે ને સત્યવિનાની અહિંસા ક્ષણ-સ્થાયી છે. તેથી અહિંસાના આરાધક માટે સત્યની ઉપાસના અનિવાર્ય છે. ગૃહસ્થ-જીવનમાં અસત્યનો સંપૂર્ણ ત્યાગ થઈ શકતો નથી તેથી સ્થૂલ-જૂઠના ત્યાગ વડે સત્ય-અણુવ્રતની સાધના કરવી હિતકારી છે. સત્યના ત્રણ પંખ છે : હિત, મિત અને પ્રિય. આ ત્રણ ગુણ સહિતનાં વચનો સત્યનું કામ વ્યવહારમાં કરી શકે છે.

દ્રવ્યહિંસાને ભાવહિંસાની જેમ સત્યના પણ તેવા ભેદ કલ્પી શકાય છે. વાણીમાં શું અભિપ્રાય છે તે જોઈ વિચારી તેને સાચા કે જૂઠાના ખાનામાં રાખવાં જોઈએ. એક સંત એક વૃક્ષ નીચે બેઠા હતા ત્યાં એક હરણ ત્યાંથી કૂદકા ભરતું ભાગ્યું. પાછળ શિકારી હતો તે ત્યાં આવ્યો ને તેણે ઊલટી દિશામાં હાથ લંબાવી પૂછ્યું, મહારાજ હરણ આ દિશામાં ગયું ? હરણ તે દિશામાં ગયું ન હતું. કઈ તરફ ગયું તે તેઓ જાણતા હતા પણ તેના જીવન-મરણનો પ્રશ્ન હતો. જો તે ખરી દિશા બતાવે તો હરણની હત્યાનો સંભવ હતો અને શિકારીના ગલત અનુમાનને સમર્થન કરે તો શિકારી તે

દિશામાં જવાનો એટલે હરણનો જીવ બચી જાય. અહીં ખરેખર સત્યને બતાવવાને બદલે શિકારીની વાતને હાનો ટેકો આપ્યો ને શિકારી તે દિશામાં ગયો ને એક પ્રાણ બચી ગયો. આજ છે સત્ય-અણુવ્રત. આનાયે પાંચ અતિચાર છે. (૧) કોઈની નિંદા કરવી. કોઈની સાથે ગાલી-ગલૌચ કરવાં. વચનો વડે વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્રમાં સંક્લેશ અને અશાંતિનાં બીજ વાવવાં તેનું નામ છે "પરિવાદ" (૨) કોઈના રહસ્યને પ્રગટ કરવું. ગુપ્ત વાત બહાર પાડવી. દેશની રક્ષા, ઉદ્યોગ અને અર્થવ્યવહાર અંગેની મહત્ત્વની ને ગુપ્ત સૂચનાઓ પ્રલોભનવશ યા દુર્ભાવનાવશ બીજાને પહોંચાડવી. આ બધાં "રહોભાખ્યા" કહેવાય છે. (૩) ચાડી-ચૂગલી કરવી. બે પક્ષોમાં લડાઈ વધે તેમ મીઠું, મરચું ભભરાવી એકબીજાને વાત કરવી. કોઈની પાછળ તેની બદબોઈ કરવી આદિને "પૈશૂન્ય" કહે છે. (૪) નકલી દસ્તાવેજ તૈયાર કરવા. જાલી હસ્તાક્ષરોથી કોઈને દગો દેવો. કોઈ લખાણમાં ઠગવા માટે ફેરફાર કરવા. ખોટી વાત ફેલાવવી. સાચી વાત કબૂલ ન રાખવી વગેરે "કૂટલેખ ક્રિયા" નામનો અતિચાર છે. (૫) કોઈની અનામત પચાવી પાડવી, યા તેમાં વત્તાઓછાપણું બતાવવું. નોકરોને પૂરું વેતન ન આપવું. ભાગીદારીમાં બદદાનત કરવી. ટ્રસ્ટના નિયમોનું ઉલ્લંઘન કરવું વગેરે "ન્યાસાપહાર" નામક દોષ છે. સત્યની રક્ષા કાજે અને તેમાં ઉત્તરોત્તર નિર્મલતા લાવવા આ પાંચે દોષોથી બચવું જોઈએ. જૂઠું બોલવામાં ક્રોધ, માન, માયા ને લોભ તથા ભય અને હાસ્ય વગેરે એકનું કારણ હોય છે જ. તેથી બધા જ કષાયોથી બચવું જોઈએ. આ જાતના વ્યવહારને સત્યાણુવ્રતની ભાવનાઓ કહેવાય છે.

અચૌર્ય – અણુવ્રત :

ચોરી પણ હિંસાનો એક પ્રકાર છે. કોઈની ચીજ ચોરાય, અગર તે કંઈક ઠગાય છે તો તેના પરિણામ સંક્લેશિત બને છે. તેને માનસિક પીડા થાય છે. તેને ભૌતિક કષ્ટ સહેવાં પડે છે. તેથી જ્યાં સુધી ચોરીનો ત્યાગ ન કરાય ત્યાં સુધી અહિંસાનું પાલન થઈ શકતું નથી. તેમજ ચોરી છોડ્યા વિના સત્ય પણ નભી શકે નહિ. પૂછ્યા વિના, હક્ક વગરની ચીજ લેવી તે ચોરી છે તે સાથે ઠગવું અને બધાં અનૈતિક કામ ચોરી કહેવાય છે. તેથી ચોરીના સ્થૂલ ત્યાગને "આચૌર્ય અણુવ્રત" કહે છે. આ વ્રતના પણ પાંચ અતિચાર છે : (૧) વિધ વિધ ઉપાયો બતાવી ચોરીમાં સહાયક બનવું. તેની યોજના બનાવવી. પ્રયાસ કરવા-કરાવવા, તેની પ્રશંસા કરવી વગેરે ચૌરપ્રયોગ નામનો દોષ છે. (૨) જાણી જોઈને ચોરીનો માલ ખરીદવો. ગીરો રાખવો. ચોરીનાં સાધનો આપવાં. ચોરો સાથે આર્થિક વ્યવહાર રાખવા. સંરક્ષણ આપવું વગેરે ચૌરાર્થ-આદાન-

નામનો અતિચાર છે. (૩) કોઈની સ્થાવર યા જંગમ સંપત્તિ પડાવી લેવી. કોઈની જમીન યા મકાન પર ગેરકાયદે કબજો કરવો. સાર્વજનિક મિલકતો પચાવી પાડવી. આગ, બૉમ્બ ને તેજાબનો ઉપયોગ કરી બીજાઓને નુકસાન કરવું. લાંચ લેવી ને લૂંટફાટમાં મદદ કરવી – અનુમોદના કરવી વગેરે ''વિલોપ'' નામના અતિચારમાં આવે છે. (૪) મિલાવટ કરવી. નકલી માલ, દવાઓ વેચવી – બનાવવી. ખોટાનો ખરા નામે વ્યાપાર કરવો વગેરે કામો ''પ્રતિરૂપક વ્યવહાર'' નામના અતિચારમાં આવે છે. (૫) ખોટાં માપ-તોલ રાખવાં. રેલવેબસમાં ટિકિટચોરી કરવી. કરચોરી, ખોટા હિસાબો રાખવા વગેરે. પ્રતિરૂપક-વિનિમાન નામનો અતિચાર છે. આ વ્રતને દૃઢતાપૂર્વક પાળવું હોય તો નીતિથી કમાવું અને આવક કરતાં ખર્ચ ઓછો રાખવાનો સંકલ્પ કરવો જરૂરી છે. અપવિત્ર આવકથી ઘરમાં વ્યસનો, કલહો અને અશાંતિ આવવાનાં.

બ્રહ્મચર્ય – અણુવ્રત :

વાસનાશમનનો સાચો ઉપાય તો છે બ્રહ્મચર્ય. ભોગ ભોગવવાથી વાસનાની ક્ષણિક તૃપ્તિ થાય છે પણ તેનો અભાવ થતો નથી. ઊલટું તે બમણા વેગથી ઊભરે છે. શરૂઆતમાં સાધકમાં એટલી શક્તિ નથી હોતી કે બ્રહ્મચર્યમહાવ્રત પાળી શકે, તેથી તેને માટે ''સ્વદારાસંતોષવ્રત'' બતાવ્યું છે. દંપતી એકબીજાથી સંતુષ્ટ રહે, પ્રસન્ન રહે અને બહારના આકર્ષણનો અભરખો ન જાગે તેને ગૃહસ્થનું બ્રહ્મચર્ય-અણુવ્રત કહેવાય. સ્વપત્નીસંતોષ તે ગૃહસ્થનો ધર્મ છે. તેમાં જ બધી સુખશાંતિ છે. પુરુષ માટે એક પત્ની ને સ્ત્રી માટે એક પતિની મર્યાદા ઉચિત, ન્યાયસંગત અને નિરાપદ સિદ્ધ થઈ ચૂકી છે. આ બે વચ્ચે ત્રીજો આવી ત્રિકોણ બનાવે છે ત્યાં દામ્પત્યનો મહિમા તૂટી પડે છે. વિશ્વાસ ખતમ થાય છે અને તનાવ વધી જાય છે. અશાંતિનું વાતાવરણ પૂરા પરિવારને પ્રદૂષિત કરી દે છે. જીવનમાં એક ક્ષણ પણ સહજ રહેતી નથી. શરીરો એક છત નીચે હોય છતાં મનના અલગ અલગ ડેરા નિર્માણ થાય છે. પ્યારની જગ્યાએ અસંતોષની જ્વાળાઓ દૃશ્યમાન બને છે. હિંસા, જૂઠ, ચોરી ને પરિગ્રહનાં પાપ વ્યક્તિના જીવનને કલંકિત કરે છે પણ કુશીલનું પાપ પૂરા કુટુંબને પીડે છે. વ્યભિચારી માતપિતાઓના સંતાનોની દુર્દશાની કલ્પના કરવી મુશ્કેલ છે. પોતાની સુખશાંતિનો વિનાશ કરવા સાથે પૂરા પરિવારના સભ્યોના દર્દમાં કેટલી બધી હિંસા ગર્ભિત છે ! આ વ્રત અહિંસાનું સાધક ગણાય છે. આના વિના પાપત્યાગના અન્ય સંકલ્પ પળી જાય તે અસંભવ છે. આ વ્રતના પાંચ અતિચાર નિમ્ન પ્રકારે છે : (૧) બીજાનાં સગપણ માટે દોડાદોડ કરવી, તેની જ ચિંતા કર્યા કરવી. બીજી પત્ની કરવી વગેરે ''અન્ય વિવાહ-આકરણ''

નામનો અતિચાર છે. (૨) વાસનામય ચિત્રો, ચલચિત્રો જોવાં. અપ્રાકૃતિક તથા વિકૃત અને ઉચ્છૃંખલ યૌનાચારમાં રુચિ ને વર્તન રાખવાં તે ''અનંગ-ક્રીડા'' નામનો દોષ છે. (૩) કામ સંબંધી મનોરંજનમાં લગાવ, ભાંડ જેવી ચેષ્ટા કરવી, અશ્લીલ સાહિત્ય વાંચવું, પ્રચાર કરવો વગેરે ''વિરત્વ'' નામના અતિચારમાં ગણાય છે. (૪) તીવ્ર કામની વાસના રહેવી. તેમાં નિરંતર ચિત્ત જાય ને કામોત્તેજક નિમિત્તો ભેગાં કરવાં વગેરે ''તીવ્ર-કામાભિનિવેશ'' નામક દોષ છે (૫) ચારિત્ર્યભ્રષ્ટની સંગતિ કરવી ને પત્ની યા પતિ ભ્રષ્ટ બની ગયાં હોય તોયે દંપતી જીવન જીવવું તે ''ઇત્વરિકાગમન'' દોષ કહેવાય. સાધકે વિશેષ આસક્તિનો ત્યાગ કરી માત્ર વિકાર શમન માટે જ, ઔષધી સમાન મર્યાદિત કામસેવન કરવું જોઈએ, ભોજનની જેમ આમાં પણ મર્યાદાનું પાલન જરૂરી છે. સીમા તોડતાં શક્તિ ક્ષીણ બને છે ને રોગોનો હુમલો થાય છે. અને સંકલ્પશક્તિ ઘટતાં ધૈર્ય, સહનશીલતા આદિ ગુણો પણ પલાયન કરે છે. મનની શિથિલતા વધી જાય છે ને તેથી વિવેક પણ રફુચક બની જાય છે. આ વ્રતની ભાવનાઓ નીચે મુજબ છે :- (૧) વિકારોત્પાદક ગંદુસાહિત્ય વાંચવું નહિ (૨) કામવિષયક ચર્ચાવાર્તાનો ત્યાગ (૩) સ્ત્રીઓને ને તેમના અંગોપાંગને વિકારની દૃષ્ટિથી જોવાં નહિ (૪) પૂર્વકાલમાં ભોગવેલા વિલાસ સ્મરવા નહિ (૫) ઇન્દ્રિય લાલસા વધે તેવાં ગરિષ્ટ ને ચીકણાં ભોજન કરવાં નહિ (૬) શરીરની વિલાસિતા વધારવા માટેના શૃંગાર કરવા નહિ (૭) અંગોનું નગ્ન પ્રદર્શન થાય તેવાં ભડકતાં વસ્ત્રો પહેરવાં નહિ. હવે છેલ્લું અણુવ્રત ચર્ચી લઈએ.

પરિગ્રહપરિણામ – અણુવ્રત :

પરિગ્રહની તૃષ્ણાને પોતાને માટે અહિતકર સમજીને અંતરંગ અને બહિરંગ એમ બધા પ્રકારના પરિગ્રહોથી મમતા હટાવવી, પરિગ્રહનો ભાર ઘટાડવાના ઉપાય કરવા. પોતાની જરૂરિયાતને અનુરૂપ તેની સીમા બાંધવી. તેનાથી અધિકના સંગ્રહનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરવો વગેરેને પરિગ્રહ પરિણામ-અણુવ્રત કહે છે. પોતાની અંતહીન ઇચ્છાઓને સીમિત કરવાનું આ હથિયાર છે તેથી તેનું નામ છે ઇચ્છા-સીમિતવ્રત. હવે પરિગ્રહના પ્રકાર સમજીએ.

પરિગ્રહના ચોવીસ પ્રકાર કહ્યા છે. ચૌદ અંતરંગ અને દસ બાહ્ય. મિથ્યાત્વ યાને અવિદ્યા પ્રથમ પરિગ્રહ છે પછી ક્રોધ, માન, માયા ને લોભ તે ઉપરાંત હાસ્ય, રતિ, અરતિ, ભય, જુગુપ્સા અને શોક તથા સ્ત્રી, પુરુષ ને નપુંસક વેદ આ ચૌદ અંતરંગ પરિગ્રહ છે. ચેતનામાં ઊપજતી વિકારની સઘળી

તરંગ અંતરંગ પરિગ્રહ છે. તેનું બીજું નામ છે કામના. બહારના પરિગ્રહોમાં ક્ષેત્ર-વાસ્તુ, ધન-ધાન્ય, બેપગા-ચોપગા, પથારી-વાહન, કપડાં-વાસણ. આ બધાં અંતરંગ ને બહિરંગ પરિગ્રહોની સીમા બાંધી તેનાથી બીજાં બધાં બહારનાં અનંત પદાર્થોનો મન, વચન ને કાયાથી ત્યાગ કરવો. તે પરિગ્રહ-પરિમાણ અણુવ્રત છે. તેનું બીજું નામ છે ઇચ્છા-પરિમાણવ્રત. ઇચ્છાઓનો વ્યાપ અસીમ છે. જો તેને મર્યાદિત ન બનાવાય તો તે માનવને દાનવની જેમ ભયાવહ અને વિવેકશૂન્ય બનાવી દે છે.

મનુષ્ય જ્યારે પોતાની વાસનાઓને અધીન બને છે ત્યારે તે ઇચ્છે છે કે સર્વથી અધિક સુખ-સુવિધાઓ મારી પાસે હોય. મજાની વાત તો એ છે કે જેમ જેમ તેની ઇચ્છાઓની પૂર્તિ થતી જાય છે તેમ તેમ તેનો વિસ્તાર (દાયરા) વધતો જાય છે. તે કદી સમાપ્ત થતી નથી તે તેની ખૂબી છે. જે કદી ન ઓલવાય તેવી આગ છે. આજે સમાજમાં જે શોષણવૃત્તિ, અવિશ્વાસ, ઈર્ષા, દ્વેષ, છલકપટ, દુઃખ, દારિદ્રય, લૂંટ-માર અને શોકસંતાપ સર્વત્ર વ્યાપ્ત છે તેનું મુખ્ય કારણ છે પરિગ્રહવૃત્તિ. જે જમાખોરી, નફાખોરી અને સંગ્રહ વગેરે જૂજવા નામે પ્રચલિત છે. આ બધાં જ હિંસાનાં મૂળ છે તે સર્વથી બચવું અથવા તેમને કાબૂમાં રાખવામાં જ હિત-લાભ છે. તેથી ગૃહસ્થને ઇચ્છા-પરિમાણ વ્રતની શીખ અપાઈ છે.

પદાર્થો પ્રત્યે મનમાં લગાવ રહેવો. એમના વ્યામોહની મૂર્છામાં ખોવાઈ જવું વગેરે ભાવપરિગ્રહ છે. અને મનપસંદ ચીજોની માલિકી પ્રાપ્ત કરી લેવી, એ બધાં પર કબજો જમાવવો તેને દ્રવ્ય-પરિગ્રહ કહે છે. તેનું બીજું નામ છે ભૌતિક પરિગ્રહ. જે હોતાં અંદરની લોલુપતા છૂટે/ઘટે તેવું કદી બને નહિ. તેથી સાધુ માટે બહારના પરિગ્રહનો ત્યાગ અનિવાર્ય છે. અંતરંગમાં જેટલું મમત્વ છે તેટલા પદાર્થ મળી જાય તેવો તો નિયમ નથી જ પરંતુ બહારમાં જેટલું ભેગું કર્યું છે ને જેની રક્ષા માટે આપણે રાતદિન ચિંતાતુર છીએ, તેની ભારે મમતા ચોક્કસ આપણામાં છે જ. ડાંગરનું ઉપરનું પીળું ફોતરું રહે ને અંદરની લાલાશ હઠી જાય તેવું બનવું સંભવ નથી. આ વ્રતના પાંચ અતિચાર છે જે વિક્ષેપ ઉપજાવે છે. તેની વિગત સમજી લઈએ.

(૧) વધુ લાભની આકાંક્ષાથી શક્તિ કરતાંયે વધુ દોડધૂપ કરવી. દિનરાત તેની આકુલતામાં ફસાઈ રહેવું અને બીજાઓથી નિયમો વિરુદ્ધ અધિક કામ લેવું તે છે અતિવાહન નામક અતિચાર.

(૨) અધિક ફાયદો થાય તેવા ભાવે વપરાશની ચીજવસ્તુઓ વધુ વખત

માટે સંગ્રહી રાખવી અથવા વધુ નફાખોરીની ભાવનાથી સંગ્રહ કરવો તે અતિસંગ્રહ નામનો અતિચાર છે.

(૩) વધુ લાભ જોઈ અહંકાર કરવો. બીજાને વધુ ફાયદો થતાં વિષાદ કરવો, બળાપો કરવો, હાયહાય કરવું તે બધાં ''અતિવિસ્મય''ના દોષમાં આવે છે.

(૪) મનમાન્યો લાભ થવા છતાં વધુ લાભની આકાંક્ષા રાખવી. ખરીદ વેચાણમાં ખોટ જતાં સંક્લેશ કરવો અતિલોભ નામનો અતિચાર છે.

(૫) લોભવશ કોઈના ઉપર ન્યાય-નીતિની મર્યાદાઓ છોડી અધિક ભાર નાખવો તથા સામાવાળાની શક્તિ ન હોવા છતાં પોતાનો નફો, ભાગ, વ્યાજ વગેરે વસૂલ કરવાં તે અતિ-ભારવાહન નામનો અતિચાર છે.

પાંચ ઈન્દ્રિયોના વિષયો છે : સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ. તેના નામે અનેક વસ્તુઓના સંગ્રહની ભાવના વધારવી તે અહિતકારી છે તેથી તે વિષયો ઉપર નિત્ય નિયંત્રણની ભાવના રાખવી તે વ્રત બને છે.

પાપ દુઃખરૂપ છે, દુઃખના બીજરૂપ છે :

હિંસા, જૂઠ, ચોરી, કુશીલ અને પરિગ્રહ એ પાંચ પાપો દુઃખરૂપ છે. જેની સાથે હિંસા આદિનો વ્યવહાર કરાય છે તે તો દુઃખી થાય છે પરંતુ તે પાપો કરતી સમયે પાપ કરનારને પણ અનેક પ્રકારનાં દુઃખ ભોગવવાં પડે છે. પાપ કરતી વખતે મનુષ્યને આકુળતા, ભય, શંકા અને તૃષ્ણા વગેરે ન જાણે કેટલા પ્રકારની માનસિક પીડા સહેવી પડે છે તેથી પાપ જ પોતે દુઃખ છે. આગામી કાળમાં આ પાપોનું દુષ્ફળ ભોગવવું પડશે ને વિધવિધ પ્રકારનાં અસુખ જીવે ઉઠાવવાં પડશે તેથી પાપ દુઃખનું બીજ પણ છે. વધ, બંધન, કઠોર વચન, ઠગાઈ જવું, પોતાની ચીજની ચોરી થવી, પોતાના પરિવારનું અપમાન, અવમાન કે તિરસ્કાર મને પસંદ નથી તેમ આવુંબધું બીજાંઓને પણ પસંદ ન જ હોય. આમ વારંવાર વિચાર કરવાથી એવી આસ્થા જન્મશે કે હિંસાદિ પાપ માત્ર બીજાઓ માટે દુઃખદ નથી પણ તે બધાં મારા માટે પણ દુઃખદ છે ને ભાવિમાં નવીન દુઃખ ઉપજાવનાર બીજરૂપ છે. આજે તેની વાવણીમાં કદાચ સુખનો આભાસ થતો હશે પરંતુ કાલાન્તરમાં જ્યારે તેનો બૂરો પાક કાપવાનો આવશે ત્યારે જે પીડા ને સંક્લેશ અનુભવાશે તે અસહ્ય અને અકથ્ય હશે. ત્યાં કોઈ બચાવનાર નહિ હોય, તેથી નિર્ણય કરવો જોઈએ કે આવો કાંટાળો પાક લણવો જ નથી. મારું મેદાન મારે સળગાવવું નથી. અરે જોઈએ એટલું દાન આપીને પણ આવા પ્રસંગો ટળતા હોય તો તે અવસર ખોવા જેવા નથી.

શાસ્ત્રોમાં ડગલે ને પગલે પરિગ્રહને પાપ પોકાર્યું છે. જેણે જેણે આત્મકલ્યાણનો નિર્ણય લીધો તે બધાએ સૌ પહેલાં પરિગ્રહને છોડ્યા છે. સર્વ ધર્મશાસ્ત્રોમાં પરિગ્રહની ભારે નિંદા કરાઈ છે, પણ હકીકત સમસ્યારૂપ લાગે છે. સઘળી સુવિધાનાં સુખ સહેલાઈથી સંપાદન કરાવનાર સંપત્તિ પાપ કેવી રીતે કહેવાય – ગણાય ? તેથી કેટલાક તો તેને પુણ્યનું ફળ પણ કહે છે. તો પુણ્યનું ફળ પાપરૂપ કેમ હોઈ શકે. આવા અનેક પ્રશ્ન ઘણાના મનમાં પરિગ્રહ બાબતે ઊઠે છે. એટલે જો પરિગ્રહ પાપ છે તો તેના ડંખની સમજ ને ઓળખાણ કરવાં જરૂરી છે. તેથી તે અંગે થોડુંક વધુ વિવેચન કરી લઈએ.

અપરિગ્રહ :

એક વ્યક્તિને મકાન બનાવવું હતું. તેણે શિલ્પીથી પોતાના મનમુજબનો નકશો તૈયાર કરાવ્યો. નકશો સુંદર બન્યો હતો. ધન્યવાદ આપતાં શેઠે વાસ્તુકારને પ્રશ્ન કર્યો : કદીક કદીક નવા મકાનમાં પણ પાણી ટપકે છે તો આપ આ નકશામાં તે તે સ્થળો પર નિશાન કરી દો કે જ્યાં પાણી ટપકતાં મરામત કરાવી લેવાય. વાત ને વિનંતી સાંભળી એન્જિનિયરને આશ્ચર્ય થયું. તેણે તેની કારકિર્દીમાં આવી વિનંતી પ્રથમ વાર સાંભળેલી. તેથી તેણે કહ્યું : શેઠ, મારા નકશા મુજબ કામ કરાશે તો પાણી ટપકવાનો સંભવ જ નથી. છતાં કોઈ કારણોસર કદાચ કોઈ જગ્યાએથી પાણી ટપકે તો તે સમયે ત્યાં મરામત કરાવી લેવાય તે અંગે કોઈ ચિહ્ન કરવાં આજે તો શક્ય નથી. જ્યારે પાણી ટપકે, ત્યારે આપ ક્યાંથી ટપકે છે તે જોઈ લેજો ને ત્યાં મરામત કરાવી લેશો.

ભગવાન મહાવીરે પણ આપણને આપણા વ્યક્તિત્વ નિર્માણ કરવા એક નકશો આપ્યો છે જેના થકી આપણે કોઈ છિદ્રરહિત ભવન બનાવી શકીએ. એમણે જીવનનિર્માણ માટે એના ટેકનિકલ પરામર્શ પણ સાથે આપ્યા છે કે જો તે બધાનો યોગ્ય અમલ કરાય તો એક નિષ્પાપ અને નિષ્કલંક વ્યક્તિત્વ આપણે બનાવી શકીએ ને આપણાં જીવનમાં છિદ્રરૂપ પાપોનો પ્રવેશ થાય જ નહિ.

પરંતુ આપણે બધાએ ચૂક કરી દીધી છે. આપણા વ્યક્તિત્વનો મહેલ ઊભો કરતી વેળા આપણે મહાવીરની સૂચનાઓનું પાલન કર્યું નથી, તેના ફળરૂપે આપણાં જીવનમાં પાંચ પાપોનો પ્રવેશ થઈ રહ્યો છે, જો આપણે તે પરમાત્માની બતાવેલી રીતે જીવન જીવતા હોત તો ત્યાં કોઈ પાપના ચૂવા થવાનો કોઈ સવાલ જ ઊપજત નહિ. આમ આપણી સમક્ષ સમસ્યા છે કે, આપણા સછિદ્ર વ્યક્તિત્વને પરિપૂર્ણ બનાવવા માટે કયા ઉપાયો-ઉપચારો

સેવીએ ? બધાની જાણમાં છે કે આજે માનવજીવનમાં જગ્યાજગ્યાએ મલિન પાપરૂપી જળ ટપકી રહેલ છે. તેને કેવી રીતે રોકવું તે એક મોટો પ્રશ્ન છે. પાપ-પ્રવૃત્તિઓથી બચવા માટે ભગવાને સલાહ આપી છે કે નિરંતર આત્મ-અવલોકન કરતા રહેવું અને જે આચરણ દ્વારા આપણા જીવનમાં પાપોનો પ્રવેશ થાય છે તે આચરણને પૂરી સતર્કતા ને સાવધાની સાથે અનુશાસિત કરવા/રાખવાનો પ્રયત્ન કરવો.

પાપની જડ : લિપ્સા :

આજે આપણા જીવનમાં પરિગ્રહે બાકીનાં ચારે પાપોનાં બારણાં ખુલ્લાં મૂકી દીધાં છે. આજ તે પરિગ્રહ કેન્સરના રોગની જેમ આપણા મન-મસ્તિષ્ક પર કબજો જમાવી બેઠો છે. જીવનમાં ઊગી રહેલી પાપ-વેલીને રોકવા માટે સૌ પ્રથમ આપણી પરિગ્રહ-લિપ્સા પર અંકુશ મૂકવો જોઈશે. તે વિના નિષ્પાપની દિશામાં ડગલુંયે ભરાશે નહિ. હિંસા, જૂઠ, ચોરી અને કુશીલથી સૌ ઘૃણા કરે છે પણ પરિગ્રહની કોઈ ઘૃણા કરતું નથી, ઊલટું તેના સાન્નિધ્યથી આપણે પોતાને સુખી, ભાગ્યવાન અને સંપન્ન સમજીએ છીએ. આ પરિગ્રહ-પ્રિયતા અંદર પણ જકડે છે ને હિતાહિતનો વિવેક પણ છોડાવી રહેલ છે. આજે આ પરિગ્રહભૂત પાછળ માનવ એવો પાગલ બન્યો છે કે તેના અર્જન અને સંરક્ષણ માટે કરણીય અને અકરણીય કોઈ પણ કૃત્ય કરવા તે હરદમ તૈયાર છે. સામાન્યતઃ માનવ હિંસક થવા – બનવા ચાહતો નથી પણ પરિગ્રહના સંગ્રહ અને સંપાદન માટે ગમે તેટલી અને ગમે તેવી હિંસા કરવી પડે તોયે તે કરી દેવાય છે.

આપણે સ્વપ્નમાં પણ જૂઠ અને ચોરીમાં પ્રતિષ્ઠા માનતા નથી. પરંતુ પરિગ્રહને પ્રાપ્ત કરવા ને જોડવા ગમે તેટલું જૂઠું બોલવું પડે તોયે તેમાં અચકાતા નથી. ગમે તેવી ચોરી કરવી પડે તોયે તે કરી નાખવા હિંમત કરીએ છીએ. આજે સર્વત્ર કુશીલ નિંદાપાત્ર મનાય છે. પરંતુ પરિગ્રહના પાલન પોષણ માટે ગમે તેવો કુશીલ-વ્યવહાર કરવા સૌ આજે હરદમ તત્પર – તૈયાર છે. પરિગ્રહને કારણે નાનોભાઈ મોટાભાઈને ડોરા કાઢે છે. તેનું અપમાન કરે છે. વળી બીજે મોટાભાઈ નાનાભાઈને કોર્ટકચેરીમાં ઘસડે છે યા ખતમ કરવા યોજના બનાવે છે. પરિગ્રહને કારણે પતિ-પત્નીમાં કચવાટ જોવા મળ્યા છે અને મિત્રોમાં મન-ભેદ થતા રહ્યા છે. ભાઈ-ભાઈના ઝઘડા, વેવાઈ-વેવાઈમાં હુંસાતુંસી, વરવહુમાં કડવાશ, ત્યક્તાઓની રંજાડ, દહેજની રાક્ષસી વેદી, નવપરિણીતાઓમાં અગ્નિસ્નાન જૂઠ-ચોરીને કારણે નથી. વ્યભિચારનો પણ તેમાં હાથ નથી. આ ને આવાં બધાં ઘણાં માત્ર પરિગ્રહ-લિપ્સાનાં જ કુફળ

છે જેના કારણે માનવતાના મુખ પર મેંસ ચોપડાઈ રહી છે અને સમાજમાં દુર્ગંધમય વાતાવરણ ઉપજાવ્યું છે. આ બધી ઘટનાઓમાં આપણો લોભ, લાલચ અને અતૃપ્ત આકાંક્ષાઓ જે કદી વૃદ્ધ થતાં નથી, કામ કરી રહી છે.

જૈન સંહિતામાં પરિગ્રહની લિપ્સાને બધાં પાપોની જડ કહી છે. માનવ પરિગ્રહ માટે હિંસા કરે છે, જૂઠ બોલે છે, ચોરી કરે છે અને વ્યભિચાર પણ આચરે છે. આજે પરિગ્રહ સૌથી મોટું અદમ્ય અને અકળ પાપ છે. તેની પીઠ પર ચઢીને બાકીનાં ચારે પાપ પોતાના પગ પહોળા કરે છે. લિપ્સાના કાણા દ્વારા જ આપણા જીવન-મહેલમાં અનેક પાપનાં પાણી ટપક્યા કરે છે ને ધરતીને બેસવા – આરામ કરવા જેવી રાખતા નથી.

આચાર્ય પૂજ્યપાદ સ્વામીએ ઇષ્ટોપદેશના ૧૫મા શ્લોકમાં કહ્યું છે કે,

આયુક્ષય ધનવૃદ્ધિનું, કારણ કાળ જ જાણ.
પ્રાણોથી પણ લક્ષ્મીને ઇચ્છે ધની અધિકાન.

લોભી જીવને આચાર્ય વ્યંગમાં કહે છે કે આપની પરિગ્રહ-પ્રિયતા વિલક્ષણ છે, કાલ જેમ વ્યતીત થાય છે તેમ તમારી લક્ષ્મી વધી રહી છે. પણ તે વખતે તમો ભૂલી જાવ છો કે તમારું આયુ પણ ક્ષીણ થઈ રહ્યું છે. વિચિત્રતા એ છે કે લોભગ્રસિત જીવ પોતાના પ્રાણો કરતાંયે ધનસંપત્તિને વધુ ચાહે છે. આ છે પરિગ્રહ લિપ્સાનો અપ્રતિમ મહિમા !

વાસ્તવમાં આપણાં આર્થિક ચિંતનમાં ગમે તે ઠેકાણે કોઈ ભૂલ થઈ રહી છે. જેથી આપણે આપણાં જીવનમૂલ્ય તે પરિગ્રહ સાથે જોડી શકતા નથી. મકાન બનાવવામાં જમીન, ઈંટો, ચૂનો, લાકડું, લોખંડ, કારીગરોની મજદૂરી વગેરેનો હિસાબ ગણ્યો, પણ આ કાર્યમાં પોતાનાં અણમોલ આયુનાં વર્ષનો જે વ્યય થાય છે તેનો હિસાબ તેમાં ન ગણ્યો તે એક આશ્ચર્ય છે. ઈંટ ઉપર ઈંટ જોડતાં જે સમય વહે છે તે સમયે જીવનક્ષણ પણ વહે છે. તે વહી જતા શ્વાસનું મૂલ્ય ગણતરીમાં લેવાતું નથી ! સૌ જાણે છે કે શ્વાસોની પણ એક નિશ્ચિત સીમા છે, અંતિમ ઈંટની સાથે અંતિમ શ્વાસનો કોઈ સંબંધ પણ હોઈ શકે છે. તો ત્યાં મકાનની ખરી લાગત કેટલી ગણવી ? સંસારમાં જીવન ગુજારવા માટે પરિગ્રહ ભેગો કરવો પડે છે ને તેનું સંરક્ષણ પણ કરવું પડે છે. પણ તેની જાલમાં ફસી, સંગ્રહને જ જીવનનું લક્ષ્ય બનાવી દેવું તેમાં કોઈ બુદ્ધિમાની તો નથી જ. ઇચ્છાઓની સીમા બાંધી, આકાંક્ષાઓની અસીમતા પર અંકુશ લગાવી આપણે સંપત્તિની સાથે શાતા, સુખ અને સંતોષનું અર્જન પણ કરી શકીએ છીએ. તેમ કરવું કર્તવ્ય છે. પણ આજે સૌ તે તરફ દુર્લક્ષ્ય રાખે છે ! વિડંબના છે !

સુખનું મૂળ : સંતોષ :

કહેવાય છે કે પહેલાં દરેક ગૃહસ્થના આંગણામાં કલ્પવૃક્ષો હતાં જે દ્વારા તે પોતાની ઈચ્છા મુજબ પોતાની આવશ્યકતાઓ પ્રાપ્ત કરી શકતો હતો. તે વખતે માનવને સંગ્રહનો રોગ લાગુ પડ્યો ન હતો. તે સમયે તેની જરૂરિયાતો મર્યાદાયુક્ત હતી. પૂરો સમાજ તે વખતે છીના-ઝપટીનો હતો જ નહિ અને સંચયની હોડ પણ દેખાતી ન હતી. આજે પરિસ્થિતિ ને વાતાવરણ જુદાં છે. સાદગીનું સૌન્દર્ય અને સંતોષની સુગંધ આપણા જીવનમાં ક્યાંય પણ દેખાતાં નથી. આય અને વ્યયનું કોઈ સંતુલન રહ્યું નથી. આપણી અસીમ વાંચ્છાઓથી ડરી, ગભરાઈને કદાચ કલ્પવૃક્ષો ક્યાંક સંતાઈ ગયાં યા અલોપ બની ગયાં છે. તે નાશ પામ્યાં નથી. આજે પણ સંગ્રહની તૃષા ન હોય, આકાંક્ષાઓ સીમિત બને તો હરેક આંગણમાં કલ્પવૃક્ષ ઊગી-ઉગાડી શકાય છે. આ વાત સંત કબીરે કહી છે કે,

ગોધન, ગજધન, વાજિધન, ઔર રતનધન ખાન,
જબ આવે સંતોષ ધન, સબ ધન ધૂલિ સમાન.

સંતોષનો જન્મ થતાં જ બધાં ધન મહત્ત્વહીન બની જાય છે. આજે આપણે બધાએ ધનસંપત્તિને સુખદુ:ખ જોડે સાંકળી દીધી છે. ખરેખર આ મિથ્યા પ્રક્રિયા છે – માન્યતા છે. વિચાર કરીએ તો માલૂમ પડશે કે, સુખદુ:ખ ધનસંપત્તિમાં નથી જ, તે તો આપણી સમજમાં નિહિત છે. કોઈ પદાર્થ કે કોઈ જીવની સાથે આપણો કેવો રાગાત્મક સંબંધ છે, તે મુજબ આપણને સુખદુ:ખની અનુભૂતિ વર્તે છે.

સંપત્તિ સાથે જે અપેક્ષાઓ આપણે જોડી દીધી છે તે અનુસાર આપણાં સુખદુ:ખનાં માપ બદલાતાં રહે છે, કોઈને મકાન મળે તો સુખ થવાનું માન્યું છે, મકાન મળ્યું પણ દુર્ભાગ્યવશ તેને આગ લાગી ગઈ તો તે દુ:ખી થાય તે સ્વાભાવિક છે. પરંતુ પરિગ્રહપિચાશ આ જાતના ગણિતને પણ પલટાવી દે છે. એવું પણ બને છે કે મકાન મળતાં માલિકની આકુલતાઓ વધી જાય છે ને તે સળગી જાય તો તે સુખી બન્યાનું જણાય છે. વિચિત્ર રીતે હાશનો અનુભવ ઊપજે છે ! આનાથી વિપરીત જમાનાને અનુકૂળ એક કિસ્સો સાંભળો.

શેઠનું મકાન શહેરમાં હતું. મકાન જૂનું અને ભાડૂત પણ જૂનો. પાછલું ભાડું જ્યાં પૂરું વસૂલ થતું નહિ તો તેમાં વધારો કરવાની વાત કેવી રીતે કરાય ! નગરપાલિકાના ટેક્ષ પણ શેઠ ભરતા હતા. મકાન વેચવાની વાત વહેતી મૂકી પણ લાખ-બે લાખમાં ખરીદનાર વિચાર કરતા હતા. કારણ કે

પૂરો કબજો મળવો મુશ્કેલ હતો. ત્યાં એક દિવસ પરિચિતનો ફોન આવ્યો કે તમારું ત્રણમજલાનું મકાન રાખનો ઢગલો થઈ ગયું છે. ખબર સાંભળતાં જ ઘરમાં શોકનું રાજ્ય પ્રસરી ગયું. ચૂલો પણ સળગ્યો નહિ. અરે શહેરમાં એક જ મકાન તો હતું જે આજે પાપોદયે ચાલી ગયું. પાડોશીઓ આવી ગયા. આશ્વાસન આપતા રહ્યા. જાણે કે કોઈનું ઘરમાં મૃત્યુ થઈ ગયું હોય !

સાંજે એક દલાલ આવ્યો ને શેઠને બોલ્યો : પાંચ લાખમાં સોદો કરવો હોય તો એક લાખ બાનાના લાવ્યો છું. શેઠ નિશ્વાસ સાથે વદ્યા : ભાઈ ઘા ઉપર મીઠું શા માટે ભભરાવો છો ? જે મકાન વેચવાનું હતું તે તો આગ ભરખી ગઈ, ત્યાં માત્ર રાખ પડી છે. દલાલે હસતાં કહ્યું : શેઠ હું બધું જાણું છું. મેં જાતે ત્યાં આગ જોઈ છે. પહેલાં કબજો મળવો મુશ્કેલ હતો તેથી ઘરાકો ન હતા ને જે હતા તે પણ વિચારતા હતા, હવે ત્યાં ખાલી જમીન છે. કાલથી ત્યાં નવું નિર્માણ શરૂ કરી શકાય તેમ છે. તેથી હવે કેટલાયે ગ્રાહક આવશે. પણ મારી સલાહ છે કે ઉતાવળ ન કરતા – સાત-આઠ લાખ માટે તો હું આશાવાન છું. આવી વાત સાંભળી ઘરમાં વાતાવરણ બદલાઈ ગયું. રુદનની જગ્યાએ ખુશીની લહરો છૂટી. ચૂલો સળગ્યો. મીઠાઈઓ થઈ. ચા-નાસ્તો વહેંચવો શરૂ થયો. બધે આનંદઆનંદ વ્યાપ્યો.

આ એક મનનું વિચિત્ર ચિત્ર છે, ઘણી વખત સંપત્તિ હોવા છતાં સુખ ને સંતોષ હોતાં નથી. ને તેને આગ લાગતાં નવા સુખનો અનુભવ પણ થાય છે. અહીં શું નિયમ માનવો તે પ્રશ્ન છે : મકાન હોવામાં સુખ કે તે બળી જાય તેમાં સુખ ! આથી એમ સમજવું જોઈએ કે સુખ યા દુઃખ બંને આપણા હાથમાં છે. ગમે તેવી ઘટના બને, કોઈપણ પરિસ્થિતિ ઊભી થાય, સુખ યા દુઃખનો અનુભવ કરવો તે વ્યક્તિના વશની વાત છે. ઊંચે જોયે ઈર્ષા આવે ને નીચે જોયે દયા આવે. આપણથી અધિક સુખી વ્યક્તિઓને જોવાથી આપણી ઓછપનું દુઃખ થાય છે અને અધિક દુઃખી આદમીઓનો વિચાર કરતાં આપણને સુખનો અનુભવ થાય છે કે તેનાથી તો આપણે ઘણા સારા છીએ/સુખી છીએ. પરંતુ દુનિયાના લોકોએ ભ્રાન્તિવશ સુખદુઃખનો સીધો સંબંધ પરિગ્રહના સંયોગ-વિયોગ સાથે જોડ્યો છે તે મોટી ભૂલ છે ને ગલત ધારણા છે.

પરિગ્રહે શું આપ્યું ?

લાલસાલિપ્ત અમારું મન જ્યાં જ્યાં પહોંચી શકે છે, ત્યાં ત્યાં સર્વત્ર જે કંઈ છે તે અમારો પરિગ્રહ છે. આ મનની લાલસા ચિત્તને વ્યામોહના કૂંડાળામાં ફસાવી લે છે. આચાર્યોએ આ વૃત્તિને મૂર્છા નામ આપ્યું છે. જેના મનમાં

પરપદાર્થ પ્રત્યે ઊંડી મમતા છે, મૂર્છા છે, આખો સંસાર તેના માટે પરિગ્રહ છે. અને જેના મનમાંથી આ મૂર્છા-ભાવ વીગત થયો છે તે સંસારમાં રહે છે પણ તેનો કોઈ સંસાર નથી, આજે પરિગ્રહની લાલસા વડે ઉપજેલ અસંતોષ માનવને બધી જ વર્જિત દિશાઓમાં લઈ જઈ રહ્યો છે, કામનાઓથી પીડિત પત્ની પોતાના પતિથી તૃપ્ત નથી, ધનના મદમાં નિત્ય નવીનતા ચાહનારો પતિ સ્વપત્નીમાં કંઈ વિશેષ દેખતો નથી જ. તેની નજર બીજે ભટકે છે. જ્યાં સાક્ષાત્ વ્યભિચાર શક્ય નથી ત્યાં માનસિક વ્યભિચાર નિરંતર ચાલે છે જ, જીવન તનાવયુક્ત છે ને નરક બની ગયું છે, જેની પાસે જે છે તેનાથી તે સંતુષ્ટ નથી.

કોયલનું નવજાત બચ્ચું રોતું હતું. તેને તેનાં કાળાં પંખ ગમતાં ન હતાં, તેને મયૂરનાં સપ્તરંગી પંખ જોયાં હતાં ને તે મળે તેવી ભાવનાથી તે રડતું હતું. તેની માએ તેને ઘણું સમજાવ્યું પણ તે એકનું બે ન થયું. થાકીને મા તેને મયૂરી પાસે લઈ ગઈ. કદાચ ત્યાં પડેલાં પંખથી બચ્ચી માની જાય, પણ ત્યાં નવો તમાસો હતો. મોરનો દીકરો પોતાના કર્કશ અવાજથી દુઃખી હતો ને તેણે તેની મા આગળ હઠ લગાવેલી કે મને કોયલનો કંઠ અપાવ. આપણા જીવનમાં પણ આવું જ બની રહ્યું છે. જેની પાસે જે છે તેનાથી તેને સંતોષ કે સુખ નથી ને તેની પાસે જે નથી પણ બીજાની પાસે છે તે ચીજના અભાવને કારણે સૌ દુઃખી થઈ રહ્યાં છીએ. આમ સર્વત્ર જેની પાસે કંઈક નથી તેને પ્રાપ્ત કરવા તે દુઃખી છે ને જેની પાસે કંઈક છે તે પણ સુખી નથી કારણ કે તે વળી બીજા કંઈકને મેળવવા વ્યાકુળ છે. આમ આખું વિશ્વ લાલસાવશ રાતદિન દુઃખ ભોગવે છે, પરિગ્રહ-પ્રીતિએ માત્ર અતૃપ્તિ – અંતહીન અધૂરાશ સૌને બક્ષી છે, અર્પણ કરી છે.

પરિગ્રહનું અર્જન અને સંકલન મૂળમાં સુખ ભોગવવાની દૃષ્ટિથી કરવામાં આવે છે. પરંતુ લિપ્સા લલનાએ એવો જાદુ કર્યો છે કે સંચય તે સૌનું છેલ્લું લક્ષ્ય બની ગયું છે ને બધા જ છેલ્લા શ્વાસ સુધી પરિગ્રહનાં પોટલાં બાંધવા મથી રહ્યા છે. ભેગું કરેલું ભોગવવું, ને તે પોતાના આશ્રિતો અને બીજા પાડોશી વગેરેના હિતમાં વાપરવાની કોઈ નાની-મોટી યોજના આપણી પાસે નથી ! એમ લાગે છે કે સંપત્તિ આપણા માટે આવતી નથી પણ અમો સંપત્તિ માટે જન્મ્યા છીએ. મધપુડાની માખી જેવી ભૂંડી દશા આપણી છે, આજે તો સૌ દુનિયાના બજારમાંથી પોતાની દુકાન સમેટવા રાજી નથી જ.

આજે સૌના અનુભવમાં આવી રહ્યું છે કે, આજે પરિગ્રહ પ્રત્યે આંધળી લાલસા બધાં જ પાપો અને અનેક અનીતિઓનું કારણ બની આપણા જીવનને

મલિન અને પ્રદૂષિત કરી રહી છે. જો આ પ્રદૂષણથી બચવા ને જીવનને સ્વાભાવિક સુગંધી અને પવિત્રતા પ્રદાન કરવાં હોય તો આપણે આપણી પરિગ્રહલાલસા પર ચિંતન કરવું જરૂરી છે. બીજો કોઈ માર્ગ છે જ નહિ. તૃષ્ણાનો ડંખ ઝેરીલો હોય છે. તેની લહર જ મનની પ્યાસ વધારે છે. ચિત્તમાં ક્ષોભ આકાર લઈ બેસે છે. માનવ એક કરુણ માનસિકતાનો શિકાર બની જાય છે. આ અંગે એક કાવ્યકડી નોંધપાત્ર છે :

તે પરાધીન છે, સૌથી મોટો ભિખારી છે.
જેમાં અનંત અભિલાષા છે, છતાં સંતોષ નથી.

કોઈ રાજાનું લશ્કર જઈ રહ્યું હતું, પાડોશી રાજ્ય ઉપર ચઢાઈ માટે. હાથી, ઘોડા, પાયદળની વચ્ચે એક શણગારેલા ગજરાજ ઉપર રાજા છાતી કાઢીને બેઠા હતા. એકાએક એક દિશામાંથી એક સિક્કો ત્યાં આવ્યો ને રાજાના નાક પર ઘા કરી બેઠો. પીડા થતાં તે નીચે ઊતર્યા. પરિચારકોએ સેવા શરૂ કરી. એકાદ સિપાઈ એક ફકીરને પકડી લાવ્યો. જેણે આ કામ કર્યું હતું. સેનાપતિએ તેને જોયો ને ક્રોધિત થઈ ગયા ને ફકીરને પૂછ્યું : 'અરે બાદશાહ ઉપર હુમલો કરવાની હિંમત કેમ કરી ?' ફકીરે શાંતભાવે ઉત્તર કર્યો : મારો ઈરાદો શહેનશાહને ઈજા પહોંચાડવાનો કદીએ હતો નહિ. એક ભક્તે મને આ રૂપિયો આપેલો તે મેં મારા ગુરુને બતાવ્યો ને આપ્યો. ફકીર પૈસા રાખે નહિ, કોઈ ગરીબને આપી દેજેનાં વચનો કહી તેમણે તે રૂપિયો મને પાછો આપ્યો. રાતભર તે મારી ઝોળીમાં રહ્યો પણ મનમાં ભારે બોજરૂપ બની ગયો. તેની હાજરી મારા રોમોને બેચેન બનાવતી હતી. તે મને કાંટાની જેમ ખૂંચી રહ્યો હતો. તેથી સવારથી આ સડક પર કોઈ જરૂરતવાળાની રાહ જોતો બેઠો હતો કે કોઈ આવે ને મારો ભાર ઓછો કરું. બાદશાહની તરફ નજર કરી પુનઃ ફકીર કહેવા લાગ્યો : 'આપ એટલા ઊંચા બેઠેલા કે મારે રૂપિયો આપની તરફ ઉછાળવો પડ્યો. જરૂરિયાતથી પીડિતોએ આટલા ઊંચા ન બેસવું જોઈએ, જેથી દાતારનો હાથ પણ પહોંચે નહિ. વળી આપના હાથમાં ભિક્ષાપાત્ર પણ હતું નહિ તેથી તે સિક્કો આપના ચહેરા ઉપર પડ્યો. હું તો આપને માત્ર મદદ કરવા ઈચ્છતો હતો. ચોટનો ભાવ મારામાં જરાયે હતો નહિ.' દર્દ થતું હતું છતાં ફકીરની ગજબની વાત સાંભળી બાદશાહને હસવું આવી ગયું ને બોલ્યા : 'મને ભિખારી સમજી તમોએ મને રૂપિયો આપ્યો તે તમારી બુદ્ધિની બલિહારી છે. જાણો છો કે હું કોણ છું ?' સ્મિત સાથે ફકીરે કહ્યું : 'જહાંપનાહ, હું તો આપને ઓળખતો નથી. સિપાઈઓને પૂછ્યું તો જણાવ્યું કે તે એક બાદશાહ છે ને પોતાના રાજ્યને વધારવા પાડોશી પર ચઢાઈ કરી રહ્યા છે.

મારા જીવનમાં મેં ઘણા ભિખારી જોયા છે પણ તેમની ઈચ્છાઓ મામૂલી ને સામાન્ય પ્રકારની હોય છે. આજે જ આપ જેવા મોટા અને રુઆબદાર ભિખારીને જોયો. આનાથી મોટો ભિખારી અન્યત્ર નહિ મળે તેવું લાગતાં મેં મારી ઝોળીનો રૂપિયો આપને આપવા માત્ર કોશિશ કરી છે. જે પોતાની મોટાઈ ને શાન વધારવા બીજાને નેસ્ત-નાબૂદ કરવા જઈ રહ્યો છે તેનાથી મોટો કોઈ ભિખારી બીજો ક્યાંથી શોધવો ?'

લોભ ને તૃષ્ણા આમ રાજાને પણ રંક-ભિખારી બનાવી દે છે. જે આશાના ગુલામ થાય છે તે સારા સંસારના ગુલામ છે. પણ જેમણે આશાને ગુલામ બનાવી છે તેમના વશ બધી દુનિયા વર્તે છે. તે લોકવિજયી બની માનવતાના માર્ગદર્શક બને છે. તેથી સૌએ પોતાની અતૃપ્ત આકાંક્ષાઓ અને અનાવશ્યક આવશ્યકતાઓને ઓળખી-પારખી તેના ઉપર અંકુશ લાવવા મથવું જોઈએ.

ગામડાની શાળામાં એક દિવસે બે વિદ્યાર્થીઓ મોડા આવ્યા. શિક્ષકે બંનેને મોડા પડવાનું કારણ પૂછ્યું. એકે કહ્યું : 'સાહેબ, મારી પાસે એક રૂપિયો હતો તે રસ્તામાં ક્યાંક પડી ગયો તેને શોધવા રહ્યો. તે મળ્યો નહિ ને મારો પીરિયડ પણ ગયો. એમ કહી તે રડી પડ્યો. બીજાએ દંડના ભય સાથે કંપતા સ્વરે કહ્યું : તેનો રૂપિયો પડ્યો ને મેં જોયો કે તરત જ મેં પગ નીચે દબાવ્યો, પેલો ત્યાંથી હઠે નહિ ત્યાં સુધી તે રૂપિયાને હું કેમ ઉઠાવું ? તેથી મોડું થયું.'

ઘટનાની દૃષ્ટિથી વિચારીએ તો બન્નેની ભૂમિકામાં અંતર છે. એકે કંઈ ખોયું છે જ્યારે બીજાએ કંઈક મેળવ્યું છે. પણ પ્રતિફળની દૃષ્ટિથી જોઈએ તો બંને દુ:ખી છે. ક્લાસ ચૂક્યા બંને, તેથી બંને દંડના ભાગીદાર-ભોગી છે. જેનું કંઈ ખોવાયું છે તેને ખોવાયાની પીડા છે જ્યારે બીજાને મળ્યું છે પણ તે જતું ન રહે તેનો ભય ને ચિંતા સતાવે છે. આમ સંસારમાં પણ બધા દુ:ખી છે. જેની પાસે કશું નથી તે સંપત્તિના અભાવની પીડાથી દુ:ખી છે અને જેની પાસે કંઈક છે તે પરિગ્રહના સદ્ભાવમાં થવાવાળાં દુ:ખ અને ફિકરને કારણે દુ:ખી છે. દુ:ખોને જન્મ દેનાર આકાંક્ષાઓ અને આકુળતાઓ સઘળા જીવોના મનમાં છે પરંતુ સુખને ઉત્પન્ન કરનારી નિરાકુલતા, સહિષ્ણુતા અને સંતોષ આજે કોઈની પાસે નથી. સંતોષ અને અનાકાંક્ષા વિના સુખની કલ્પના કોઈને થઈ શકે તેમ છે જ નહિ.

જોર્જ બર્નાર્ડ શૉ એ એક જગ્યાએ લખ્યું છે કે : દરેકના જીવનમાં બે દુ:ખદ ઘટનાઓ હંમેશાં ઘટે છે. પહેલી વાત છે કે આપણને મનચાહી ચીજો મળતી નથી ને બીજી વાત એ છે કે એવી ચીજો મળી પણ જાય છે. વાત

ગુમાવવાની હોય કે પામવાની હોય તેમાં કંઈ ફેર પડતો નથી. બંને પરિસ્થિતિઓમાં માનવના મનમાં સંક્લેશનો જન્મ થતો જ રહે છે. ને તે સંક્લેશોની પીડા તેને ભોગવવી પડે છે જ. જેટલો તે વધુ સંપત્તિશાળી છે તેટલી વધુ પીડા તેને નસીબે ચોટે છે જ –

આત્માનુશાસનમાં આચાર્ય ગુણભદ્રે એક શ્લોક આપ્યો છે :

तृष्णागर्तः प्रतिप्राणी यस्मिन् विश्वमणूपमम् ।
कस्य किं कियदायति, वृथा वो विषयैषिता ॥

એટલે કે સંસારના હરેક પ્રાણીમાં તૃષ્ણાનો એવડો મોટો ખાડો મોજૂદ છે કે વિશ્વની સઘળી સંપત્તિ તેમાં નાખવામાં આવે તોયે તે ભરાતો નથી. ખાલી જ રહેવાનો. આવી પરિસ્થિતિમાં કોને, કેટલું આપવાથી સંતુષ્ટ કરી શકાય ? વિષયોની આશા અને તૃષ્ણા સદૈવ બધાને દુ:ખી બનાવે છે. ભોગો અને આકાંક્ષાઓની તૃપ્તિ માટે, વિચારકોએ ત્રણે લોકોની સંપદાને પણ અધૂરી-અપર્યાપ્ત માની છે, સંતોષરૂપી અમૃત પીવાથી જ જ્ઞાન-આનંદ ને સંતોષની ઉપલબ્ધિ શક્ય બને છે, પ્રાપ્ત થાય છે.

ગીતામાં પણ કર્મબંધનથી બચવાનો ઉપાય બતાવતાં અ. ૪ની ગાથા ૨૨માં કહ્યું છે કે : જે કંઈ સહજતાથી મળે તેમાં સંતોષ માનવાવાળો સાધક, જે હર્ષ અને વિષાદના દ્વંદ્વોથી રહિત છે તથા ઈર્ષાથી રહિત છે તથા પોતાના ભાવોની સિદ્ધિ-અસિદ્ધિમાં સમતાના પરિણામ જાળવી રાખે છે તે કર્મો કરતાં છતાં કર્મથી બંધાતો નથી.

વર્તમાનમાં સમાજવ્યવસ્થામાં ધન-વૈભવને ખૂબ મહત્ત્વ અપાય છે / મળ્યું છે. આજે તો જેની પાસે ધન છે તે જ કુલીન છે, તે જ વિદ્વાન છે, ગુણવાન છે. આમ सर्वेगुणाः कांचनमाश्रियन्ते નો ભારે મત ચાલે છે. જ્યાં ધનને આવી અકલ્પ્ય પ્રતિષ્ઠા મળી હોય, ત્યાં તેના ઉપાર્જનની ગાંડી દોડ અસ્વાભાવિક તો ન જ કહેવાય ! આપણી આવશ્યકતાઓની પૂર્તિ માટે ધનની જરૂરિયાત ઉપયોગી ગણાવી શકાય. પણ જે ધન આવશ્યકતાઓની પૂર્તિ કરી શક્તું નથી ને માત્ર આકુળતાઓ વધારે છે તે નિરર્થક છે. એટલે આવશ્યકતાઓથી વધારે ધનનો પણ કોઈ ઉપયોગ નથી. પ્રખર અર્થશાસ્ત્રી કૌટિલ્યે પણ કહ્યું છે કે, એટલી સંપત્તિ એકત્ર કરો જેથી તમારી સાંસારિક જવાબદારીઓ યોગ્યરીતે પાર પાડી શકો.

આ જ વાત જૈનાચાર્યોએ ઈચ્છા-પરિમાણવ્રતમાં બતાવી છે. દરેકે પોતાની ઈચ્છાઓ સીમિત કરવી ને તેને અનુરૂપ પરિગ્રહ રાખવો જોઈએ. અધિક સંપત્તિ માટે કોઈ વ્યામોહ યા આકાંક્ષા રાખવી નહિ. સામાન્ય ગૃહસ્થી

માટે સુખી જીવન જીવવા માટે એક ઉપાય છે કે તે પોતાની આવકના પ્રમાણમાં ખર્ચની જોગવાઈ કરે. તેમાં જ પોતાનાં બધાં સંસારી કામો પૂર્ણ કરવાનો સંકલ્પ કરે. આવક કરતાં જાવક વધુ હશે યા કરાશે તો જીવનમાં અશાંતિ અને ચિંતા રહેવાની જ, કપડું જોઈ વેતરવું તેવી વૃદ્ધોની શીખ છે. સમતોલ બજેટ રાખવું તે પણ એક કલા – આવડત છે. તેવી કલાનો ઉપયોગ કરાય તો જીવનમાં આનંદઆનંદ અને પૂરા પરિવારમાં પૂર્ણ શાંતિનો અનુભવ થતો રહે છે. આ જ ડહાપણ છે, આને જ સાચો ગૃહસ્થધર્મ કહ્યો છે.

મુસ્લિમ સંત રહીમે પણ ખુદાને આવી જ પ્રાર્થના કરી હતી કે,

સાંઈ ઈતના દીજીએ, જામે કુટુંબ સમાય;
મૈં ભી ભૂખા ના રહું, સાધુ ન ભૂખા જાય.

જેના જીવનમાં આવા ભાવ ઊતરે ને ઈશ્વરની મહેરબાની પણ તે મુજબ વર્ષે તો તે ભયરહિત છતાં સન્માનપૂર્વકનું જીવન જીવી શકે છે. કબીરજી તો તેથી આગળ જઈ કમાલને લખે છે :

ચાર ગઈ, ચિંતા મિટી, મનુવા બે-પરવાહ;
જિનકો કછુ ન ચાહિયે, સો સાહનપતિ શાહ –

આકિંચન્ય ધર્મના ધારક પરમાત્મા બની શકે છે.

પરિગ્રહની લાલસા ઉપર કાબૂ કરવાનો ઉપાય છે માત્ર સંતોષ. પરિગ્રહથી જ મોહ વધે છે ને તૃષ્ણાની જ્વાલાઓ ઉપર ઉપર ઊઠે છે. તેથી દરેકે પોતાની ઈચ્છાઓ અને આવશ્યકતાઓને મર્યાદિત કરવી જોઈએ ને તેમ થતાં સુખનો અનુભવ થવાનો સંભવ છે. આપણા ઋષિ-મુનિઓએ આપણને અજ્ઞાનમાંથી જ્ઞાનમાં જવા, અંધકારમાંથી પ્રકાશમાં પ્રવેશવા અને મરણથી છૂટી અમર બનવાની ઘણી શીખ આપી છે, પણ કમનસીબે સંસારી મોહી જીવોની પરિગ્રહપ્રિયતા એટલી બધી વધી ગઈ છે કે આ થકાવનારી, જીવ તોડનારી ખોટી દોડનો અંત ક્યારે આવશે તે એક પ્રશ્ન છે.

બે હજાર પહેલાં જૈનાચાર્ય સમન્તભદ્ર સ્વામીએ રત્નકરંડ શ્રાવકાચારની ગાથા ૨૫માં કહ્યું છે કે, જો જીવનમાં પાપનો નિરોધ થઈ ગયો છે તો પછી બીજી સંપદાની શી આવશ્યકતા. અને જીવનમાં પાપનો આશ્રવ થઈ રહ્યો છે તો ગમે તેટલી સંપદાથી એ જીવનનો કોઈ ઉત્કર્ષ સંભવ નથી. પાપ સાથે આવનારી તમામ સંપત્તિ આપણને દુર્ગતિના ઊંડા ખાડામાં નાખશે. એક વિડંબના છે કે જે વસ્તુ આપણને પ્રિય છે, જેના પર લોભ થયા વિના રહેતો નથી તેની વાસ્તવિકતાને આપણે જોતા નથી. તેને બુરાઈઓ તરફ આપણે નજર કરતા જ નથી, પરિગ્રહ જોડવાનું શીખ્યા, અનેક ભવો સુધી તે ટકે તેના

ઉપાયો જાણ્યા પરંતુ એ પરિગ્રહના ગેરલાભની જાણકારી આપણને નથી. બીમાર માણસ રોગને જાણે, દવા કરાવે, ચરી પાળે તો કદીક નીરોગી બની શકે પણ જે રોગને રોગ જ ન માને ને ઊલટા હું તો નીરોગી છું નો ગર્વ કરે તે કદીએ ઉપાય કરવાનો નથી. તે નીરોગી બનવાનો નથી. સ્વયં ધન્વંતરિ પણ આવા જીવોને સ્વસ્થ નહિ બનાવી શકે. પરિગ્રહ બાબતમાં પણ આ જ વાત છે. મોટાઈના – દંભના રક્ષણ કાજે આપણે પરિગ્રહની પરિભાષા બદલી નાખી છે. તેને પાપોની યાદીમાંથી અલગ કરી દીધી છે. તેને કોઈ પાપ ગણતું નથી, ને જે ગણે છે કે ગણાવે છે તેની વાત કોઈ સાંભળવા તૈયાર નથી. આજે સર્વત્ર પરિગ્રહને ''પુણ્યનું સોહતું ફળ'' માનવા-મનાવવામાં આવે છે.

હવે આ બધું શક્ય અને સુલભ બની ગયું છે, કારણ કે પરિગ્રહ સૌને ગમે છે. આજે સૌએ પરિગ્રહને જીવનનો આધારસ્થંભ અને બધી જ મહાનતાઓનો માનદંડ માની લીધો છે. જે હિંસક અને ક્રૂર છે તે હરદમ સમાજથી તિરસ્કૃત હોવાનો. જૂઠા અને ચોરોને આપણે નજીદીક આવવા દેતા નથી ને કુશીલ હંમેશાં નિંદાને પાત્ર હોય છે પરંતુ પરિગ્રહ (પાપહોવા છતાં)ની બાબતમાં અમારા નિયમ ને અમારા બાટ અલગ છે. જેને સૌથી વધુ ભેગું કરી મૂક્યું છે તેને સૌથી ઊંચું આસન સૌ આપે છે. તેના ગળામાં તેટલી મોટી ગુચ્છાદાર માલા નાખીશું. અમારી લોલુપતાએ એવું વાતાવરણ સરજ્યું છે કે પાંચ પાપ માત્ર શાસ્ત્રોમાં લખેલાં રહ્યાં છે. વ્યવહારમાં માત્ર ચાર જ પાપ કહેવાય છે. પરિગ્રહ હવે પાપ નથી રહ્યું. હવે તો તે પુણ્યનું ફળ છે. જેમ તે વધે છે તેમ તેનો ધારક મોટો પુણ્યશાળી સમજવામાં આવે છે.

જો આપણે આપણા અસ્તિત્વ અને વ્યક્તિત્વને નિષ્પાપ બનાવવા ઈચ્છતા હોઈએ તો અમોએ પરિગ્રહની ચાલુ પરિભાષામાં બદલો કરવો પડશે. પરિગ્રહના તીક્ષ્ણ ડંખને ઓળખવો પડશે. પરિગ્રહપ્રિયતાથી પ્રાપ્ત માનસિક ઉપાધિઓને દૃષ્ટિમાં લેવી પડશે અને પરિગ્રહની મર્યાદાઓને સમજી લેવી પડશે. ઘણા એવું વિચારે છે/માને છે કે, તેમની પાસે પર્યાપ્ત મૂડી છે એટલે તે ગમે તે ચીજ ખરીદી શકે છે. આ જાતનો વિચાર પ્રાયઃ ઠીક પણ લાગે છે, કારણ કે આજે સૌનો અનુભવ છે કે પૈસાથી આજે સઘળું ઉપલબ્ધ કરી શકાય છે. આદમીનાં તન તથા મન, અરે તેનાં અરમાન અને ઈમાન પણ બજારું પદાર્થોની જેમ વેચી-ખરીદી શકાય છે, પરંતુ હકીકત કંઈક જુદી છે. આજે પણ એવું ઘણું છે જે પૈસાના બળે ખરીદી શકાતું નથી. ઉદાહરણ (૧) ધનથી વસ્તુ ખરીદાય છે પણ તૃપ્તિ નહિ, (૨) સંપદાથી સાધનો મળશે સંતોષ નહિ, (૩) ભોજન ખરીદી શકાશે પણ ભૂખ નહીં, (૪) દવાઓ મેળવી શકાશે

પણ તંદુરસ્તી નહિ, (૫) હર્ષ અને ખુશી કદાચ ખરીદી લેવાશે પણ અંતરનો આનંદ કદીએ નહીં. પરિગ્રહની આ અશક્તિ દૃષ્ટિમાં – સમજમાં આવે તો તેની તુચ્છતાનો બોધ થઈ શકે, જોડવાનું અને જોડતા રહેવાનું ચાલુ રહેવા છતાં તે ધૂન કદીએ અને ક્યાંયે કોઈને સંતોષી ને સાચો સુખી બનાવી શકી નથી. પરિગ્રહે કદી તૃપ્તિ આપી નથી. તે હંમેશાં પ્યાસ જ જગાવે છે. જેના ફળમાં આકુળતાઓ જ જન્મે છે, પણ અનાકુલતાનાં દર્શન સદાયે દુર્લભ બન્યાં છે, પરિગ્રહની લાલસા આદમીને દોડાવે છે બહુ, પણ તે ક્યાંયે પહોંચાડતી નથી. આ છે પરિગ્રહની નગ્ન સત્યતા-વાસ્તવિકતા !

પરિગ્રહ અમારાં દુઃખોનું ખરું કારણ નથી, ખરું કારણ તો છે મનમાં ઊઠતી-ઊડતી-તડફતી આકાંક્ષાઓ. મનમાં જે આશા અને તૃષ્ણા ઊગે છે તે બંને વડે દુઃખોનો પાક તૈયાર થાય છે. આકુલતાઓનો ઢેર ખડો થઈ જાય છે. તેથી જો પીડા ઓછી કરવી હોય તો પરિગ્રહ છોડતાં પહેલાં પરિગ્રહ પ્રત્યે આપણા મનમાં પડેલી મૂર્છા છોડવી પડશે. જો ઇચ્છાઓ સીમિત-બને/બનાવાય તો આકુલતાઓનો દાયરો પણ સંકોચાઈ જવાનો. આકાંક્ષાઓ જ જીવનની સરિતામાં પાપનાં પ્રદૂષણ ફેલાવે છે. તે પાપો પર અંકુશ લગાવાય તો પેલી ધારામાં નિર્મલતા દૃષ્ટિગોચર થાય. જે લોકો પરિગ્રહની આસક્તિ છોડ્યા વિના પરિગ્રહનાં પોટલાં દૂર મૂકે છે તેમના મનના સંક્લેશ ઘટતા નથી, અરે વધતા જાય છે. એક કવિએ ઠીક કહ્યું છે કે,

ગેહ તજયા તો ક્યા તજ્યા, રાગ તજ્યા નહિં વીર;
સાપ તજે જ્યોં કાંચળી, વિષ નહિં તજે શરીર.

આજે સંસારમાં પુણ્ય ફળ અને પુણ્ય કર્મની બાબતમાં અનેક ભ્રાંત માન્યતાઓ પ્રચલિત બની બેઠી છે. કર્મ શુભ અને અશુભ છે તેમને જ પુણ્ય અને પાપ કહે છે. પરંતુ શાસ્ત્રોમાં કે બીજે ધન-સંપદા દેવાવાળું કોઈ કર્મ યા પ્રારબ્ધનું વર્ણન જોયું નથી. સારા સંયોગો, અનુકૂળ પુરુષાર્થથી સંપત્તિ મળે છે, બની રહે છે ને વધે પણ છે. તેનાથી વિપરીત-ઊલટા સંયોગોને કારણે ઘટે છે, નાશને પામે છે. આમ તેનો પુણ્ય સાથે સીધો સંબંધ નથી. ધન-સંપદાની પ્રાપ્તિ ઘણા લોકો પાપમાર્ગોથી પણ કરે છે, આજ સમાજમાં અનૈતિકતાનો અતિરેક સર્વત્ર દેખાય છે તે અધિકતર અનૈતિક કમાઈનું જ પરિણામ છે, જુગાર, વેશ્યાવૃત્તિ, લૂંટફાટ, ડકેતી, રાષ્ટ્રદ્રોહ, સ્મગલિંગ ને આવાં અનેક અનૈતિક કાર્ય, અવૈધાનિક પ્રયત્નોથી ધનાદિ પ્રાપ્ત થાય છે. તેમને પુણ્યનાં ફળ કેવી રીતે કહેવાય ? પુણ્ય અને પાપની પરિભાષાને જન, જમીન અને ધનવૈભવ સાથે જોડતાં અનેક પ્રકારની વિસંગતિઓ ઊભી થયેલી લાગશે.

જેમકે ધનપતિ અધિક પુણ્યાત્મા અને ત્યાગી-સંન્યાસી, જેમની પાસે કોઈ સંપદા, ધનાદિ નથી તે કમ પુણ્યાત્મા ગણવા પડશે, જરા સમજો. પુણ્યનું ફળ પદાર્થોનો સંયોગ નથી ને પાપના ફળમાં સાધનસામગ્રી જતી રહે તેવું નથી. તેની ખરી પરિભાષા એ છે કે પુણ્યના ઉદયમાં આપણે સુખી ને સંતોષી હોઈએ છીએ. પુણ્ય પ્રસન્નતા અને આનંદ લાવે છે / અનુભવાવે છે, તેનાથી ઊલટું પાપોદયમાં અસંતોષ અને દુઃખ હોય છે અને અનેક ચિંતાઓ/ આકુલતા/વિષાદ અને શોકનો અનુભવ થાય છે.

પુણ્ય પાપનું ગણિત બહુ જ સરલ છે. બધા માટે શુભ ચિંતન કરવાથી, શુભ કાર્યો આદરવાથી, પોતાના જીવનને નિષ્પાપ અને પવિત્ર રાખવાથી પુણ્યની પ્રાપ્તિ થાય છે. જેનું ફળ ભાવિમાં ઘણું જ સારું, હિતકારી મળે છે. તેનાથી ઊલટું અશુભચિંતન, અશુભકાર્યો અને અપવિત્ર અને ઉચ્છૃંખલજીવન જીવવાથી પાપની પ્રાપ્તિ થાય છે, ને તેના પરિપાકમાં દુઃખ, ગ્લાનિ વગેરે છે. છતાં વિચિત્રતા એ છે કે આખું જગત ને તેના જીવો પુણ્યનો પાક લેવા તો ચાહે છે પણ પુણ્યનાં બીજ વાવવાના પ્રયત્નો કરવા તૈયાર નથી. જેવું વાવશો તેવું લણશો એ કહેવત સૌ જાણે છે, બોલે છે ને બીજાને કહે છે પણ ખરા. પરંતુ મોકાના સમયે તે યાદ રાખતા નથી ને બોલ્યા વિરુદ્ધનું વર્તન કરીએ છીએ.

જીવોએ દરેક જન્મોમાં પાપનાં બીજ જ વાવ્યાં છે ને ફળરૂપે હરેક જન્મમાં દુઃખો, ક્લેશ અને વિપત્તિઓનો પાક લણ્યો છે, આ પાપવીરોનાં નામ છે : હિંસા, જૂઠ, ચોરી, કુશીલ અને પરિગ્રહ. આ પાંચ પાપ સુભટોનો સંગ છોડાય તો પંચ-અણુવ્રતરૂપ પવિત્ર ભૂમિની માલિકી આપણને પ્રાપ્ત થાય જ, અને પછી તો પુણ્યનો પાક શાતા, સંતોષ અને સગવડો રૂપે મળતો જ રહેવાનો, આગળ જતાં આ ભૂમિકાથી આગળ આત્મપરિચય સુધી પહોંચાય છે. ત્યાં આત્મા-પરમાત્માની કૃપા મળી જાય છે ને તેનું પ્રશાંત સાનિધ્ય આનંદમગ્ન બનાવે છે.

પરિગ્રહનો અર્થ છે કે પોતાને બહારમાં ફેલાવવો. પોતાને પારકા સાથે જોડવો. જ્યાં આપણે નથી ત્યાં હોવાથી કલ્પના કરવી. જે મારું નથી તે બધાને મારા-તારાની કલ્પનાથી બાંધવા, પોતાના માનવા. વિસ્તાર ફેલાવું સૌને ગમે છે. દુકાનદાર દુકાનો વધારતો જાય છે. જ્યાં પહોંચાતું નથી ત્યાં જાહેર ખબરો દ્વારા દોડી જાય છે. કલાકાર, વક્તા અને અન્ય ધંધાદારી એમ સૌ ફેલાવ કરતા રહે છે, પૂરો સંસાર આ જ કામમાં મસ્ત છે, વ્યસ્ત છે. પણ સંતો કહે છે ભાઈ, જરા સબૂર કર. સમેટવું એ જ ખરી ને મોટી કલા છે,

હર ફેલાવનું અંતિમ લક્ષ સમેટવું જ હોય છે. વિસ્તારમાં શ્રમ છે, વિકલ્પ છે. સમેટવામાં – કોઈ ઊહાપોહ નથી – આશંકા નથી. વેપારી રાત્રે દુકાન સમેટી ન લે તો તે સૂઈ જ ન શકે, બહારથી અંદર આવ્યા વિના આરામ આપવો કે લેવો શક્ય નથી. વક્તાનો વિસ્તાર શ્રોતાને સ્વ-અભિપ્રાયના કેન્દ્રમાં લાવવાનો પ્રયાસ છે. સારા વિસ્તારને સમેટી મૂળ વિષય ઉપર સમાપન તે જ વક્તાની સાર્થકતા છે.

મેં અસંખ્ય પદાર્થોથી રાગ કરીને મારી જાતને ખૂબ લાંબી-પહોળી બનાવી છે. જે ગયું, જે સમાપ્ત થયું, જે ભૂતકાલીન છે, જે અતીત બની ગયું છે તેના કેટલા રાગદ્વેષ મારા મનમાં ખડકાયા છે ! વર્તમાનમાં તો મારી આકાંક્ષાઓની કોઈ મર્યાદા નથી. જગતની સઘળી સંપત્તિ મારા પોતા માટે સુરક્ષિત બનાવીને પણ હું સંતુષ્ટ બનીશ તેવી કોઈ ગેરંટી નથી. અને ભાવિ માટે એટલી કલ્પનાઓ મારી પાસે એકઠી થઈ છે કે તેની ગણતરી કરવા માટે મારો આ જન્મ પણ નાનો પડે. રાત વીતી જશે પણ સ્વપ્ન પૂરું થનાર નથી. કામનાઓનો આ વિસ્તાર જ વાસ્તવિક પરિગ્રહ છે. જીવનમાં નિરાશા અને અશાંતિનાં ઝરણાં આ વિસ્તારમાંથી ફૂટે છે. ભવના તમામ ક્લેશ આમાંથી જન્મે છે.

અસીમ આકાંક્ષાઓને વશ બની, કામનાઓની મહાજ્વાળાઓથી દઝાતા, મેં મારો વિચિત્ર સંસાર વસાવ્યો છે. પરંતુ તે દ્વારા મનને સુખનું જરાયે સંવેદન પ્રાપ્ત થયું નથી. ઊલટું એની રક્ષાની આકુળતા, અને અધિક પામવાની લાલસા મારા મનને નિરંતર દાહ દીધે રાખે છે. શું સંપદાને સંતોષ જોડે કોઈ સગપણ છે ? શું ઐશ્વર્ય જોડે અનાકુલતાને દૂરનો યે કોઈ સંબંધ છે ? ના. અપ્રાપ્તને પામવાની લાલસાની દાઝ બહુ દુ:ખદ છે. અને મનપસંદ પ્રાપ્ત થતાં તેને કાયમ ટકાવી રાખવાની ચિંતા તેનાથીયે વધુ દુ:ખદાયક છે; કારણ કે તે દાહ અનંત છે, આ જ દાહ સંસારનું મોટામાં મોટું દુ:ખ છે, નાનામોટા, મૂરખપંડિત, ધનીભિખારી એમ સૌ આ પીડાથી પીડિત છે. આમાં સૌ બળી રહ્યા છે. ક્લેશ ઉત્પન્ન કરનારી અનંત આકાંક્ષાઓ સર્વના મનમાં ચક્કર કાપે છે પણ નિરાકુલતા અને સુખશાંતિનો જન્મ દેનાર કોઈ સંતોષ કોઈની પાસે નથી. અનાસક્તિ અને સંતોષ વિના સુખની કલ્પના કરવી જ અસંભવ છે – અશક્ય છે. આપણી કલ્પનાઓના વિસ્તારને સમેટ્યા વિના શાંતિ-શાતાની પ્રાપ્તિ તદ્દન અસંભવ છે.

પણ જે નિર્ણય કરી લે છે તેમના માટે સમેટવું સહજ અને સહેલ છે. આશંકા અને ચિંતાઓ તો ફેલાવાની ક્રિયા વખતે થાય છે. સમેટવામાં જરાયે

ચિંતા કે આશંકા નથી. વિસ્તાર છે બહારની યાત્રા. જ્યારે સમટેવું તે અંદરની/અંતરની યાત્રા છે. કાચબો બહારની હવા ને ધૂપ લેવા પોતાનું શિર પાણીની બહાર કાઢે છે. જરાક અવાજ આવ્યો કે તરત જ ડૂબકી લગાવી લે છે, પોતાના ઘરમાં-કાયમી નિવાસમાં જવામાં ન ભય છે, ન ચિંતા છે, ન આકુલતા છે.

હજુએ તક છે, સમય છે પોતાને સમેટી લેવાનો. ફેલાવનાં દુષ્ફળોમાંથી પોતાને બચાવી લેવો હજુ અશક્ય નથી. આકુળતા, અસંતોષ, અસુખ, અશાતાથી ઊગરી જવું હોય તો લાંબા-પહોળા થવાના ભૂંડા ભાવ વહેલી તકે છોડો. મહાવીર પણ બહાર ને અંદરથી ખાલી થયા ત્યારે મહાવીર થયા હતા. તેથી જે જે જીવો સમેટી શકે છે, સમેટે છે તે માનવ-મહાત્મા બને છે ને બીજાને તે ઉત્તમ માર્ગ બતાવી શકે છે ને તે જ મહાપુરુષ છે.

જડ અને ચેતન પદાર્થોની બનેલી આ સૃષ્ટિના આપણે સૌ એક અંગ છીએ. ઈશ્વરત્વની બધીય શક્તિઓ પોતામાં રાખતો હોવા છતાં, વિકારી બની સંસારમાં ભ્રમણ કરે છે. પણ આમ વિકારી થઈ સંક્લેશિત રહેવું તે આપણો સ્વભાવ નથી. સુખ અને દુઃખ બંને માનસિક રોગ છે. જો કોઈ પ્રકારે પોતાના ઐશ્વર્યશાળી સ્વરૂપને ઓળખી લઉં, પોતાનામાં થતા રોગ જેવા વિકારોને જાણી લઉં, અને આ વિશ્વની અદ્‌ભુત વ્યવસ્થાનું સાચું રૂપ સમજી લઉં તો વિકારો અને વાસનાઓમાંથી પોતાને સમેટવું આસાન અને સુલભ છે. કુરુક્ષેત્રના મેદાનમાં અર્જુનને શ્રીકૃષ્ણે મોહનિદ્રામાંશી જગાડ્યો હતો તે અવિદ્યા-અજ્ઞાન, સાચી દૃષ્ટિનો અભાવ જ હતો, તે જ દૃષ્ટિ-હીનતાનું નામ છે મિથ્યાત્વ. જે બધા જ અનર્થનું મૂળ છે. આની કાળી છાયા – ગાઢ ...કાર હટાવ્યા વિના, મનુષ્ય સર્વને, વિશ્વને અને પોતાને પણ જાણી – ઓળખી – જોઈ શકશે નહિ – શકતો નથી.

સ્વપર વિજ્ઞાનનો પ્રકાશ ફેલાતાં જ અવિદ્યાનો અંધકાર અવશ્ય ટળે છે. આ વિજ્ઞાન પ્રાપ્ત કરવા સંતોએ સૌ પ્રથમ માયા ઉપર પ્રાણઘાતક આઘાત કરવાની શીખ આપી છે. જીવને છેતરી, વિકારી બનાવનાર આજ મોહમયી માયા છે. માયાની ઈંદ્રજાળમાં ભલભલા સાધકો ફસાયા છે – ભટકી ગયા છે. તેથી સ્વના હિત માટે સ્વને જાણવા માટે માયાને જાણો ને તેને છેદો.

સર્વમાન્ય ધર્મ

(ચોપાઈ)

ધર્મતત્ત્વ જો પૂછ્યું મને, તો સંભળાવું સ્નેહે તને;
જે સિદ્ધાંત સકળનો સાર, સર્વમાન્ય સહુને હિતકાર.
ભાખ્યું ભાષણમાં ભગવાન, ધર્મ ન બીજો દયા સમાન;
અભયદાન સાથે સંતોષ, દ્યો પ્રાણીને, દળવા દોષ.
સત્ય શીળ ને સઘળાં દાન, દયા હોઈને રહ્યાં પ્રમાણ;
દયા નહીં તો એ નહિ એક, વિના સૂર્ય કિરણ નહિ દેખ.
પુષ્પપાંખડી જ્યાં દુભાય, જિનવરની ત્યાં નહિ આજ્ઞાય;
સર્વ જીવનું ઇચ્છો સુખ, મહાવીરની શિક્ષા મુખ્ય.
સર્વ દર્શને એ ઉપદેશ, એ એકાંતે, નહીં વિશેષ;
સર્વ પ્રકારે જિનનો બોધ, દયા દયા નિર્મળ અવિરોધ !
એ ભવતારક સુંદર રાહ, ધરિયે તરિયે કરી ઉત્સાહ;
ધર્મ સકળનું એ શુભ મૂળ, એ વણ ધર્મ સદા પ્રતિકૂળ.
તત્ત્વરૂપથી એ ઓળખે, તે જન પહોંચે શાશ્વત સુખે;
શાંતિનાથ ભગવાન પ્રસિદ્ધ, રાજચંદ્ર કરુણાએ સિદ્ધ.

– શ્રીમદ્ રાજચંદ્ર

कैला
ज्ञ
कोबा